A HAND ROSARY OF ESSAYS.

3RD COLLECTION.

Bead No. 1.........Officer.
Bead No. 2.........Sirashtedar.
Bead No. 3.........Servant.

By

K. R. Nanjiani, B. A.
(Dy. Educational Inspector, Kaira-District.)

Second Edition.

નિબંધ કરમાળા.

સમુદાય ૩ જો.

મણકો ૧ લો..............અમલદાર.
મણકો ૨ જો સિરસ્તેદાર.
મણકો ૩ જો ચાકર.

રચનાર,

કરમઅલી રહીમ નાનજીઆણી. બી. એ.
માજી ડેપ્યુટી એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર, ખેડા જીલ્લા.
એજ્યુ. ઇન્સ્પેક્ટર, કચ્છ ઇત્યાદિ.
વિચારૂપીવાડી, ગુજરાતનો વાર્તારૂપે ઇતિહાસ,
Algebrical Problems, હીરાકણી ઇત્યાદિના કર્તા.

(બીજી આવૃત્તિ)

સંવત ૧૯૭૭ સને ૧૯૨૦

કાચું પૂઠું કીંમત રૂ. ૧)
પાકું શોભિતું પૂઠું રૂ. ૧ા

A HAND ROSARY OF ESSAYS.

3RD COLLECTION.

Bead No. 1.........Officer.
Bead No. 2.........Sirashtedar.
Bead No. 3.........Servant.

By

K. R. Nanjiani, B. A.
(Dy. Educational Inspector, Kaira-District.)

Second Edition.

નિબંધ કરમાળા.

સમુદાય ૩ જો.

મણકો ૧ લો..............અમલદાર.
મણકો ૨ જો સિરસ્તેદાર.
મણકો ૩ જો ચાકર.

રચનાર,

કરમઅલી રહીમ નાનજીઆણી. બી. એ.
(ડેપ્યુટી એજ્યુકેશનલ ઇન્સ્પેકટર, ખેડા જીલ્લા.)

વિચારૂપીવાડી, ગુજરાતનો વાર્તારૂપે ઇતિહાસ
Algebraical Problems, હીરાકણી ઇત્યાદિના કર્તા.

(બીજી આવૃતિ)

સંવત ૧૯૭૭ સને ૧૯૨૦

કાચું પૂઠું કીંમત રૂ. ૧)
પાકું શોભિતું પૂઠું રૂ. ૧ા

સુરત ખપાટીયા ચકલા લક્ષ્મીનારાયણની વાડીમાં
આવેલા 'જૈન વિજય' પ્રિન્ટીંગ પ્રેસમાં મુલચંદ
કસનદાસ કાપડીઆએ છાપ્યું અને
કરમઅલી રહીમભાઇ નાનજીઆણી બી.
એ. એ માજી એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટરે
કચ્છકેરાથી પ્રકટ કર્યું.

પ્રસ્તાવના.

પહેલા સમુદાયની સાત અને બીજાની ત્રણ આવૃત્તિઓ થઇ છે હવે આ ત્રીજો કેટલે દરજ્જે લોક પ્રિય થાય છે તે સમય દેખાડી આપશે. પહેલા બે સમુદાયના કરતાં એમાં ચિત્તાકર્ષક તત્ત્વ વિશેષ છે એમ થોડાંજ પાનાં વાંચ્યાથી જણાઇ આવશે, કેમકે વ્યવહારમાં ઉપયોગી થઇ પડે તેવાં પુષ્કળ ઉદાહરણો આપવામાં આવ્યાં છે.

કરમઅલી રહીમ નાનજીઆણી.

બીજી આવૃત્તિ વાંચનાર સમક્ષ મૂકતાં આનંદ ઉપજે છે. કાગળ તથા છપાવવાના ભાવમાં કેટલો મોટો ઉછાળો થયો છે તે સૌના જાણવામાં છે અને તેને અનુસરીને પુસ્તકની કીમત વધારવાની ફરજ પડી છે.

કચ્છ-કેરા.
તા. ૮-૯-૨૦.

કે. ર. ના.

Respectfully dedicated

To,

J. K. N. Kabraji Esqr.

Bo. C. S.

COLLECTOR, SURAT.

In token of sincere regard for His manifold amiable qualities, genuine love for Literature & intense unceasing zeal for the public weal.

By his admirer, the author.

શુદ્ધિપત્રક.

પૃષ્ઠ.	લીટી.	અશુદ્ધ.	શુદ્ધ.
૧	૭	માણુસ	માણુસો
૨	૧	પ્રથમ	પ્રથમ
૭	૧૬	ખાશ	ખાસ
૮	૪	ઉલટું	ઉલટું,
૯	૨	બીલકુલ	બીલકુલ
૯	૨૬	જેની	જેના
૧૧	૬	ભુલ	ભૂલ
,,	૧૧	ફુટાય	ફુટાય;
૧૨	૪	તેના.	તેના
,,	૯	નુકશાન	નુકસાન
૧૩	૧૨	રાત્ર	રાત્રિ
,,	૧૩	હીંદ	હિંદ
૧૫	૨૨	નથી	હાજર છે
૧૯	૧૨	રૂપીઆ	રૂપીઓ
,,	૨૪	કુટીલ	કુટિલ
,,	૨૭	દફતર	દફતરદાર
૨૧	૧૭	કબ્ર	કબ્રસ્તાન
૨૭	૨	લુન	લૂન
,,	૧૭	પાછો	પાછા
૨૮	૨૧	ઘણું કરી	કેટલીક વાર
૨૯	૨૪	ઓને	ઓની
૩૧	૧૫	ઔરંગજેબ પછી 'બદલ' જોઇએ	
૩૨	૬	તેમાં	તેમાં
,,	૧૫	અંને	અને
૩૩	૧૦	તાલ	તાવ
,,	૧૪	ગમોતરૂ	ગામોતરૂં
૩૪	૧૩	પુઠ	પૂઠ
,,	૨૫	ક્યાં	ક્યાં
,,	૨૮	પ્રિતિ	પ્રીતિ
૩૯	૩	આપ્રમાણિક	અપ્રમાણિક
,,	૨૦	બીલકુલ	બિલકુલ
૪૧	૨૧	શિખામણ	શીખામણ
૪૨	૪	સાંભળી	સાંભરી

પાંચ શબ્દો બે વાર છપાયા છે.

પ્રથમ ગ્રાહક થઈને ઉત્તેજન આપનારનાં નામ.

	પ્રત.
ઓનરેબલ સર ઈબ્રાહીમ રહમતુલ્લા, સી. આઈ. ઈ. મુંબઈ	૨૫
સુરતના કલેક્ટર મે. જહાંગીરજી કે. કાબરાજી સાહેબ સુરત	૧૫
દેવગઢ બારીઆના મે. દીવાન સાહેબ	૧૦
શેઠ કાસમઅલી જેરાજભાઇ J. P. પેડરરોડ મુંબઇ	૫
મે. હેડ માસ્તર સાહેબ મારફત	
Boy's Library, હાઇસ્કૂલ, જામનગર.	૨
High School Library, Jamnager	૧
Mr. A. L. Attaria B. A. Hon. Secretary Bohra Library, Jamnager	૧
શેઠ અરદેશર જે. લાલ કાકા નવરોજજી બિલ્ડીંગ, મીરજાપુરરોડ, અમદાવાદ	૧
શાહ મોતીચંદ રણછોડદાસ, એજંટ, બી. એ. એન. કંપની' કચ્છ તુણાં બંદર	૧
ઠક્કર શેઠ મોનજી ગાંગજી, મુ. રીહા (કચ્છ)	૧
શેઠ ઉસમાન બચલ, ખુડખુડીઆ હેડ માસ્તર, મુસલીમ હાઇસ્કુલ, પંચગની, જીલ્લે સતારા	૧
શેઠ બંદાલીભાઈ હાજી લાલજી મુંબઇ	૧
જનાબ હકીમ અબ્દેરહમાન યુસફ, કચ્છમાંડવી	૧

વિદ્યમાન ગુર્જર ગ્રંથકારો.

સમાલોચક. (અકટોબર–ડીસેમ્બર ૧૯૦૫.)

ખા. સા. કરમઅલ્લી રહીમઅલ્લી નાનજીઆણી બી. એ.

મુંબઇ અને બહારગામ વેપાર રોજગારમાં સુપ્રસિદ્ધ થયેલી ખોજા કોમમાં ખાનસાહેબ કરમઅલ્લી નાનજીઆણી બી. એ. નો જન્મ સને ૧૮૫૫ ની સાલમાં થયો હતો. એ વખતે નવી કેળવણીનો ઉદય થતો હતો, અને કેટલાંક સમજુ માબાપો પોતાના બાળકોને તેનો લાભ આપવાને બહાર પડતાં હતાં. ખાન સાહેબનાં માબાપોએ પણ તેવી હોંસ બતાવીને મી. કરમઅલ્લીને નવી કેળવણી લેવા તરફ પ્રેર્યા. નાનપણથીજ ચતુર ચાલાક વૃત્તિવાળા હોવાથી તેઓ અભ્યાસમાં ખંત દેખાડવા લાગ્યા. દરેક વસ્તુને સારાસાર વિવેક દ્રષ્ટિથી નિરખવા માંડી; તેર વર્ષની વયે તેમને આ વિવેક બુદ્ધિને અનુસરીને એવો વિચાર આવ્યો કે, 'માંસ ભક્ષણ કરવું એ ઘાતકી અને ક્રૂર કર્મ છે.' ખાનસાહેબે આ વિચારથી માંસભક્ષણનો ત્યાગ કર્યો. અર્થાત્ થોડા માણસોને આવું જ્ઞાન સ્વતઃ થાય છે, અને જેઓને સ્વતઃ દરેક વસ્તુને માટે વિવેક બુદ્ધિ ઉત્પન્ન થાય છે, તેઓ બીજાઓનાં કરતાં વધારે ફળદ્રુપ મગજના હોય છે એમાં તો શંકા નથી. હૃદયમાંથી જ્ઞાનનો ઉછાળો આવે, એ મોટું ધનભાગ્ય ગણાય. ખાન બહાદુરના બાલ્યમાં તેમને થયેલું ઉપલું વિવેકી જ્ઞાન આવા ધનભાગ્યનું એક ઉત્તમ દ્રષ્ટાંત છે.

નાનપણથી આ પ્રમાણે બુદ્ધિનો પ્રભાવ દેખાડતા તેઓ હોંસે હોંસે અભ્યાસમાં આગળ વધતા ગયા અને સને ૧૮૭૩માં મુંબઇ યુનીવર્સીટીની મેટ્રીક્યુલેશનની પરિક્ષામાં પસાર થયા. કોલેજનો અભ્યાસ શરૂ કરતાં તેમણે ગોઠીઆઓમાં અભ્યાસનો શ્રમ ન જણાય તે માટે કેટલીક ગમ્મતની યોજનાઓ યોજી હતી. અન્યોન્યમાં પરિચય અને જ્ઞાન વધે એવા હેતુથી સોસાઇટીઓ કાઢી હતી. કોલેજનો અભ્યાસ આગળ વધારતા અને જુદા જુદા અભ્યાસીઓના પ્રસંગમાં જતા તેઓ લખવામાં ધીમા હોવાથી સને ૧૮૭૯માં બી. એ. ની પરિક્ષામાં પસાર થયા. બાલ્યથી માંડીને ગ્રેજ્યુએટ થયા ત્યાં સુધીમાં તેમણે પોતાની બુદ્ધિનો કેટલોક ચળકાટ તેમના પ્રસંગમાં જનારાઓને દેખાડયો હતો. ઘણાઓ તેમની નીતિવાળી ચાલચલણ તથા રીતભાતને વખાણી તેમના મિત્ર થતા હતા. એ પ્રસંગની કેટલીક

એવી વાતો છે કે જે તેમના મોટા જીવનચરિત્રમાં લેવાશે એ વાંચકોને કંઇક શિક્ષણીય પાઠ આપવાને પુરતી ગણાશે, પરંતુ અત્રે તેનો અવકાશ નહિ હોવાથી ગ્રેજ્યુએટ થયા પછીના અને ખાસ કરીને સાહિત્ય સબંધોના તેમના ચરિત્ર ઉપર બે અક્ષર લખવાનું યોગ્ય ગણાશે.

સને ૧૮૭૯માં ગ્રેજ્યુએટ થયા પછી તેઓ ૧૮૮૦થી ૮૨ સુધી આલ્ફ્રેડ હાઇસ્કુલ સાથે શિક્ષક તરીકે જોડાયા હતા. કેળવણી લઇને કેળવણીના વ્યવસાયમાં જીવન ગાળવાનું તેમણે પસંદ કર્યું. સાહિત્યની સેવાનો પણ એજ વખતથી આરંભ કર્યો કહીએ તો પણ ખોટું નથી. એક તરફથી શિક્ષક તરીકેનું કામ કરતા, બીજી તરફથી લોકજ્ઞાનને વધારવા અને સાહિત્યને ખીલવવા માટે ચોપાનીઆમાં અને વર્તમાનપત્રોમાં લેખો લખતા હતા. મહેરબાન જાઇલ્સ સાહેબે તેમનો લેખન ઉત્સાહ જોઇ કેળવણી ખાતા તરફથી ચાલતા શાળાપત્રમાં કંઇક લેખો લખવાની તેમને સૂચના કરી હતી. જે તેમણે મોટા ઉત્સાહથી ઉપાડી લઇ શાળાપત્રમાં અને બુદ્ધિપ્રકાશમાં શિક્ષણીય લેખો આપતા રહે છે. બુદ્ધિપ્રકાશ, શાળાપત્ર, કેળવણી, જ્ઞાનવર્ધક, અને સુપ્રસિદ્ધ "ગુજરાતી" વર્તમાનપત્રમાં તેમના લેખો નહિ જોયા હોય એવો વાંચક ગુજરાતમાં કોઇજ હશે. તે પછી તેઓ સરકારી કેળવણી ખાતા સાથે જોડાયા અને ગુજરાતના જે જે શહેરોમાં ગયા ત્યાં ત્યાં લોકપ્રિયતા મેળવી, અગત્યની કેળવણીના કાર્ય બજાવ્યાં. નડીઆદ, અમદાવાદ, ખેડા, ભરૂચ, પંચમહાલ અને ઉત્તર વિભાગનાં બીજા શહેરો તેમના દેશહિતકારી, કોમહિતકારી, અને કેળવણીને લગતાં કામોથી આજ તેમના નામને યાદ કરે છે. મુસલમાન કોમ જે હાલ કેળવણીના કામમાં ઘણી પછાત પડી ગયેલી છે, તેમાં કેળવણી પ્રસારવાને તેમણે સતત ઉદ્યોગ કરેલો, તેમના જીવનક્રમમાંથી જણાયાં વગર રહેતો નથી. મુસલમાનોની સાંસરિક જીંદગીની સુધારણા માટે ગુજરાતમાં તેમણે તેમનું કોન્ફરંસ ભરવાનો પ્રથમ યત્ન કર્યો હતો, તેમાં તેઓ સફળ થયા હતા. અમદાવાદમાં અને પંચમહાલમાં તેમનાજ શ્રમથી મુસલમાનોમાં કેળવણીનો વધારો થવા પામ્યો છે, એમ કહી શકાશે. પોતાના જ્ઞાનનો પોતાના જાતભાઇઓને બને તેટલો લાભ આપવો, એ તેમનો મુખ્ય હેતુ છે, સરકારી નોકરીના પ્રસંગમાં કેળવણી વધારવાનો, સાહિત્યને મદદ કરવાનો અને પોતાના જ્ઞાન તથા સદ્વિચારનો બીજાને લાભ આપવાનો સ્વાભાવિક રીતે તેમનેબહુ અવકાશ મળે છે.

હિંદુ અને મુસલમાનોમાં વગર ભિન્નભાવે જ્ઞાનનો બોધ કરવા માટે તેમજ વગર ભિન્નભાવે બેઉ કોમના ઉપયોગી કાર્યોને સુધારવા માટે તેઓ હમેશા શ્રમલે છે. એકવાર જીલ્લામાં ફરતા તેઓ ચાંપાનેર ગયા હતા. એ પ્રસંગે ત્યાં કેટલાક સાહેબ લોક એકઠા થયા હતા. પ્રાચીન દેવળો અને મસજીદોના જીર્ણોદ્ધારને માટે તેમણે તે સાહેબ લોકનું ધ્યાન ખેંચી સરકારમાં કેટલુંક લખાણ કર્યું હતું, અને ચાંપાનેરના ભિસ્માર હાલતના મંદિરો અને મસજીદોમાં તેમના શ્રમથી મરામત થવા પામી હતી. પ્રસંગાનુસાર તેઓ જ્યારે જ્યારે સામાન્ય લોક અને રાજા રજવાડાઓના પ્રસંગમાં જોય છે, ત્યારે પણ તેમને યથાઘટિત બોધ આપવાને ચુકતા નથી. તેમની સેવાઓની સરકારે કદર જાણી છે. પંચમહાલના કેળવણી ખાતાના ઇન્સ્પેકટરના હોદ્દા ઉપર તેમની નીમણુંક થતાં તેમને ખાસ વધારે પગાર આપવામાં આવ્યો હતો. પંચમહાલમાં તેમના કેળવણી અને લોકહિતના કામ બહુ પ્રસિદ્ધ છે. ખાન સાહેબ સ્વભાવે મિલનસાર અને ગરીબોને ચાહનાર તથા તેમનું શ્રેય કરવાની ઇચ્છા વાળા હોવાથી તેમને હાથે ઉભય રીતે ઘણું ઘણું લોકહિત થયું છે.

ખાનસાહેબ ફરજઅલી નાનજીભાઇ આ પ્રમાણે એક વેપારી કોમમાં ઉત્પન્ન થયેલા હોવા છતાં, તેમનું જીવન વિદ્યાવિલાસ અને લોકહિત સાથે ઘાડા સંબંધમાં આવેલું છે. યુનીવર્સીટીની ઉંચી કેળવણી લઇ કેળવણી ખાતા સાથે જોડાઇ તથા સાહિત્યમાં નિરંતર મન રાખી ખાન સાહેબે પોતાના મિત્રવર્ગમાં અને વિદ્વાનોમાં નામના મેળવી છે, તેથીજ અમને વિદ્યમાન ગુર્જર ગ્રંથકારોમાં તેમને પદ આપવાને પ્રેરણા કર્યા છે. ગ્રેજ્યુએટ થવા પછી ખાનસાહેબે ગુજરાતી અને અંગ્રેજી વર્તમાન પત્રો, ચોપાનીઆ અને માસિકોમાં વારંવાર સાહિત્ય સબંધી ઉપયોગી લેખો આપેલા છે. કેટલીક ઉપયોગી ચોપડીઓ બહાર પાડેલી છે તેમની ગુજરાતી ભાષા એક ગુર્જર લેખકોના જેવી સરલ અને સર્વ માન્ય ગણાઇ છે. પદ્યમાં પણ તેમણે કેટલાંક સારા કવિત કરેલાં છે. તેઓએ સાહિત્યના ક્ષેત્રમાં જે કામ કર્યું છે, તે પ્રજાને હિતકારી અને સન્માર્ગ દર્શક હો, તથા તેના જેવો સાહિત્ય પરિશ્રમ લેવાને બીજા તેમનાજ જેવા વિદ્યા વિલાસી જનોને ઉત્સાહ આવો, એજ અમારી અંતિમ અભિલાષા છે.

× × ૨ × ×

નિબંધ કરમાળા *

સમુદાય ૩ જો.

ઉપલા નામનું પુસ્તક તેના વિદ્વાન રચનાર તરફથી અમને અભિપ્રાય અર્થે મળ્યું છે, જેની પહોંચ સ્વીકારતાં અમને આનંદ થાય છે. ખા૦ સા૦ નાનજીઆણી ગુજરાતી સાહિત્યમાં જે થોડાક નામના પ્રસિદ્ધ લેખકો છે તેમાંના એક છે અને એમના હાથે લખાયલા પુસ્તકોમાં " નિબંધ કરમાળા " ઠામ ઠામ વખણાય છે, એ થોડી ખુશીની વાત નથી. નિબંધ જેવા પ્રથમમાં દેખાતા નિરસ વિષય ઉપર એક પછી એક ત્રણ પુસ્તકો, લોકોને પ્રિય થઇ પડે, ગ્નાન અને ઉપદેશ આપે તેવી રીતે, ખા૦ સા૦ નાનજીઆણી પ્રગટ કરવાને શક્તિવાન થયા છે એજ એમના આ " નિબંધ કરમાળા " ના ત્રણે સમુદાયોની અચૂક ફત્તેહની નિશાની છે. આ ત્રીજા સમુદાયના વિષયરૂપી મણકાઓ અમલદાર, શિરસ્તેદાર, અને ચાકરને લગતા છે. ખા૦ સા૦ નાનજીઆણીએ જેટલી બની સહેલાઇથી, ઘટતા વિસ્તાર સાથે પણ રમુજને ન વિસરતાં ભેગીને આ મણકાઓ વાંચકને સમજાવ્યા છે, એથી વધુ સારી રીતે તે સમજાવાની આપણે આશા રાખી શકીએ નહિં. ખા૦ સા૦ નાનજીઆણીએ ઠામ ઠામ ટાંકેલા ટુચકાઓરૂપી દ્રષ્ટાંતો અને હિંદી, ફારસી તથા ઉર્દુ કાવ્યો ખરેખર આ " નિબંધ કરમાળા " ને વધુ ને વધુ મનહર બનાવે છે. અમે અમારા દરેક વાંચકને ભલામણ કરીએ છિએ કે આવા ઉપયોગી પુસ્તકના વાંચનથી તેઓએ બેનસીબ રહેવું નહીં કારણ કંઇ ને કંઇ નવું જાણવા અને સમજવાનું તેઓ આ પુસ્તકથી મેળવશે.

" ગુલશન. "

---

* રચનાર: ખા૦ સા૦ કરમઅલી રહીમ નાનજીઆણી. બી. એ. પુસ્તકની કિંમત કાચું પુંઠું દશ આના. પાકું શોભિતું પુંઠું ચઉદ આના. મળવાનું ઠેકાણું: રચનાર પાસેથી મુ. ગોધરા.

Ahmedabad, 22nd July 1905.

My Dear Mr. Nanjiani.

As promised in my letter from Dandi, I hasten to communicate to you my opinion on your book styled "Stories from the History of Gujarat." The stories are all uniformly well-written in simple homely style and can be easily understood by children. While perusing the book, I was much pleased with the charm of your pen, which can command idiomatic Gujarati so readily. You have exercised a very wise discretion in confining your narratives to a few important events in each reign & avoiding the temptation of cramming too many dates & occurrences into the work. I should very much like to see it sanctioned as a Text book in the hands of boys and girls in all our Guzerati Schools. The charming simplicity of the style & the care with which important events are related make it an eminently suitable text book. I congratulate you on your ability to write such works so successfully.

Yours very faithfully,

(Sd.) Ambalal Sakerlal Desai.

M. A.

(Divan Bahadur.)

× × ૪ × ×

પુસ્તક પરીક્ષા.

હીરાકણી.

રચનાર—મીઠ કરીમઅલી રહીમભાઇ નાનજીઆણી, બી. એ.

મીઠ નાનજીઆણી ગુજરાતી ભાષાના જાણીતા સાક્ષર છે, અને એમણે ઘણાં ઉપયોગી પુસ્તકો રચીને વાંચક વર્ગને જ્ઞાનરૂપી સારી પ્રસાદી ચખાડી છે. વાંચકનું મન આનંદમાં રહે અને જેમ 'હીરાકણી' કાચપર કામ કરે છે તેમ સંસાર વયવહારમાં ઘણી કામ લાગે એવી ચીજોનો આ લઘુ ગ્રંથમાં જમાવ કીધેલો છે. જે માણસો ઘણું વાંચે છે અને પુરતું અનુભવે છે તેઓ સારી સારી ચીજોની નોંધો કરે છે તેવી સઘળી નોંધો આ લખાણમાં સમાવવામાં આવી છે. આ નોંધોમાં જાણીતા કવિઓ, ભકતો, શાએરો વગેરેની ઉરદુ, ફારસી ચીજો, દુહાઓ વગેરેને વ્યવસ્થા કરીને લેખકે પોતાનું પાંડિત્ય ઉમેરીને ઘણી રસીલી બનાવી ગોઠવી છે. લેખકને ભાષાપર સારો કાબુ છે. તેઓ ગુજરાતી, ફારસી અને કચ્છી ભાષાઓ ઘણી સારી જાણે છે. પુરવણીમાં આપેલી બાબદો તંદોરસ્તીને લગતા સાધારણ નિયમો સમજાવે છે, જે એક જાણીતા ડાકટર પાસ તપાસી દાખલ કરેલા છે. આ ચોપડીની કીમત ૯ આના રાખવામાં આવી છે અને તે કાલબાદેવી એન. એમ કું. માંથી મળી શકે છે. જામે જમશેદ.

× × 5 × ×

The Times of India. February 23rd 1895.

SELECT PROVERBS IN FOUR LANGUAGES.

Mr. K. R. Nanjiani B. A. Deputy Educational Inspector of Panch Mahals and Rewa Kantha Schools, has published a work of select Persian Proverbs with their English, Gujarati and Hindustani equivalents including sayings and familiar quotations, and the production on the whole displays laborious research and powers of critical comparision of a high order. Mr. Nanjiani is the author of several works,

which have been very favourably received both by the press and public, and he has ere long acquired the distinction of an Indian linguist—a proficeency which has stood him in good stead in the production of the present work. The book is intended as much for the students as for general readers. Proverbs, Mr. Nanjiani says, are the folk-lore of nations, which cheer up the readers in moments of despair, incite them to action when they are irresolute, console them in their hour of distress, and give a pungency to their observations, imbuing their conversation with a tinge of liveliness. He has classified the proverbs under different heads, and the classification is as simple in its reference as it is methodical.

× × 6 × ×

The Times of India. 13th November 1896.

Nibandh Karmálá, Second Edition.—The book contains three essays, the first of which is well deserving of mention. Khan Sahib K. R. Nanjiani has attempted to solve a very important but pazzling problem, "What is dear to all ?" The author takes up wealth, life &c, seriatim, and logically examines whether any of them is dear to us all. The second is an essay on food and the third on sleep, and all the subjects treated are well dealt with. The short story about curds, and the *gazal*, which heads the third essay, is neatly told and amusing. Mr Nanjiani is a well-known author and an able Persian and Gujarati Scholar and the book under review, will no doubt, considerably add to his reputation as an author.

× × 7 × ×

10 August 1899.

DEAR MR. NANJIANI,

I made it a point to go through both parts of your Karmala series after you left me. The subjects are treated in a way which the *Mehtajis* are not used to. I can understand their difficulty in following you. None the less the treatment, though novel in Gujarati essay—writing, is what I always wish our writers to adopt. There is a system, a close reasoning, a classification, an avoidance of truisms and an appeal to observation and experience in your few but useful essays. These are things quite unknown in most Gujarati writings, which usually base themselves upon quotations and appeal to higher sentiments. This last course is not to be discredited and has its own advantages. But it fails in originality and is not calculated to develop the power of reasoning and methodising. Your essays have the merit of combining both methods in due proportions. I wish it were practicable to make our boys and teachers appreciate and follow the method of thinking and writing of which you have supplied them with such careful samples and models.

I am much obliged for your kind present of these two pamphlets. I return with thanks your interesting drama and quarterly about which I spoke to you personally.

Yours sincerely,

G. M. Tripathi (B A. LL. B.)

× × 8 × ×

Madhavlal H. Desai, Esq, B. A.
Principal, Training College, Ahmedabad,

I am much obliged to you for a copy of your book of "Travels in Northern India." I have read it through and feel sure it will prove interesting to Gujarati readers. Teachers, of Indian History and Geography will also find materials in it for making their lessons interesting.

× × 9 × ×

Rao Saheb Mahipatram Rupram Nilkanth. C. I. E.
Principal, Male Training College, Ahmedabad

Khan Sahib K. R. Nanjiani, Ag. Urdu Deputy in the N. D., comes to help me in the Training College during the rainy season in teaching the Urdu classes. I have had many occasions of knowing his knowledge of the Gujarati language. As Gujarati reporter, E. D., I have reported upon a Gujarati book composed by him and have read articles written by him in Gujarti magazines. I find that he has a scholarly knowledge of the Gujarati language.

× × 10 × ×

Khan Bahadur Bamanji E. Modi, M. A.
District Deputy Collector, Kaira.

Many thanks for your kind present of your excellent little book and for remembering me on the New Year's day. I could not go over the whole book owing to other work so could not write to you earlier to say how heartily I appreciate the merits both as regards the purity of style and diction, and the

way in which the subject matter is handled. I have been unfortunately ailing for some time and am therefore obliged to read more than one book in English on diet, but I think I have gained greater profit from your concise account under the head of food.

The subjects you have treated are of importance as they relate to our every day life. You have apparently intended them for the young inexperienced boys but these essays are of no less advantage to grown up men even. I shall see that these books are given as prizes in our schools.

× × 11 × ×

112, Tandel Street, BOMBAY.

MEMO.

Bombay, 23rd March 1899.

My Dear Mr. Nanjiani,

I am much obliged to you for your book called "Nibandh Karmala." I have gone throgh it very carefully and have no hesitation in saying after the perusal of the first essay, that I have never seen anethical book in Gujrati so systematically andscicntifically treated. You display a mastery in logic and Moral Philosophy. Your idea of the palace of happiness being built on the foundation of contenment and supported on the pillars of Economy and subjugation of one's passions is novel, instructive & such as would easily appeal to the popular mind. Your second essay is principally medical and consequently I am not in a position to pronounce an opinion, though it is evident that you have taken

great pains over it and it contains a lot of useful and interesting information.

Hoping you are well

Yours sincerely

Jaffer Rahimtoola Kadra,

B. A. Barrister-at-Law.

P. S I should like to see your proverbs.

J. R. K.

× × 12 × ×

Says Khan Bahadur Shamsuddin Kadri late Oriental Translator, B. A., F. B. U.

Many thanks for the I present of your Hirakani (હીરાકણી) which reflects wonderful rays of varied lustre & like the X rays affords an insight into the writer's mental vision.

× × ૧૩ × ×

ત્રણ ભાશાનો ભોમીઓ.

(કચ્છી, ગુજરાતી અને અંગ્રેજી.)

રચનાર-કરમઅલી રહીમ નાનજીઆણી બી. એ.

ગુજરાતી સાક્ષરોમાં થોડાજ એવા છે કે જેઓ પોતાના પાંડિત્યનો ખરો ઉપયોગ કરતા હોય. ઘણાકો વિદ્વતા ભરેલાં લખાણો કરે છે પણ પ્રજાને જ્ઞાન મળે એવાં પુસ્તકો બહાર પાડવાની હોંસ ધરાવતા નથી. જેઓ પંડિત ગણાય છે તેઓ પોતાનું જ્ઞાન પોતની સાથે લઇ જાય છે, આથી ગુજરાતી ભાશામાં પ્રમાણભુત કોષકે વ્યાકરણ આજ સુધી થઇ શક્યાં નથી. જે થોડાજ માતૃ ભાશાને ઉંચ રીતીમાં લાવવાને યત્ન કરતા રહ્યા છે તેમાં દીવાન બહાદુર રણછોડભાઇ હીંદુઓમાં જાણીતા છે. તેવીજ રીતે ઇસલામી પંડિતોમાં મી૦ નાનજીઆણીનું નામ જાણીતું છે, મી૦ નાનજીઆણીએ કેળવણીખાતા સાથ લાંબો વખત સંબંધ રાખેલો હોવાથી તેમનું દરેક પુસ્તક જ્ઞાન નીતિ અને ઉંડા અભ્યાસનું પરિણામ રજુ કરે છે. ત્રણ ભાશાના ભોમીયાની રૂપલી ચોપડીમાં અંગ્રેજી, ગુજરાતી અને કચ્છી ભાશા-

નું શરૂઆતનું જ્ઞાન ઘણી ખુબી અને પદ્ધતીસર બતાવવામાં આવ્યું છે. આ ચોપડીમાં પાઠમાળાનું સ્વીકારેલું ધોરણ રાખવામાં આવ્યું છે, જેથી શરૂઆતમાં છુટા બોલો તેના અંગ્રેજી અને કચ્છી સમાન પ્રયોગો સાથ આપીને પાઠો. લખવામાં આવ્યા. છે આ પાઠોમાં તવારીખ જ્ઞાન અને ડહાપણનાં વૃતાંતો છે, જે 'ગ્રેડ્યુએટો' ને પણ ધ્યાન પુગાડવા જોગ છે, તેવીજ રીતે ૯૦ થી ૯૭ માં પાનાનું લખાણ ઇંગ્રેજી વ્યાકરણ અને રૂઢી પ્રયોગની અગત્યની ટુંક સમજણ આપે છે. મી૦ નાનજીઆણી એક એવા અભ્યાસી છે કે જેવણે ગુજરાતી ભાશામાં દાખલ થયલો ફારસી અરબી શબ્દોનું નીરૂપણ શાસ્ત્રીય રીતે કરી શકે, અને હાલમાં તેઓ એ બાબદપર એક પારસી માસીકમાં ચાલુ લેખો લખે છે, જે છપાવવા લાયક છે. ઉપલી ચોપડીની કીંમત ૧૨ આના છે જે વીદ્યાર્થીઓ અભ્યાસીઓ અને શિક્ષકોને ઘણી અગત્યની થઇ પડશે. મી૦ નાનજીઆણીએ બીજ ગણીત, કહેવતો અને બીજી બાબત પર ઘણાં પુસ્તકો પ્રસીદ્ધ કીધાં છે, જે સઘળાં ઉંડા અભ્યાસનું પરીણામ રજુ કરે છે. જામે જમશેદ.

× × 14 × ×

Ajmer. Rajputana. 10-3-1919

Dear Mr; Nanjiani,

I went through your book on algebraical problems. Your digit problems are very interesting & their solutions are very instructive. You have been successful here in bringing home to the student the data arising out of the local and the intrinsic values of the digits

The most useful feature of the book to my mind, is thegraduation of the prablems in the arrangement. The earlier ones should be within the grasp of an average student of our matric class.s, whereas those coming later do not fall short of the Standard which a candidate, anxious to get a first class, should aim at.

You have done the same work for the problems as Rowe & Webb for which you deserve the gratitude of the student world.

Yours sincerely,
Sayad Razahusein (B. A.)
Principal, M.
Islamia High School.
AJMERE.

× × 15 × ×

No: 576 of 1888-89.

Ahmedabad, 24th April 1888.

To,

Maharana Wakhtasingi, Lunavada.

Raja Saheb,

With reference to your letter dated 20th Instant I have the honour to state that I am glad to hear that the Deputy Inspector was able to render you valuable assistance on the occasion of His Exselency the Governor's visit and that I have had pleasure in conveying to him your thanks.

I have &c.,
(Signed) **E. Giles.**
Educational Inspector, N. D.

No ; 577 of 1888-89.

Ahmedabad, 24th April 1888.

MEMO :-

Copy forwarded to Khan Saheb K. R. Nanjiani. The Raja Saheb wishes to thank Khan Saneb Nanjiani for the valuable assistance rendered by him during His Excellency the Governor's visit to Lunavada.

(Signed) **E. Giles, M. A.**

Educational Inspector, N. D.

× × 16 × ×

No. $\frac{5}{E}$

To,

J. Oliver Esquire,

Educational Inspector, N. D.,

Sunth Rampur. 1st February, 1894.

Sir,

In connection with the opening ceremony of the Main School building at Sunth Rampur, called after the name of Dr. Pollen, I have the honour to bring to your notice the valuable assistance and advice received by this State from your Deputy Khan Saheb Nanjiani and I shall be obliged by your conveying to him our best thanks for the same.

Mr. Nanjiani's power of speech, command over the Gujarati Language and his extempore and accurate rendering of one language into another is admirable. He has been our good adviser in the cause of Education and really deserves great credit for his able and energetic supervision of the schools placed under his charge.

I have &c,

(Signed) **Pratapsingji, Raja of Sunth.**

(Sd.) Hormasji A. Patel, Divan.

Through the Political Agent,
Revakantha.

No: 132.

Forwarded with pleasure Mr. Nanjani's merits are probably well known to his Departmental Superiors but the Political Agent cannot avoid recording his qualifications that they are also appreciated by the Raja Saheb of Sunth.

(Sd) **J. Pollen, B. A. LL. D., Bo., C. S.,**
Acting Political Agent.

---

* * 17 * * *

Algebraical Problems—Graduated & classified With solutions.

મેત્રીક તેમજ સ્કુલ ફાઈનલ પરીક્ષાઓના વિદ્યાર્થીઓને ઘણા ઉપ-યોગી થઈ પડે તેવા બીજગણીતના ચુંટી કાઢેલા "પ્રોબ્લેમે" આ પુસ્તકમાં

આખા કરી બતાવેલા છે. આ હીસાબો જાણીતા મુસલમીન સાક્ષર મી૦ કરમઅલી નાનજીઆણી બી. એ. તરફથી બહાર પડયા છે. મી૦ નાનજીઆણી કેળવણી ખાતાંના ઇનસપેક્ટર તરીકે વરસો સુધી હતા જેથી તેવણનો અનુભવ અને વિદ્યાર્થીઓની ખાંમી એ બંનેનો તોલ કરીને આ હીસાબો હોલ એનડ નાઈટ, હોથોર્ન થ્વેટ, ઘોશ વગેરે પુસ્તકોમાંથી તેમજ મદ્રાસ, મુંબઈ અને પંજાબની વિશ્વવીદ્યાલયોના પેપરોમાથી ખાસ ચુંટી કાઢી આપેલા છે ચોપડીની કીંમત આના ૮ છે, અને તે એન. એમ. કું. માંથી મળી શકે છે.

જામે જમશેદ.

Guide to 3 languages

Colonel R. S. Pottinger.

Political Agent, Cutch.

It is very well got up and clearly printed on good paper. I think it ought to prove of considerable value in assisting beginners towards making a good start.

× × 18 × ×

The Times of India, Saturday, December 18, 1886.

Mahomedan Education at Broach.

(From our own correspondent.)

Broach, December 16th.

At the prize exhibition of the City Urdoo School, held in the Broach Municipal Hall, there was a very large gathering on the 14th instant. There were present Messrs Bomanjee Eduljee Modi, Sorabjee Pallonjee Frenchman, Furdoonshaw Pestonjee

Murawalla, Sorabjee Cursetjee Settna, D. Merwanjee, Banfonshaw Sorabjee Kabarawalla, Dinshaw Furdoonjee, Jamsedjee Byramjee Presswalla, Nusserwanjee Sheriarjee Ginwalla, Eduljee Muncherjee, Parvatishanker Manishanker, Shastree Maharaj, Kessordas Hargovindas, Kalianrao Hukoo matrao, Goolam Hoosen Mirkhan, Nawabsahib Kazee, and about fifty other gentlemen.

When the recitation was over, Khan Sahib Nanjiani at whose instance the Municipal Board had convened the meeting, got up & said:—

Mr. Chairman & Gentlemen, It affords me great pleasure to tell you that the results of the inspection of the Urdu School have been remarkably good for which the teachers deserve credit. Allow me, gentlemen, to give you a short sketch of the results. St. IV, out 13 presented 9 passed under all heads, St. III 10 out 12, St. II. 17 out of 23, St. I 31 out of 41. On the whole out of 89 presented 72 have passed, yielding a percentage of 80 against 79 last year. The number of boys on the rolls at present is 193 & since the establishment of the school in 1815 the maximum number ever reached has gone up to 201 that is to say the present number falls short of the maximum only by eight. All these facts go to show that the school is in a prosperous condition & is making a steady progres. At present we have four standards but the fifth is shortly to be commenced. Gentlemen, I learn that some people call in question the importance of Hindustan schools, probably without

being fully aware of what is taught in these schools. In this the Northern Division, unlike the central Division, Gujrati is taught side by side with Urdu. Besides Arithmetic, History & Geography are taught through the medium of the District Vernacular.

The speaker here dwelt atlength on the sweetness of the language & the suitability of its being the common language of all India. Concluding he said Mahomedan. Boys in the High School usually keep a very high number. It is only their poverty which comes in their way and prevents them from rising in the social scale. Of late many influential Mahomedan gentlemen have come forward to extricate the mob from igeorance and encourage those who are desirous of learning.

Khan Bahadur Bomanjee Modi, M. A. then addressed the audience at considerable length. He said:--

As Khan Sahib Nanjiani has almost exhausted the subject and the popular and energetic head-master of the High School, Mr. Parvatishanker, whose connection with the department has been so long and who is about to retire, has ably added to it perhaps there is very little left, for me to say. In the first place I must specially direct the attention of the Mahomedan gentlemen, who have come here to the valuble advice given by Khan Sahib

Nanjiani for betaking themselves to the study of the district vernacular. Urdoo is a very good and sweet language we all admit. It is the mother tongue of Mahomedans and therefore I cannot reasonably tell them to neglect it altogether. But I must say that it is advisable for the Mahomedans of this place to pay greater attention to Gujarati and still greater to English. I would add that Education is not to be looked upon merely as a means of subsistence. It has nobler aims.

Those only who have sipped deeply from the fountain of higher education can appreciate the benefit arising therefrom. But this is not the occasion to dwell upon this subject In this Urdoo School, only three elementary books are taught and I think it is too little I am however glad to learn from my friend Mr. Nanjiani that the fifth standard will be introduced this year. I think the Mahomedans should thank Khan Saheb Nanjiani for the zeal he evinces in the cause of Mahomaden Education, as well as for his valuable suggestions.

Mr. Shastree, the Zilla Deputy then dilated on the importance of the Urdu language and the possibility of its one day being uttered by the natives of India from one end of the country to the other. He also dwelt upon the advantages arising from a unifom language prevailing over the whole length and breadth of India. Mr. Shastree's speech was applauded by the audience. Prizes were then distributed to the boys by Khan Bahadoor B. E. Modi and Mr. Nanjiani, the Urdoo Deputy.

After a vote of thanks to the chairman the meeting dispersed. This meeting was the first of its kind and it was owing to the endeavours of the able and popular Urdoo Deputy that it was held.

× × 19 × × ×

Advocate of India

11-2-1909.

THE KHOJA CONFERENCE.

THE FIRST SESSION.

(FROM OUR OWN CORRESPONDENT.)

Bhuj, November 2.

At the first session of the Khoja Conference Mr. Karamali Nanjiani, B. A., was elected President, who opened the proceedings with a short prayer in Arabic and quoted verses from the *Koran* and *Hadis* in support of learning and unity, and exhorted the audience to eschew the spirit of faction and to unite in encouraging education.

Several speakers expressed approval of the resolutions adopted, the most pracical being that President Nanjiani, Sheth Piaali Abdula and Moledina Alarakhia be authorised to select members for establishing a Central Anjuman.

Letters of sympathy were received from Political Agent of Cutch, Hassanbhai Virji of Zanzibar, Alimahomed Bhimiji, Cassmabhai, Mahomed Meherali Devraj of Bombay and also telegram from the Editor of the *Khoja Prakash.*

અમલદાર.

અમલ કેફનું નામ છે, જીરવવો મુશ્કેલ,
સુજ્ઞ ખરો શૂરો મરદ, તેને તે છે ખેલ *

અમલનો ઉન્માદ વિચિત્ર છે.

ચાર દિવસ તારો અમલ છે, તે સુખે ભોગવી લે. કેવી રીતે ભોગવીશ ? યાદ રાખજે કે સર્વદા મરણ માથે ભમે છે. આ દુનિયામાં કોઇપણ બનાવ અમુક નિઃસંદેહ બનવાનો છે, એમ છાતી ઠોકી કહી શકીએ તો તે મરણ છે; છતાં કેટલાં થોડાં માણસો તે બાબતનો ખ્યાલ મનમાં રાખે છે ! એ બનાવ જાણે બનવાનોજ નથી, એવી અસંખ્ય લોકોની વર્તણુક દૃષ્ટિગોચર થાય છે.

શેકસ્પિયરે સત્ય કહ્યું છે કે " પોતાને બાદ કરતાં બધાં માણસે મરણને આધીન છે, એમ બધાં માણસો માને છે."

"All men think all men mortal but themselves."

આ સહેલો તથા સાદો વિચાર દરેક પ્રસંગે જો મનમાં ટટાર રહી શકતો હોય તો સંસારમાં કેટલા બધા અનર્થનો અટકાવ થાય ! "દુનિયામાં કંઇપણ આપણું પોતાનું કહી શકીએ તો તે મરણ છે."

"And nothing can we call our own but death."

માલ, મકાન, ખજાનો, બધું અહિંજ રહેવાનું છે. ખાલી હાથે આવ્યા અને ખાલી હાથેજ જવું છે. આ સ્થળે નઝીરના અસરકારક શબ્દો યાદ આવે છે—

મુલ્કો મકાં ખઝાના લશ્કર હુવા તો ફિર કયા ?
કિતને દિનોં યે ગુલ થા નકાબ હવે યે ખાં હૈય;
યેહ પંજહઝારી યે આલી ખાનદાન હય;
દેખાતો એક ઘડીમેં નહિ નામ ના નિશાન હય.

* કવીશ્વર દલપતરામે રચેલો અસલ દોહરો નીચે પ્રમાણે છેઃ—
"અમલ કેફનું નામ છે, અમલ જીરવે કોય;
અમલ ભુલાવે ભાનને હજાર ડાહ્યો હોય."

હવે પ્રથમનો પ્રશ્ન ફરી તાજો કરીએ અને તે એ છે કે અમલ કેવી રીતે ચલાવવો ? હાથ નીચેના માણસો જોડે એટલા કડવાપણાથી નહિ વર્તીશ કે તેઓ તને થૂંકી દે; અને સ્વભાવમાં એટલી બધી સાકર મિશ્રિત નહિ કરીશ કે તેઓ તને ગળી જાય. નમ્રતા અને સભ્યતા પૂર્ણ રીતે રાખવી. પરંતુ તેની જોડે રોબ પણ જોઇએ. તેમને આશા અને બીક વચ્ચે ઘેરી રાખવા. બીક ગઇ તો બધું ગયું; વળી સારૂં કામ તેઓ કરે તો બદલો મળશે એવી આશા હમેશા તેમની નજર આગળ ખડી રહેવી જોઇએ, એવું વર્તન રાખવાનું છે. તેઓ તને ચાહે પણ તેની સાથે ડરતા રહે તેમ થવું જોઇએ, અદબઅંદાઝથી સંકોચ રાખે પણ સદા હિત ચિંતે. કવચિત્ કવચિત્ બહુ જરૂર પડે ત્યારે તેમના ઉપર ગુસ્સો કરો, પણ તે ઝેહેર રહિત હોવો જોઈએ, એટલે કે તેમાં કડવાશ, ધિક્કાર કે ગરમીની કેવળ એક ચિણગારી હોવી જોઇએ, અને તેનું આયુષ્ય બહુ અલ્પ હોવું જોઇએ. એ પ્રસંગે આંખોમાંથી ધકધકતા અંગારા ઝરે, ચહેરો વિકરાળ બની જાય અને અબઘડી તમે કંઇ ઉંધુંચત્તું કરી નાંખશો, એવું તમારૂં સ્વરૂપ નહિ થઇ જાય તે માટે સાવધાન રહેવું. જે કારણથી ક્રોધ ઉત્પન્ન થયો હોય તેને ઘડી ઘડી યાદ કરી તકસીર કરનારને ધમકાવવો કે તેને મેણાં મારવાં એ અક્કલથી ઉલટો રસ્તો છે. મન મોટું રાખવું; બહુ નજીવી તકસીર તો ધ્યાન ઉપર લેવીજ નહિ.

કેટલાક અધિકારીઓ પોતાના અમલ નીચેના માણસોને એટલા બધા દબાણ તળે રાખે છે, એટલી સખ્તીથી તેમની પાસેથી કામ લે છે, એટલે દરજે ધમકાવે છે કિંવા માર મારે છે કે તેઓ બાપડા હમેશા ઉપરી આગળ થરથર કંપે છે. જરા વાંક થયો કે કમબખ્તી. પરિણામ એવું નીપજે છે કે, તેમને વાંક છુપાવવા જૂઠું બોલવાની લગભગ ફરજ થઇ પડે છે. તેઓ સારી પેઠે સમજે છે કે જરા પણ કસૂર થાય, એમ જો ઉપરી જાણશે તો ચામડી ઉખાડશે, તેથી જૂઠું બોલવું હિતકર સમજે છે. ઉપરી તરફથી જ્યારે માયાળુપણું પ્રદર્શિત ન થાય, ત્યારે તાબેદારોના હૃદયમાં પ્રીતિના અંકુર ફુટે એ કુદરતી કાયદાથી વિરૂદ્ધ છે. માયા કે રહેમિયત એટલી હદ સુધી નહિ લંબાવવી કે તે નબળાઇમાં ખપી જાય. મનનું દૃઢપણું જાળવવું જોઇએ. પણ તે દુરાગ્રહવિનાનું હોવું જોઇએ. કસૂર બદલ તમારા હાથ નીચેના કોઇ માણસને માફી બક્ષશો ત્યારે નબળાઇથી નહિ પણ મોટા મનથી તમે તેમ કરો છો, એમ તેના મન ઉપર અસર થવી જોઇએ.

કેટલાક અમલદારો પોતાના સિરસ્તેદાર કે કારકુન પ્રતિ અપશબ્દો વાપરે છે એ દેખાવ બહુ ખોટો થાય છે. તેનામાં કામ કરવાની આવડત નહિ

હોય, સુસ્તે કે કાળજી વગરનો હોય, તો તેને બદલી નાખવો એજ ઉત્તમ રસ્તો છે. પણ લંબકરણ, લબાડ, હરામખોર, ઇત્યાદિ શબ્દો અમલદારોના મુખમાં શોભે નહિ.

અનિયમિતપણું:—કેટલાક કારભારીઓ રાતના અગીઆર વાગ્યાસુધી કામ કર્યા કરે છે, તો પણ કામ ચઢેલું ને ચઢેલું. એનું કારણ કંઇજ નહિ પણ કામ કરવાનું અનિયમિતપણું છે. ખરો કામનો વખત તે સમય ગપ્પાં હાંકયાં કરે અને કવખતે કામ કરવા તૈયાર થાય, તેનું પરિણામ એવુંજ નીપજે. ઘણાખરા ઇંગ્રેજ લોકો એ બાબતમાં ઘણા ખબરદાર છે. તેઓ વખતસરજ કામ કરવાના. ઓફીસનો વખત થઇ ગયો એટલે કામને પડતું મૂકી બે ઘડી હવા ખાવા જવાના અથવા ટેનીસ, બીલીયર્ડ કે તેવીજ કોઇ શરીરને કસરત મળે એવી ગમતમાં શામેલ થવાના. આથી મગજ તાજું થાય છે અને બીજે દહાડે ઝડપથી કામ થઇ શકે છે. જ્યારે કામ ઉપર બેસે છે ત્યારે તેના ઉપર પૂરેપૂરૂં ધ્યાન આપે છે; અને નકામી વાતચિતથી અલગ રહે છે. એ કારણને લીધે ચડત કામ રહેવા પામતું નથી. ખરૂં પૂછાવો તો કામ કરી પણ એ લોકો જાણે છે, ને મોજ કરી પણ એ લોકો જાણે છે.

ખુશામદ:—સરદારોનું સત્યાનાશ વાળનારી આ એક મોહક કંચની છે. " આપ તો ઇશ્વરી અવતાર છો, મહાદેવ પોતેજ છો, હજારોનું પાલણ પોષણ કરનારા છો, આપને હાથે બધાનું ભલું થયું છે, મને ફાયદો નથી થયો તે મારા નસીબનો વાંક લેખું છું, પણ મને પૂર્ણ રીતે આશા છે કે, પ્રસંગ આવે હું પણ આપની ઉદારતા ચાખવાને ભાગ્યશાળી થઇશ. સેવકની કસુરો તો હજારો હોય, અમારી કસુરો આપ ધ્યાનમાં લ્યો તો અમારાથી જીવાય કેમ ? " યુક્તિથી આવી રીતનાં કથન કહી ગરજવાન તાબેદાર પોતાનું કામ કાઢી લે છે. આવાં આવાં કથનો ચાર પાંચને મ્હોડે સાંભળી, ભોળો અમલદાર ખુશ ખુશ થઇ જાય છે; અને સૌને વહાલો (હર દિલ અઝીઝ) થવા જાય છે. આ વિકટ પ્રયત્નમાં કોઇ ફતેહમંદ થયો નથી અને થવાનો નથી. પોતાના કર્ત્તવ્યને અંગે કોઇનું ભલું કરવું તો કોઇને શિક્ષા કરવી એમ તો અવશ્ય થવું જોઇએ. કોઇનું ભલું કરવામાં વધારે ભાગ લેવો એ નિયમ સારો છે; પણ નરસું કામ કરનારનું પણ ભલું કરવું તે સારૂં કામ કરનારનું ખૂરૂં કર્યા બરાબર છે. નરસું કામ કરનારનું પણ ભલું કરવું અથવા તેને શિક્ષા કરવીજ નહિ, એમ કોઇ પોતાના વર્ત્તનને માટે નિયમ બાંધે તો ખચિત તે પોતાની પવિત્ર ફરજ બજાવવામાં પછાત પડે. કોઇ તાબે-

દારને નારાજ ના કરવો, એમ બનવું કેવળ અશક્ય છે. કાઇનો દંડ કરવો પડે ને કોઇનો પગાર ઘટાડવો પડે, એ અપ્રિય કામ કોઇ કોઇવાર કર્યા વગર છૂટકો નથી. વળી બહુ મોટી તકસીર કરનારને ઘેર બેસાડવાની જરૂર પણ પડે. કોઇવાર જેના ઉપર બહુ પ્રેમ હોય પણ તેણે અતિ ખોટું કામ કર્યું હોય, ત્યારે તેનેજ સખ્ત સજા કરવાની ફરજ પડે; આમ કરતાં મન દુખાય છે. પરંતુ નિરૂપાય થઇ જવાય છે.

"O hard! when love and duty clash."

અર્થ—પ્રીતિ અને ફરજ જ્યારે એક બીજાની સાથે અથડી પડે છે, ત્યારે કેવું વસમું લાગે છે."

નેપોલીઅન બોનાપાર્ટમાટે કહેવાય છે કે એકવાર તેણે પોતાના લશ્કરની એક ટુકડીને સ્પષ્ટ હુકમ આપ્યો કે "જ્યાં સુધી હું બીજો હુકમ નહિ કરૂં ત્યાં સુધી કોઇપણ સિપાઇએ પોતાની મુકરર કરેલી જગ્યા છોડવી નહિ. અને જો કોઇ આજ્ઞા ઉલ્લંઘન કરશે તો તેને મોતની સજા થશે." બનાવ એવો બન્યો કે થોડીજવાર પછી તેના ઘોડાએ તોફાન કર્યું અને તેથી તે ઘોડા ઉપરથી પડી ગયો અને તરત બેશુદ્ધ થઇ ગયો. પેલી ટુકડીમાંથી એક સિપાઇ હિમ્મત કરી આજ્ઞાનું ઉલ્લંઘન કરી પોતાનું સ્થાનક છોડી દઇ નેપોલીયનની મદદે દોડ્યો અને પોતાના સરદારને ઉંચકી ઝુંપડાંમાં લઇ ગયો તથા સારવાર કરી તેને પાછો શુદ્ધિમાં લાવ્યો.

નેપોલીયને પુછ્યું "અહીં મને કોણ લાવ્યું?" પેલા સિપાઇએ બધી હકીકત કહી સંભળાવી, તે ઉપરથી તેણે પેલા સિપાઇને ઉલ્લંઘન કર્યા બદલ મારી નાંખવાની સજા કરી. પોતાના બચાવનારને આવી રીતે નેપોલીયને મારી નંખાવ્યો, એ કૃત્યના વાજબીપણા વિશે શંકા ઉત્પન્ન થાય છે; પણ યાદ રાખવું જોઇએ કે તે વખતે લશ્કરી કાયદો બહુ સખત હતો, એક તરફ જોઇએ તો એણે કાયદો અમલમાં મૂક્યો, પણ બીજી તરફ જોઇએ તો જેણે એનો જીવ ઉગાર્યો તેનેજ દેહાંત દંડની શિક્ષા કરવાની શી અગત્ય હતી? મરનારનાં કુટુંબનું ભરણપોષણ કરવાનું માથે રાખ્યું, એ કંઇ પુરતો બદલો આપ્યો કહેવાય નહિ. ખુશામતથી ઘણાક સરદારો અને મુખ્યત્વે કરી રાજાઓ ખોટે રસ્તે દોરવાઇ જાય છે. મતલબીઆ હજુરીઓ રાજા કે ઠાકોરોને ઇશ્વરી અવતાર કહી ખૂબ છાપરે ચઢાવે છે. જાણે તેમનામાં કોઇ રીતનો દોષ નહિં હોય, અને પૃથ્વી ઉપર સૌથી ઉત્તમ રીતે તેમનું રાજ્ય ચાલતું હોય. ખુશામતીઆ લોકોના પોકળપણાસંબંધી મીસરદેશનાં ઇતિહાસમાંથી ઘડો લેવા યોગ્ય ઉદાહરણ

મળી આવે છે. સાયરેક્યુસના રાજા ડાયોનીસીયસની દરબારમાં ડેમોક્લીસ નામે તેનો એક હુઝુરી ખુશામદખોર હતો. એક વખતે તેણે ડાયોનીસીયસની સમૃદ્ધ વિષે અત્યંત તારીફ કરી, છેવટે કહ્યું કે પૃથ્વીની સપાટી ઉપર તમારા જેવો સુખી બીજો કોઇ નથી. રાજાએ તેને સુખનો તમાશો દેખાડવા પોતાના મહેલમાં જમવા તેડાવ્યો; અને તેને કહ્યું કે મારૂં સુખ કેવું છે; તે તું હવે અજમાવી જો. તેને કીમતીમાં કીમતી ભપકાદાર કિનખાબથી આચ્છાદિત કરેલા કંચનના કોચ ઉપર બેસાડવામાં આવ્યો. વાસણો પણ બધાં સોનાનાં હતાં એટલુંજ નહિ પણ આસપાસ જ્યાં જ્યાં તેણે પોતાની નજર દોડાવી ત્યાં ત્યાં એજ પીળી ધાતુ તથા હીરા માણેકનો ઝગઝગાટ દૃષ્ટિગોચર થતો હતો. અને આખું દીવાનખાનું કસ્તૂરી, અમ્બર, અત્તર વગેરે બાતભાતના સુગંધી પદાર્થોથી બહેકી રહ્યું હતું. સ્વાદિષ્ટ ભોજનની એક બીજાથી ચઢિયાતી વાનીઓ એટલી બધી હતી કે પહેલાં શું ખાવું તેના વિચારમાં પડયો. ઓછામાં પૂરૂં વળી એ સમયે સ્વરૂપમાન દાસીઓ ગાયન કરતી હતી. આ રીતે તેની પાંચે ઇંદ્રિયો પૂર્ણ રીતે તૃપ્ત થયાથી આનંદની લહેરમાં આવી ગયો; પરંતુ એ આનંદ બહુ વાર ટક્યો નહિ; કેમકે આમ તેમ નજર ફેરવતાં તેની આંખ તેના માથાઉપર લટકેલા ભયંકર પદાર્થની સાથે એકરૂપ થઇ, તે જોઇ તે બહુ આશ્ચર્ય અને ભય પામ્યો. એક નાગી તલવાર બરાબર માથા ઉપર ફક્ત એકજ વાળથી લટકાવેલી હતી. એકદમ તે ચમકી જઇ બોલ્યો; "આવી જોખમ અને ધાસ્તી ભરેલી બાદશાહીને હું પ્રણામ કરૂં છું, મારે એ જોઇતી નથી."* એમ કહી ચાલી નીકળ્યો. આના કરતાં વધારે બોધદાયક ઉદાહરણ, ખાસ કરીને રાજાઓને માટે ઇંગ્લાંડના ઇતિહાસમાંથી મળી આવે છે. કેન્યુટ નામના રાજાના હુઝૂરીઓ દરરોજ તેનાં વખાણ કરતા હતા, અને તેમ કરવામાં બિલકુલ મર્યાદા રાખતા નહોતા. એક સમયે એવું બન્યું કે રાજા પોતાના હુઝૂરીઓને લઇને દરિયા કાંઠે હવા ખાવા ગયો. એક હુઝૂરીએ રાજાની બુદ્ધિ તથા સત્તાની પ્રશંસા કરતાં કહ્યું કે "આખી પૃથ્વી આપની આજ્ઞા માને છે, અને બુદ્ધિમાં કોઇપણ રાજ્યકર્તા આપની બરોબરી કરી

---

* Sword of Damocles "ડેમોક્લિસની તરવાર" બહુ પ્રખ્યાત છે. ડેમોક્લિસ પૂરો ખુશામદખોર હતો અને આ ઉદાહરણ યુનાન દેશના ઇતિહાસમાંથી ઉતાર્યું છે. પણ બારીકીથી જોતાં ખુશામદના કરતાં રાજાઓને માથે કેટલો ભય સદા રહે છે, તેનું ચિત્ર આમાં વિશેષ જોવામાં આવે છે.

શકે નહિ. લોકો આપના તાબેદાર રહી આપની સ્તુતિ કરે છે." બીજા હજૂરીએ કહ્યું "જહાંપનાહ ! પૃથ્વીના લોકો તો શું પણ દરિયો તેમજ પવન પણ આપની આજ્ઞા શિર ચઢાવે છે."

રાજા–ઓહો ! ! આટલી બધી મારી સત્તા છે ?

હજુરી–એમાં શો શક, ગમે તેને પૂછી તપાસ કરો.

રાજા–ત્યારે તો ઠીક છે; એક ખુરસી લાવી આ સ્થળે મૂકો.

ભરતીનો વખત હતો તેથી થોડું થોડું પાણી જ્યાં ચઢી આવતું હતું ત્યાં ખુરસી મૂકાવી.

જરાવારમાં પાણી તો વધવા લાગ્યું, ત્યારે તેને મોટા સાદે હુકમ કર્યો કે "હે સાગર ! મારા હજુરી કહે છે તેમ તું મારો તાબેદાર હોય તો એકદમ પાછો હઠીજા અને આ લાકડીથી હું લીટી દોરૂં છું, તેનું તારે ઉલ્લંઘન કરવું નહિ ! ! પણ ક્ષણવારમાં મોજાઓ તો પાછળ હઠવાને બદલ આગળ વધ્યા, અને ખુરસીને ચોમેરથી પાણીએ ઘેરી લીધી. ત્યારે કેન્યુટે પોતાના હજુરીઓ પ્રત્યે કહ્યું "નીચ ખુશામદખોરો ! દરરોજ મારાં ખોટાં ખોટાં વખાણ કરી તમે મને શું છેતરવા ઇચ્છો છો ? મારી સત્તા એટલી બળવાન છે કે દરિયા તથા હવા ઉપર પણ તેની અસર પહોંચે છે, એવું સદંતર જૂઠું સમજાવી મને શું મૂર્ખમાં ખપાવવા માગો છો ? સર્વ શક્તિમાન પરમેશ્વર સિવાય દરિયા કે હવા ઉપર કોઇનો પણ હુકમ ચાલી શકે નહિ માટે જાઓ તમારૂં કાળું કરો, મારે તમારો ખપ નથી."

કેટલાક રાજાઓ તથા ઠાકોરોને ખુશામદ અત્યંત પસંદ હોય છે. કંઇની લહેરમાં તેઓ ધોળે દહાડે કહે કે "રાત છે," તો હજુરીઓ તરત કહેશે કે "હા, ખુદાવિંદ! શુક્ર અમને દેખાય છે, કૃતિકા ચકચકે છે". એવી રીતે અતિશયોક્તિવાળાં વખાણ કરી તેમને આઠમે આસમાને લેઇ જાય છે. રાજા એક, બે, ત્રણ અને આગળ ચાલતાં પાંચ સાતને મ્હોડે એક સરખી રીતે વખાણ સાંભળે છે, ત્યારે એમ તેને વિચાર આવે છે કે આટલા બધા કહે છે તો તે વાત ખરી હશે, અને એ રીતે ધીમે ધીમે તે પોતાને સૌથી ડાહ્યો સમજે છે. આમ થવાથી પછી સુધારાની આશા દૂર થઇ જાય છે. ખરેખર ખુશામદ એ એક વિપથગામી કપટવેષી ડાકણ છે. ઘણા સરદારો એનાથી પોતાનું કર્તવ્ય ચૂકી અસાવધપણે દૂર ખેંચાઇ જાય છે. ઉપકારની લાગણીથી ખરી × તારીફ કોઇ કરે તે ખુશામદ ગણવી ન જોઇએ.

× નઝીરે કહ્યું છે કે "હદ તો યે હય કે ખુશામદસે ખુદા ભી રાજી હય"

ઉપકાર:—કોઇ વર્ગના માણસોના ઉપકાર નીચે નહિ આવવા સંભાળ રાખવી જોઇએ. તેમજ કામની જોડે સંબંધ રાખનારા બીજા લોકોના ઉપકાર તળે જેમ બને તેમ ઓછું અવાય તેમ સારૂં ઉપકાર બદલ ઉપકાર કરવો વાજબી છે; પણ તે કારણથી અઘટિત લાભ અપાઇ ન જાય તે બાબત કાળજી રાખવી જોઇએ. ઓફીસમાં દરેક માણસ કામ બરાબર કરે છે કે નહિ, અને કેટલા કલાક કામ કરે છે; તે અવશ્ય કરી જોવું જોઇએ. કામની વહેંચણી કરવાથી બહુ સુગમતા થઇ પડે છે.

અત્યંત બોજો:—કોઇ કારકુન કે ઓફીસના માણસ ઉપર બહુ બોજો ન થાય તે બાબત ધ્યાન રાખવાની જરૂર છે. બહુ તાકીદનું કામ ન હોય ત્યાંસુધી રવિવારે કે તહેવારે તેમને ઓફીસમાં આવવાની ફરજ પાડવી નહિ.

કારકુનોને પણ કેટલાંક ખાનગી કામ રવિવારે કરવાનાં હોય છે તે બાબત ભૂલવી નહિ. તેમને હુકમ એવી સ્પષ્ટ રીતે આપવા કે બેવડી અથવા નકામી મહેનત થાય નહિ. કામ બરાબર રીતે બજાવે તો તેમને શાબાશી આપવાની પણ અગત્ય છે. ઓફીસનું કારખાતું એવી રીતે ચલાવવું કે કોઇ કંટાળી ન જાય, એટલુંજ નહિ પણ સૌ હોંસે હોંસે કામ કરે.

તારીફ કે વખાણ:—વખાણ કર્યાથી અમલદારો–ખાસ કરીને રાજાઓ બહુ છકી જાય છે. પરંતુ યુક્તિબંધ વખાણથી એક મોટો ફાયદો થઇ શકે છે. સફાઇથી તારીફ કરવાની જોડે શિખામણ આપી શકાય છે, ને તેથી પરમાર્થનું કામ કરવા સામા ધણીએ ધારણા નહિ રાખી હોય તો પણ શરમા શરમી તેને કરવું પડે છે. ચોકખી શિખામણ રાજાઓ સહન કરી શકે નહિ એ ગોળી તેમને ગળે ઉતરાવવી કઠણ છે, પણ પ્રશંસારૂપી પ્રસાદમાં વીંટાળેલી હોય તો તે ગટ કરી જવાય છે. માનપત્રનાં બહુધા વખાણ હોય છે, પણ તેની જોડે આશાના પ્રકરણમાં શિખામણ આપી શકાય છે એટલે કે "અમે આશા રાખીએ છીએ કે" એમ લખી માનપત્રમાં સહી કરનારાઓની જે કંઇ ઇચ્છા પ્રમાણે કાર્ય કરવાનું હોય તે સંબંધી નસીહતનાં વચન લખી શકાય. શિખામણ રાજાઓ સહન કરી શકતા નથી, તેનું કારણ એ કે તેમ કર્યાથી શિખામણ આપનાર તેમનાથી વધારે ડાહ્યા છે, એવું સ્વીકારવા જેવું

દેખીતી રીતે એનો કહેવાનો હેતુ એવો જણાય છે કે ઇશ્વરની પ્રાર્થના કરવી એ ખુશામદ છે, પણ હું ધારૂં છું કે ખુશામદની બાબતમાં લખતાં જોસમાં ને જોશમાં તે સત્યતાથી જરા દૂર દોરવાઇ ગયો છે. એ ખુશામદ નહિ પણ ખરી તારીફના પેટામાં આવે છે.

થાય છે અને તેથી પોતાના મોભાને ધક્કો લાગ્યો એમ તેઓ સમજે છે. મોટા મોટા રાજાઓ પાસે મસખરા રાખવાનો ચાલ એટલાજ માટે ચાલુ થયેલો હોવો જોઇએ, તેઓ ઘણું કરીને વખાણ કરતા નથી, પણ હાસ્યવિનોદમાં સત્ય વાત જણાવી દે છે. એથી ઉલટું હિંદના પ્રાચીન કાળના રાજાઓ પોતાની પાસે ભાટચારણોને રાખતા, તેઓ મ્હોડે વખાણ કરી કે સ્તુતીની કવિતાઓ જોડી તેમને રીઝવતા. પોતાનાં વખાણ મનુષ્ય માત્ર અને ખસુસ કરી ભૂપતિઓ કે સરદારોને એટલાં તો વહાલાં લાગે છે કે તે ખોટાં હોય તો પણ ભાગ્યેજ પારખી શકે. ખોટાં વખાણ તે ખુશામદ, અને તે વિષે પ્રથમ પુષ્કળ લખવામાં આવ્યું છે. ખુશામદ સંબંધમાં *થેલીશ નામના યુનાની ફીલસુફે કહ્યું છે કે "Of all wild beasts a tyrant is the worst & of all tame beasts, a flatterer."

અર્થ—"જેટલાં જંગલી જનાવરો છે તે સર્વમાં જુલમગાર અમલદાર સૌથી ખરાબ છે; અને પાળેલાં જનાવરોમાં, ખુશામદખોર."

જાતે જોવું—જે અમલદારને દરરોજ સૌથી વધારે કાગળોની ટપાલ આવતી હોય, તે દરેક ઉપર પેનસીલથી પોતાને હાથે શેરો ભરે એ કેવળ અશક્ય છે. પરંતુ તેમાંથી બની શકે એટલા જાતે કરવા જોઇએ. સિરસ્તેદાર, કારકુન કે ચિટનીસ ઉપર ઘણી ખરી બાબતોમાં આધાર રાખી નિર્ણય કરવો નહિ. કેટલીક બાબતોમાં જાતે ઉંડા ઉતરી જોવા તપાસવાની જરૂર છે; પરંતુ તેમના ઉપર છેક અવિશ્વાસ રાખી બધું જાતે તપાસ કરવાનો ફાંકો રાખવો નહિ. એવો પ્રયત્ન નિષ્ફળ જશે. તમારા કામ તેમજ નિશ્ચય ઉપરથી સિરસ્તેદારના મન ઉપર એવી અસર થવી જોઇએ કે કામમાં હું ગડબડ કંઇ કરીશ તો સાહેબ પકડી પાડશે.

અણી બોલા અની ઠોક—આ દુર્ગુણથી બહુ બચતા રહેવું. કાલાવાલાથી જીતાઇ જવું તેના કરતાં આ ખામી તમારી પ્રતિષ્ઠાને વધારે નુકસાન

* એ ફીલસુફ, ઇસ્વી સન પૂર્વે ૬૪૦ માં જન્મ પામ્યો હતો અને નેવુ વર્ષની ઉમર ભોગવી મરણ પામ્યો. ભૂમિતિ અને ખગોળવિદ્યાનો આરંભ એણેજ કર્યો હતો. યુનાન દેશના જે સાત મહા પંડિતો કહેવાય છે તે પૈકી એ એક હતો. બાકીનાં છ નામ નીચે પ્રમાણે છે:—

સોલન, પટિકસ, પૈરીઆંડર, પ્રીયેબુલસ, ચાયલો અને બાયસ. એ પિથાગોરસ નામના પ્રખ્યાત પંડિતનો ગુરૂ હતો. એનો મત એવો હતો કે "મહાભૂત માત્ર એકજ છે. સૃષ્ટિના તમામ પદાર્થો પાણીમાંથી થયલા છે."

પહોંચાડનારી છે. આજે તમે સખત ટીકા કરો કે તમારો અમુક તાબાનો માણસ બીલકુલ કામ ઉપર લક્ષ રાખતો નથી, આળસુ ને આવડત વગરનો છે, અને તેને બીજેજ દહાડે તમે તેનાં વખાણ કરો અને પાંચ રૂપીઆ પગારમાં વધારો કરી ચડતી જગાએ મોકલો, તો લોકો તમારા મનની સ્થિરતા સંબંધી કેવો વિચાર લઇ જશે ? પણ મનની સ્થિરતા સંબંધી વિવેચન કરી તેઓ અટકે તો બહુ સારૂં. પ્રથમ તમે જે પોતાના વિચાર દર્શાવ્યા છે તે પછી રૂપિયાનો રણકો સાંભળ્યો છે, એવો વધારે નરસો વિચાર તમારે માટે કેમ ના બાંધે ?

રૂશવત-તમે પોતે એ દોષથી નિરાળા રહો એટલુંજ બસ નથી; તમારા તાબાના માણસો પણ ચોકખા રહે એવી ધાક બેસાડવી જોઇએ. વળી રૂશવત આગળ ધરનારના હાથ પણ બાંધી લેવા જોઇએ. ઘણીવાર એમ બને છે કે તમારી પાસે આવ જાવ કરનાર તમારે જોખમે અને તમારે નામે લોકો પાસેથી પૈસા ખાઈ જાય છે. લાડુ પીરસનાર એમ સમજે કે ખરા અહાર કરનારા તમે પોતેજ છો ને વચલો માણસ તો દશાંશ ખાતો હશે. " એઓ હાથોહાથ લેતાં શરમાય છે, તેની ચિંતા નહિ ગમે તે રીતે આપણું કામ તો થાય છે. છોને પેલો વચ્ચેથી દલાલી લે " આમ વાતો કરે છે. તમને તો આ બાબતની ખબર ન હોય, છતાં આમ થોડો વખત ચાલ્યા કરે છે, માટે તમારા આચરણ ને ચરિત્ર ઉપરથી એવો સિક્કો બેસાડવો કે તે બાબત શક પણ તમને સ્પર્શ કરવા પામે નહિ. લોકોને જ્યારે એમ ખાતરી થાય કે તમે આવી રીતના અપવિત્ર પૈસાને અડતા નથી, ત્યારે વચલો માણસ ગમે એટલી ડંફાસ મારે તો પણ ગરજુ લોકો તેને પાઇ સરખી પણ ચખાડવાના નથી.

લાંચીઆ અમલદારો-રૂશવત લેનાર અમલદાર બે પ્રકારના થાય છે. એક તો જેઓ જળોની પેઠે જેટલું લોહી ચુશી લે તેટલું પી વધારે ચુશી શકાય તેમ ન હોય ત્યારે પીછો છોડે. મતલબ કે અરજદાર કિંવા વાદી પ્રતિવાદી બન્નેને રંઝાડી પૈસા લે છે. બીજા એવા હોય છે કે જેની લાભમાં ફેસલો થાય તેની પાસેથી થોડું ઘણું પડાવી સંતોષ માને છે. પહેલા પ્રકારવાળાઓનું ટટ્ટુ લાંબો વખત ચાલી શકતું નથી, તેઓ સપાટામાં જલદી આવી જાય છે. કેટલીક વચ્ચે દલાલ રાખે છે ને કેટલાક અરજદારની જોડે બારોબાર સમજુત કરી લે છે.

લાંચ સંબંધી કાયદો-કાયદો બન્નેને ગુન્હેગાર ઠરાવે છે; લેનાર તેમ આપનારને. પ્રશ્ન એમ નીકળે છે કે આમ શું કામ હોવું જોઇએ ? જાણે લાંચીઆ અમલદારોના લાભ અર્થેજ એ કાયદો ઘડાયો હોય એવોજ ભાસ થાય છે. આથી તો લાંચ લેનારાઓને કાયદાની શુંખલામાં લાવવા અશક્ય જેવું થઇ પડે છે, કેમકે લાંચ આપનાર લાંચ આપ્યાનું કબુલ કરે તો પોતેજ ગુન્હેગાર બને છે. આ કાયદાના સંબંધમાં એ વાંધો બહુ સબળ જણાય છે. પણ એની બીજી બાજુ પણ તપાસવી જોઇએ. લાંચ આપનાર કસૂર વિનાનો છે એમ તો કહી શકાય નહિ. વળી એ બાબતમાં કાયદો લાંચ આપનારને ગુન્હેગાર નહિ ગણે તો અનેક ખોટાં તોહમતો ન્યાયાધીશો તેમજ બીજા અમલદારો સામે ઉભા કરેલાં સાક્ષીઓ વડે ઉત્પન્ન થઇ શકે છે. એટલું તો ખરૂં છે કે લાંચ લેનાર આપનાર કરતાં વધારે દોષિત છે, કેમકે જ્યારે પક્ષકારને ખબર પડે છે કે હું જો કંઇ નહિ આપીશ તો સામાવાળો આપીને ફાવી જશે, ત્યારેજ તે લાંચ આપવા મરજી કરે છે. લાંચ નહિ લેનાર ન્યાયાધીશને પોતાની મેળે કોઇ લલચાવવા આવે એવું જવલ્લેજ બને છે. કદાચ કોઇ લલચાવવા આવે તો પણ તે અમલદારને સરકાર તરફથી પગાર મળે છે, તેથી લાલચમાં નહિ પડવું એ તેની ફરજ છે.

એકંદર રીતે વિચાર કરતાં લાંચ આપનાર કરતાં લાંચ લેનાર વધારે કસૂરવાન છે, પરંતુ લાંચ આપનાર જો કાયદાના પંજામાંથી મુક્ત હોય તો કેટલો બધો અનર્થ થાય તે વિચારવા યોગ્ય છે. જેની વિરૂદ્ધ ચુકાદો થાય તે લુચ્ચો હોય તો ન્યાયાધીશ સામે લાંચનો મુકદમો ખડો કરવામાં કેમ પછાત રહે ? આથી કેટલા બધા નવા મુકદમા સ્થાપિત થાય ! બધા અમલદારોમાં ન્યાયાધીશ પોતે ન્યાયની મૂર્તિ ગણી શકાય, તેજ જ્યારે લાંચ લે તો તેની કોર્ટમાં ઇન્સાફ ટકી શકેજ નહિ.

ઉપરી ઓફીસ જોડે સભ્યતા-કોઇ કામમાં આપણે બહુ સારી રીતે સમજતા હોઇએ કે ઉપરી ઓફીસનું લખાણ ભૂલ ભરેલું છે, તોપણ ઉત્તર આપવામાં આપણે તેનાથી વધારે સમજીએ છીએ એવું અભિમાન-દર્શક કે અસભ્ય લખાણ કરવું નહિ. ઉપરી ઓફીસની જોડે નમ્રતાથી વર્તવું એ બહુ અગત્યનું છે.

ઠપકો ને સહનશીલતા-કોઇ વાર ગેરવાજબી રીતે ઉપરી ઓફીસ તરફથી ઠપકો પડે છે. પણ તે સોળ ઉઠાવે તેવો ન હોય અને તેમાં વાજબી

પણાનો કંઇક અંશ હોય, તો ચુપ રહેવામાં ડહાપણ છે. જાણે જાણતાજ નથી એમ ગમ ખાઈ રહેવું પણ તેમ નહિ હોય તો પોતાનો બચાવ બહુ નમ્રતાથી કરવો.

ઢાંક પિછોડો—તુમારી કામમાં કંઇક ભૂલ થઇ ગઇ હોય તો તે સંતાડવી નહિ પણ કબૂલ કરી દેવી. ભૂલ સંતાડવાથી બહુવાર એકમાંથી અનેક ભુલ થઇ જાય છે. સમજવામાં શી રીતે ફેર આવ્યો તે દર્શાવી ભુલ થયાનું સ્વીકારવું તેમાંજ શોભા છે.

તુમારોનો નિર્ણય—કેટલાક તુમારો વરસો સુધી ચાલ્યાં કરે છે અને વધી વધીને રાક્ષસી રૂપ ધારણ કરે છે. ઘણુંકરી રજવાડાઓમાં એવું બહુ બને છે. એક અમલદાર સમજે કે 'હું શું કામ ચોકખો જવાબ આપું? છો કૂટાય બીજો અમલદાર તેમાં ઉંડો ઉતર્યા વિના ઉપર ઉપરથી અખાડા ભરેલા જવાબ આપે છે અથવા ત્રીજા કોઇ અમલદાર તરફ ફેંકી મારે છે. ત્રીજો અમલદાર અચોકસ ઉત્તર દે છે તેથી ફરી પૂછવાની જરૂર રહે છે. આવી રીતે તુમારની લંબાઇ પહોળાઇ વધ્યાં જાય છે; કોઇ કોઇ વાર તો પોતાની હદમાં રહી શકતો નથી તેથી તેને પુઠું બાંધવાની જરૂર થઇ પડે છે. વળી અનેક થીગડાં લગાડવાં પડે છે, તે તો જુદાં. તુમારની એક વિનોદી વ્યુત્પત્તિ આ સ્થળે અયોગ્ય નહિ ગણાય. તુ=તું+માર=તુમાર. એક અમલદાર કહેશે કે "તુંમાર," બીજો કહેશે કે "તુંમાર!" પહેલો કહેશે કે હું જરા આરંભ કરી આપું છું ને છેવટનો કલમનો ગોદો "તું માર." બીજો કહે નહિ "તું માર."

ગંભીર પ્રકારનો નિર્ણય કરવામાં ધીરજ તો રાખવી જોઇએ પણ ઢીલ કરવી નહિ. તુમાર લાંબો હોય ત્યારે તરફેણ તથા વિરૂદ્ધના મુદ્દા કાઢવા જોઇએ, તે પછી એક એક મુદ્દા લઇ નક્કી કરી આખા તુમારનો નિર્ણય કરવો. જ્યારે કોઈની કસુર સંબંધીનો તુમાર હોય અને તેણે વાંક કર્યો છે એવું ખાતરીપૂર્વક સિદ્ધ થતું હોય, પણ તેની વિરૂદ્ધ માત્ર શક ઉભો થતો હોય તો શકનો લાભ તેને આપવો જોઇએ. "ઘણું કરીને વાંક કર્યો હશે," એટલું માત્ર સાબિત થતું હોય તો તેને તાકીદ આપ્યા ઉપરાંત હવેથી તેના ઉપર સખત નજર રાખવામાં આવશે એવી તેને ચેતવણી આપવી જોઇએ, અથવા જરૂર જેવું જણાય તો તેની ત્યાંથી સરખે પગારે બદલી કરવી. નાની ને પહેલીજ કસુર હોય ત્યારે તો માફી આપવી યોગ્ય છે.

અમલની ખુમારી—બે જણ નાનપણથી ઘણા વરસો સુધી સાથે રમતા ને બહુવાર સાથે જમતા એવી રીતે તેમની વચ્ચે પૂરી મૈત્રી બંધાઇ હતી. દૈવજોગે ત્રણ ચાર વરસ સુધી તેઓ જુદા પડયા. દરમ્યાન એકને મોટો હોદ્દો મળ્યો જ્યારે તેના. મિત્રના જાણવામાં તે વાત આવી ત્યારે તેને મુબારકબાદી આપવાને માટે તે તેને ઘેર ગયો. પેલા હોદ્દેદારે કશો આવકાર આપ્યો નહિ ને જાણે ઓળખતો નહિ હોય તેવી રીતે પૂછ્યું "અહિંયાં તમે કેમ આવ્યા છો?" તેનો મિત્ર બહુ ઝંખવાણો પડી ગયો, પણ ધીરે રહી જવાબ આપ્યો કે "મેં એમ સાંભળ્યું કે આ મોટો દરજ્જો મળ્યા પછી આપની આંખોને બહુ નુકશાન પહોંચ્યું છે તેથી તે સંબંધી મારી દિલગીરી બતાવવા આપની પાસે આવ્યો છું."

સુધારો કરવા ખંત—જવાન તથા ચાલાક નવા નિમાયલા અમલદારને પોતાના ખાતામાં એકદમ સુધારો કરી નાખવા બહુ અભિલાષા રહે છે, પણ તેમ કરતાં પહેલાં પ્રથમ કેવી રીતે ધોરણ ચાલતું હતું ને તેમાં પાછળથી કેવી રીતના ફેરફાર થયેલા છે અને તે. શા કારણથી, તે સમજવા માટે પાછળનું દફતર જોઇ જવાની કે બીજી રીતે તે સંબંધી વાકેફગારી મેળવવાની બહુ અગત્ય છે. સામટો વ્યાપ્ત સુધારો કરવો નહિ અને પ્રથમ થઇ ગયલા અધિકારી પ્રતિ ધિક્કાર બતાવીને તેની નિંદા કરવી નહિ.

નિમેલે વખતે મુલાકાત—તાબાના માણસો મળવા આવે તેમને માટે અમુક વખત નીમી રાખ્યો હોય તો ઘણી રીતે સુગમતા થાય છે. એમ થવાથી અમલદાર પોતાનો ઘણો વખત બચાવી શકે છે, કેમકે તાબાના નોકરો ઘણા હોય અને દરેક જુદે જુદે વખતે આવે તો લગભગ અડધો દહાડો મુલાકાત લેવામાં ગત થાય છે. ઘણાઓની મુલાકાત સામટી લેવાથી વખતનો બહુ બચાવ થાય છે. ખાસ કોઇને ખાનગી મુલાકાત લેવાની હશે તો તે પોતાની મેળે અરજ કરી વખત નક્કી કરશે. એમા બીજો ફાયદો એ છે કે જે વખતે અમલદાર બીજા કોઇ કામમાં રોકાયલો હોય ત્યારે મુલાકાત લેનારાઓ તેમાં ખલેલ કરી શકે નહિ. વળી તાબાના માણસોને પણ એથી લાભ થાય છે કેમકે 'હમણા નહિ, સાંજે આવજો, કે સવારે આવજો, આવા જવાબથી ધક્કા ખાવા નહિ પડે. કેટલીક ખરી હકીકત મેળવવા અમલદારે જાતે ફરી બીજાઓની મુલાકાત લેવી જોઇએ.

મુલાકાતની અગત્ય—પ્રથમ થઇ ગયલા મહા પ્રતાપી મુંબઇના હાકેમ માઉન્ટ સ્ટુઅર્ટ એલફિનસ્ટને એ સંબંધી ખાસ સુચના આપી છે કે

અંગ્રેજ કલેક્ટરોએ જિલ્લામાં ફરવું એટલુંજ નહિ પણ દરરોજ ઓછામાં ઓછા બે કલાક સુધી બધા વર્ગના માણસને આવવા દેવા ને તેઓની ફરિયાદ મોઢામોઢ સાંભળવી અને મામલતદારપર હુકમ આપવો" મુલાકાત સમયે તેઓ નિર્ભયપણે અરજ કરી શકે એવી તેમને તક આપવી જોઇએ. મોટા અમલદારો અને તેમાં ખસુસ કરીને રાજાઓ ઉપર મુલાકાત વખતે ચોકી રાખવામાં આવે છે, તે બાબત તેમને થોડીજ ખબર હોય છે. હાથ નીચેના અધિકારીઓ ઘણું કરીને તેને વીલા મૂકતા નથી, પણ જો તેમને જવુંજ પડે તો શી શી વાત થાય છે તે ધ્યાનમાં રાખવા કોઇ આશ્રિતને સૂચના આપી જાય છે. મોટા મોટા હાકેમોને શહેરમાં ફરવા નીકળી જાતે જોવાની બહુ જરૂર છે.

લોકો સુખી છે કે દુઃખી—બગદાદનો ખલીફાહારૂન-અર-રશીદ વેશ બદલી રાત્ર વેળાએ પોતાના વજીર જાફરને લેઇ શહેરનો તમાસો જોવા જતો. એવીજ રીતે હીંદમાં રાજા વિક્રમ અને ભોજ પણ નગરચર્ચા સાંભળવા જતા. વેશ બદલવો એ એક જાતનો ઢોંગ છે અને તે વાજબી ગણાય કે નહિ એ શંકા ભરેલું છે, તથાપિ એમ તો નક્કીપણે કહી શકાય કે ખરી માહિતગારી મેળવવા માટે જાતે ફરી પુછગાછ કરવાની હાકેમોને માથે ફરજ છે.

પ્રધાન કે મોટી સત્તાવાળા અમલદારના કર્તવ્ય વિષે એક કવિએ સારૂં વર્ણન આપ્યું છે.

છપ્પય.

" રૈયત રાજી રહે, રહે રાજી વળી રાજા;
ઘંટે ન દેશ ગરાસ, મહિપની રાખે માજા;
વીખસરીખાં વચન, જીભથી કદી ન જલ્પે;
રાજા સાથે રંચ, કપટ મનમાં નવ કલ્પે;
એ ખટ ગુણિયલ પરધાન તો, ખોળતાં જવલા જડે;
પછી કલમ કાન ધરનાર તો, અનાડી લાખો આથડે. "

સ્વર્ગવાસી દી૦ બ૦ મણીભાઇ જશભાઇમાં એ છએ ગુણ હતા. પણ આવા શક્તિવાળા પ્રધાન તો ક્વચિતજ રાજાને હાથ લાગે છે. પ્રધાનનું વસવું રાજદરબારમાં થાય છે. તેથી બીજા અમલદારો કરતાં તેને વધારે સંભાળ રાખવાની છે, એજ કવિએ એ સંબંધી નીચે પ્રમાણે કહ્યું છે:—

છપ્પય.

" રાજશત્રુ સંગાથ, રાગ એક રંચ ન રાખે;
ચાડી કરમ નહિ ચિત્ત, નહિ મુખ નિંદા દાખે;
અંતરનો અભિલાખ, જગતમાં કોઇ ન જાણે;
ભૂપતિ આગળ ભેદ, ઉચ્ચરતાં જરા ન આણે;
કદી કારણ વિણ રાણી કને, ઉચરે ન જઇ અવાજને;
તે પ્રધાન નિશ્ચે તારશે, રૈયત સુદ્ધાં રાજને, "

પહેલા છપ્પામાં છ ગુણ કહેલા છે તે ખરેખર બહુ કીમતી છે. રૈયત તેમજ રાજાને રાજી રાખવાં એ કામ કપરૂં છે. વળી રાજા, રાજકુટુંબ, તથા રૈયતને રાજી રાખવાં એ વધારે કપરૂં છે પણ તે અશક્ય નથી એવું કૈલાસવાસી દીવાન બહાદુર દીવાને પોતાની કચ્છની કારકિર્દી ઉપરથી સિદ્ધ કરી આપ્યું છે.

બીજા છપ્પામાં જે પ્રધાનની પાત્રતા બતાવી છે તેમાં ઝાઝો માલ નથી. વળી તેનો કેટલોક ભાગ વાંધાભરેલો છે. " ચાડી ન ખાવી અને નિંદા ન કરવી " એટલે શું ? પ્રધાનની ફરજ છે કે દરબારનું, કંઇ પણ નુકસાન કોઇ અમલદાર કરે તો તેની પોતે ખબર લે અથવા તો તે વાત રાજાને કાને નાખી તે સંબંધમાં યોગ્ય પગલું ભરે માટે એ બે બાબતો પ્રધાનને લાગુ પડી શકતી નથી. સાધારણ રીતે લોકો કહે છે કે " ચાડી ખાવી નહિ " પણ એનો પૂરેપૂરો અર્થ થોડાજ સમજે છે. દ્રષ્ટાંતઃ—

એક શેઠને બે નોકરો હોય અને તેમાંથી એક અપ્રમાણિક હોય અને તે શેઠના ઘરમાંથી જણસો કે પૈસા ચોરી જતો હોય તે વાત બીજા પ્રમાણિક નોકરના જાણવામાં આવે તો શું તે વાત પોતાના શેઠને તેણે જાહેર ન કરવી ? એમ કરવું એ ચાડી કહેવાય કે નહિ ?

૨. પરીક્ષા આપવા અનેક ઉમેદવારો બેઠા હોય અને તેમાં કોઇએ અપ્રમાણિકપણું વાપર્યું એટલે કે પોતાના પાડોશીના જવાબો જોઇ અથવા કોઇ પુસ્તક ઉઘાડું રાખી તેમાંથી જોઈ ઉત્તર લખ્યો તે વાત કોઈ પ્રમાણિક ઉમેદવારે પરીક્ષકને કહી દીધી તેને ચાડી કહેવી કે ના કહેવી ? જો આપણે બન્ને ઉદાહરણમાં જાહેર કરેલી વાતને ચાડીનું નામ આપીએ તો " કદી ચાડી ખાવી

નહિ" એ સૂત્ર ખોટું ઠરે છે. કારણ દેખીતું છે. પ્રમાણિક નોકરની ફરજ છે કે પોતાના શેઠનું નુકશાન થવા ન દેવું. બીજા દ્રષ્ટાંતમાં પેલા ઉમેદવારે પોતાની ફરજ નહોતી છતાં બીજાને નુકસાન થાય તેવી વાત જાહેર કીધી એ તેણે યોગ્ય કર્યું એમ ભાગ્યેજ કહી શકાય. ખરૂં પૂછાવો તો બીજું દ્રષ્ટાંત ચાડીનું છે, ને પહેલું નથી. બીજા દ્રષ્ટાંતમાં પરીક્ષકે પેલા ઉમેદવારને પૂછ્યું હોય કે ફલાણાએ કોપી કરી કે નહિ તેના ઉત્તરમાં તેણે કહી દીધું હોય તો ચાડી કહેવાય નહિ. ચાડીની વ્યાખ્યા નીચે પ્રમાણે આપી શકાય:—

કોઇના પૂછ્યા વિના અને પોતાની ફરજ નહિ છતાં કોઈ મનુષ્યને નુકશાન થાય તેવી ખરી બનેલી વાત કહી દેવી તે.

રાજાઓને માટે રોશની. આ એક વિકટ વિષય છે અને તેનો આરંભ કરતાંજ ટેલીમેકસના અમુલ્ય વચન યાદ આવે છે. " How dangerous a situation is royalty in which the wisest are often the tools of deceit. A throne is surrounded by a train of subtility and self-interest. Integrity retires because she will not be introduced by Importunity or Flattery. Virtue conscious of her own dignity waits at a distance till she is sought, and princes seldom know where she is to be found."

અર્થ:—ખરે રાજ્યપદ કેવી ભયંકર સ્થિતિ છે કે તેમાં ડાહ્યામાં ડાહ્યા લોકો બહુવાર ઠગાઇના હથીઆર બને છે. રાજ્યગાદી પ્રપંચ અને સ્વાર્થની સાંકળથી ઘેરાયલી રહેછે. પ્રમાણિક પણું તેનાથી પાછળ હઠે છે કારણ કે તેનું ઓળખાણ આપવા કાલાવાલા કે ખુશામદરૂપી મિત્રો તેની પાસે નથી. સદગુણ દેવી પોતાનો મોભો જાળવી રાખીને, જ્યાંસુધી તેડું આવે નહિ ત્યાં સુધી વેગળે ઉભી રહે છે અને રાજ્યકર્તાઓ ક્વચિતજ જાણી શકે છે કે તે કયાં વસે છે.

ઇથેકાના રાજા યુલીસીઝનો કુંવર ટેલીમેકસ ફીનીશીયાના ટાયર શહેરમાં આવી પહોંચ્યો ત્યારે જે વહાણમાં તેણે મુસાફરી કરી હતી તેના કપ્તાન નરબલે મિત્ર તરીકે તેને ચેતવણી આપી હતી કે તું કયાંનો રહેવાશી છે ને કોનો દીકરો છે તે કોઇને તારે કહેવું નહિ કારણ કે, ટાયરનો રાજા પીગમેલીયન બહુ ઘાતકી અને યુનાની લોકોનો શત્રુ છે, માટે તેને ખબર પડશે તો જરૂર તને મારી નાખશે અને મેં તે વાત જાહેર ન કરી તેથી મને પણ સજા થશે. નરબલ તેને શહેરમાં લેઇ જઇ જોવા લાયક ઇમારતો કારખાનાં વગેરે જગાઓ દેખાડતો અને વાકેફ કરતો. આવી રીતે ઘણા દહાડા સુધી રાજકુંવર યુનાનનો વતની છે એવી કોઇને

ખબર પડી નહિ. અંતે રાજાને તે બાબતની ખબર પડી તેથી તેને તેમજ પેલા કપ્તાન નરબલને પકડવા માણુસો મોકલ્યાં. પણુ આ સમયે એક વિચિત્ર બનાવ બન્યો, રાજાની રાખ આસ્રાબી કરીને હતી તેની પ્રીતિ તેજ શહેરના રહીશ મેલીકન નામના એક ખૂબસુરત જુવાન ઉપર હતી પણુ તેણે એની અવગણુના કરી હતી પેલી છકેલી સ્ત્રીના મનમાં એમ વિચાર આવ્યો કે હું રાજાની માનિતી અને તેની સ્ત્રી જેવી છતાં આ એક તુચ્છ માણુસ મારી અવગણુના કરે ? હું એને આવી વર્તણુકનો સ્વાદ ચખાડીશ, આવી રીતનો ઠરાવ આ સ્ત્રીએ પ્રથમથી કરી રાખ્યો હતો તેથી જ્યારે રાજાએ ટેલીમેકસને પકડવા માણુસો મોકલ્યાં ત્યારે તેણે નરબલને કહાવી મોકલ્યું કે, "તારી સાથે જે યુનાની જવાન છે તેને તું લઇને નાશી જા, બંદર ઉપર વહાણુ તૈયાર રખાવ્યું છે. સંદેશો લાવનાર તને તે બતાવશે, નિર્ભય રહેજે." આ સંદેશાની કીમત નરબલ તરત સમજી ગયો અને તે પ્રમાણે અમલ કર્યો, કેમકે તે જાણુતો હતો કે રાજા ઉપર એ રાખની પૂરેપૂરી સત્તા જામી ગઇ હતી તેથી કંઇપણુ ડર રાખવાનું કારણુ રહ્યું નહોતું. હવે બીજી તરફ બીચારા મેલીકનને ટેલીમેકસની જગ્યાએ યુનાની તરીકે ખડો કર્યો. બાદશાહ સિવાય બધા સારી પેઠે જાણે કે ફલાણા ફળીઆમાં રહેનાર પેલો ફક્કડ કહેવાતો મેલીકન એ છે પણુ આસ્રાબીની ધાક એવી હતી કે સત્ય કહી દે તે માર્યો જાય. આમ સમજી સૌ ચુપ રહ્યા અને પેલા નિરપરાધી માણુસને જાહેર રીતે ફાંસીએ લટકાવવામાં આવ્યો. હવે આ રાજા તો અભણુ, બેવકુફ ને ઘાતકી હતો તેથી તેના વખતમાં આવો બનાવ બને તે બહુ નવાઈ જેવું નહિ ગણુાય. પરંતુ ડાહ્યા અને ન્યાયી રાજાના વખતમાં પણુ કોઇ કોઈવાર લુચ્ચા કારભારીઓ આંખમાં ધૂળ છાંટી ભૂલાવો આપે છે. મિસર દેશનો બાદશાહ સિસોસ્ટ્રીસ બહુ અનુભવી, રઈયતનું રક્ષણુ કરનાર તથા ઇન્સાફી હતો. એનો ભાઇ તેથી ઉલટા સ્વભાવનો હતો તેથી તેણે બાદશાહને મારી નાંખવા કાવતરૂં રચ્યું અને તેમાં ફિનીસીઆના લોકોએ બહુ મદદ આપી. પણુ રાજાના કોઇ હિતેચ્છુએ ખબર આપ્યાથી એ કાવતરૂં ઉઘાડું પડયું. બાદશાહને ફિનીસીઅનો ઉપર બહુ ચીડ ચઢી અને પોતાનાં વહાણો મોકલી તેમને શિક્ષા કરવા માટે પકડી લાવવાનો હુકમ કર્યો. હવે જોગ એવો બન્યો કે ટેલીમેકસ અને તેનો ગુરૂ ફિનીસીયનો સાથે મુસાફરી કરતા પકડાયા. બાદશાહની પાસે તેમને હાજર કરવામાં આવ્યા કેમકે અગત્યની બાબતમાં ન્યાય તે પોતાને હાથેજ કરતો અને રોજ દરબાર ભરી લોકોની ફર્યાદ તેમજ ગામની નવી ખબરો સાંભળતો. તેણે ટેલીમેકસને પૂછ્યું કે તું કોણુ છે, કયાંથી આવ્યો છે, શા માટે આવ્યો છે? તેણે કહ્યું કે હું

યુલિસિઝનો દીકરો છું. મારા પિતા ઇથેકાના રાજાએ ટ્રોયની લડાઇમાં ફતેહ મેળવી તે આપ પણ જાણતા હશો પણ તે પછી તેઓ કયાં ગયા તેનો પત્તો નથી. હું તેમની શોધમાં નીકળ્યો છું. બાદશાહે કહ્યું કે યુલિસિઝની કીર્તિ વિષે મેં બહુ વાર સાંભળ્યું છે ને તેમને માટે મારો બહુ ઉંચો વિચાર છે માટે જો તમે ખરેખર યુનાની હશો તો તમને છોડી મૂકશું એટલુંજ નહિ પણ જોઇતી મદદ આપી તમારે વતન પહોંચાડી દઇશું પણ તમે મને ઠગો છો એમ માલૂમ પડ્યું તો તમારી દુર્દશા થવાની, એમ કહી પોતાના પ્રધાનને તપાસ કરવાનું કામ સોંપ્યું. જેટલો રાજા ભલો હતો તેટલોજ પેલો પ્રધાન દુષ્ટ હતો; તેનો વિચાર એવો હતો કે આ બન્ને પરદેશીઓને પોતાના ગુલામ કરી રાખવા, તેમની જુવાનીમાં તફાવત દેખાડવા તેમને બન્નેને જુદા પાડ્યા. ટેલીમેકસને અનેક સવાલો પૂછ્યા. તમે વતનથી ક્યારે નીકળ્યા ? કેવી રીતે મુસાફરી કરી કયાં કયાં શહેરો જોયાં ઇત્યાદિ. એજ મતલબના પ્રશ્નો ગુરૂને જુદા પૂછ્યા. બેઉના જવાબોમાં જ્યાં કિંચિત માત્ર ફેર માલૂમ પડ્યો ત્યાં પોતાના તરફથી ટેલીમેકસનું કહેણ ખોટું છે એમ સિદ્ધ કરવા પ્રપંચી પુરાવા ઉભા કર્યા. બાદશાહને જઇને કહ્યું કે આ એમ કહે છે ને ગુરૂ આમ કહે છે. એની જોડે મુસાફરી કરનાર લોકો ચોકખી રીતે કહે છે કે એ બન્ને જણ ફિનિ-સીઅન છે. બાદશાહ બુદ્ધિવાળો સુજ્ઞ હતો છતાં પ્રધાનના કાવાદાવા સમજી શક્યો નહિ અને ભૂલાવો ખાઇ બન્નેને ગુલામ કરી રાખ્યા. કારભારીઓની લુચ્ચાઇ રાજા સમજે છતાં તેને કેમ છોડી ન શકે તેનું ઉદાહરણ નીચે પ્રમાણે છે:—

એક બાદશાહે કોઈ અનુભવી વિદ્વાન આગળ કરેલો ઇકરાર.

મારે બે પ્રધાન હતા. એકનું નામ પ્રોટીસલોસ અને બીજાનું ફ્રેલોક્લિસ હતું. પહેલો પ્રધાન ઉંધો રસ્તો બતાવતો પણ હું ખોટે રસ્તે દોરવાઇ જાઉં તે પહેલાં ફ્રૈલોક્લિસ ભૂલ બતાવી મને બચાવી લેતો. પ્રોટીસલોસ ખુશામદીઓ હતો, દુર્ગુણને ઉત્તેજન આપતો, રાખ રાખવી એ ખોટું છે કે નહિ તે સંબંધી મેં તેને સલાહ પૂછી; ત્યારે તેણે કહ્યું કે એમાં શું ? આપના અમીરો પણ રાખે છે, બાદશાહોને તો ખાસ કરીને મોજ જોઇએ કેમકે તેમનું મન સદા મગ્ન રહે તો પ્રજાના કલ્યાણ માટે તત્પર રહે. ઇશ્વર પોતે માયારૂપ છે, એની માયાથીજ બધી દુનિયા ચાલે છે અને પૃથ્વી ઉપર ઇશ્વરનો પડછાયો તો રાજાઓ છે. આપ આવી રીતની માયા બાંધો તેમાં કોઇને હાની પહોંચતી નથી અને આપને આનંદ મળે તો તેમાં હરકત શી છે ? ફૈલોક્લિસ તો બહુ કઠિણ મનનો છે અને હવે તો આપની લગાર અદબ પણ રાખતો નથી. આવી રીતે મને ખોટી સલાહ આપી મોજ અને પ્યારના ઊંડા ખાડામાં તેણે હડસેલી દીધો તો પણ હું

રૈસોક્લિસ પ્રતિ બહુ માનની નજરથી જોતો હતો; જ્યારે જ્યારે પ્રસંગ આવે ત્યારે પ્રોટીસલોસ પેલા ભલા પ્રધાનની નિંદા કરતો છતાં મારો તેના પ્રતિ ઉંચો મત તે ફેરવી શકયો નહિ તેથી તે એક નવી ગત રમ્યો. નિંદા છોડી દઇ ધીમે ધીમે ફ્રૈસોક્લિસનાં વખાણ કરવા લાગ્યો. એક દહાડો તેણે તક જોઇ એવું જાહેર કર્યું કે દુશ્મનનો એક કાફલો આપણા દેશ ઉપર ચડી આવે છે. ફ્રૈસોક્લિસ આપ જાણો છો કે બહાદુર છે માટે તેને લશ્કરનો સરદાર બનાવી સામો મોકલવો જોઇએ મેં આ વાત પસંદ કરી તેથી ફ્રૈસોક્લિસ દુશ્મન ઉપર સામો ચઢયો ને તેમને તેણે હરાવ્યા. આ બનાવ માટે હરખ બતાવી પેલા પ્રપંચી પ્રધાને મને એમ સમજાવ્યો કે રૈસોક્લિસને બહુ જશ ઘટે છે તેથી એને બીજું લશ્કર આપી દુશ્મનનો દેશ જીતી લેવા મોકલવો જોઇએ. આ ચડાઇમાં પણ પેલા ભલા પ્રધાનનો જય થયો તેથી પેલા બીજા પ્રધાનની સુચના પરથી તે દેશનો રૈસોક્લિસને હાકેમ બનાવવામાં આવ્યો. આ યુક્તિથી તેણે ટાઢે પાણીએ ખસ કાઢી પણ પ્રપંચનો નવો દાવ હજુ બાકી હતો. તેને હાકેમ તો બનાવ્યો પણ કંટક રૂપ થઇ પડે તેવો અને પોતાનો વિશ્વાસુ ભેદુ મદદનીશ તરીકે તેને આપ્યો. તે વારંવાર અગત્યની ખબર પહોંચાડતો. એક વાર પ્રથમથી કરી રાખેલી ગોઠવણ પ્રમાણે પેલાને બાદશાહની મુલાકાત કરાવી. બાદશાહે તેને ખબર અંતર પૂછી ત્યારે તેણે ઉત્તર દીધો કે એ મુલક હવે આપનો નથી માટે આપ જે કંઇ પૂછો છો તે મિથ્યા છે. બાદશાહે કહ્યું એમ કેમ બને, ખુલાસો કરી બતાવ. તેણે કહ્યું કે ખુદાવિંદ એમાં પૂછો છો શું ? એ એવો તો લોકપ્રિય થઇ પડયો છે કે એને માટે પ્રજા પોતાના પ્રાણ અર્પણ કરે; કારણ એ છે કે લોકો પાસેથી તે બહુ નજીવો કર લે છે અને તેમાંથી પણ ગરીબોને દાન કરે છે. આ પ્રસંગે પ્રોટીસલોસે કહ્યું કે ખરેખર રૈસોક્લિસ બહુ દયાળુ છે અને જે મોટા હોદ્દા ઉપર હાલ તે છે તેને પૂરેપૂરો લાયક છે. બાદશાહે કહ્યું, નહિ નહિ; આવી એની ભલાઇ શા કામની. મને કંઇ મહેસુલ મોકલતો નથી અને મારા પૈસાથી સખાવત કરે છે. આ તો પારકે પૈસે દીવાળી કહેવાય. મેં આટલો બધો એના ઉપર વિશ્વાસ રાખ્યો તેનો એણે આવી રીતનો બદલો વાળ્યો માટે એકદમ એની પાસેથી સત્તા લઇ લેવી. મેં તરત હુકમ લખી આપ્યો કે સઘળો ચાર્જ-ટાઇમોક્રીટીસને સોંપી દેવો. આવી રીતે તે હુકમ લઇ હાકેમ બન્યો. તેની તો એવી ઇચ્છા હતી કે ફાઇલોને ઘાયલ કરવો પણ લશ્કરના માણસોની પ્રીતિ પેલાના ઉપર એટલી બધી હતી કે તેનો એક વાળ પણ વાંકો કરી શકયો નહિ. આ બધો પ્રપંચ મને પાછળથી માલુમ પડયો પણ મને એવી ધારવી

રહેતી કે એ બે લુચ્ચાઓને હું કાઢી મૂકીશ તો કદાચ કાવતરૂં કરી મારૂં રાજ્ય ખૂંચી લેશે. પેલો બિચારો ફ્રેંશોકિસ્ક્ર મારા રાજ્યની બહાર એકાંત ટાપુમાં વસે છે. તમે આવ્યાં છો તેથી હવે મને હિમ્મત આવે છે અને આજેજ એને તેડાવી લઉં છું. બેલા બે દુષ્ટોને હું જપ્ત કરી કાઢી મૂકીશ. તમે બેહુ મળી પ્રધાન પદ ચલાવજો.

ગર્વિષ્ટપણું. તમે કોઇ ક્લબ કે મંડળીના મેમ્બર હો અને તેજ મંડળમાં તમારા કરતાં ઉતરતી પાયરીના સભાસદ હોય તો વાતચિત કે વર્તનમાં તમારે પોતાની શ્રેષ્ઠતા બતાવવી નહિ. મંડળમાં તમે પદવીની પ્રભુતા વિસારી મૂકો.

દોહરો.

બડા બડાઇ ના કરે, (ઔર) બડા ન બોલે બોલ;
હીરા મુખસે કબું કહે, લાખ હમેરા મોલ.

રૂપીઆ પોતાની કીંમત ખણખણાટ કરી જાહેર કરી દે છે, પણ પેલો લાખેણો અમૂલ્ય ખણખણ કે ઝણઝણ કશું એ જાણતો નથી. તમે ઓહદાનું અભિમાન ખાનગી પરિચયમાં તજી દેશો તો પ્રભુતા પોતાની મેળે દોડતી તમારી પાસે આવશે. વર્તન એવું રાખો કે લોકો હર્ષ તથા પ્રીતિના ઉમળકા સાથે તમારે માટે કહે કે.

"When he sits in office he is another man."

જ્યારે પોતાનો ઓહદા ઉપર બિરાજે છે, ત્યારે એ મૂર્તિનો ઠાઠ જુદોજ હોય છે.

મણકો ૨ જો.

* સિરસ્તેદાર.

શું દેખો સરકારનાં, એતો છે નહિ રામ.
પૂજો સેવક પુષ્પથી, સર્વ કરી દઉં કામ.

આ એક આપમતલબી સિરસ્તેદારનું બોલવું છે. પ્રમાણિકપણે ચાલી પોતાના ઉપરી અમલદાર પ્રતિ ખરા મનનો પ્રેમભાવ રાખી કામ કરે એવા કારકુન ચાલીસ ટકાથી કંઇક ઓછા સમજવા. જેઓ કુટીલ મતિના કારકુનો હોયછે તેઓ ઉપરીને પોતાની મતલબ સાધવા અનેક યુક્તિઓ કામે લગાડે છે.

---

* દફતર, સેક્રેટરી, હેડક્લાર્ક, ચિટનીસ, કારકુન, ઇત્યાદી એજ પંક્તિમાં આવે છે.

૧ નઝર ચૂકાવવી. પોતાના એક ધારેલા લખાણુ ઉપર સહી લેવી હોય તો બીજી કોઇ બહુ ઉપયોગી બાબત વિષે ચર્ચા ચલાવી પહેલી બાબત ઉપર ઓછું લક્ષ અપાય તેમ કરી કામ કાઢી લેવું.

૨ બહુ ઉતાવળનો લાભ લેવો.

૩ ડિસ્ટ્રીકટમાં કે મુસાફરીએ જતી વેળા સહી લેઇ લેવી.

૪ મુદ્દાની વાત બીજી બાબતો જોડે સેળભેળ કરી પોતાની મતલબ પાર પાડવી.

૫ અમુક બાબતમાં ઉપરીની મરજી સમજી પોતાની ધારણા એથી પ્રતિકૂળ હોવાથી પોતેજ તે બાબત એવા રૂપમાં અને એવાં કારણો સચવી રજુ કરવી કે તે નક્કી નિષ્ફળ જાય.

૬ ધમકી વડે એક્કીની બેકી કરવી.

૭ લોકમતનો આધાર લેવો.

૮ પોતાનો અયોગ્ય અભિપ્રાય ઉપરીના મનમાં દાખલ કરવો.

૯ ઉજળી બાજુ આગળ કરવી.

૧૦ ધોરણની ભૂલથાપ.

૧૧ જેવી આપની ઇચ્છા.

૧. રાણી ઇલીઝાબેથના એક સેક્રેટરીને માટે એમ કહેવાય છે કે જ્યારે કોઇપણ બીલ ઉપર સહી લેવી હોય ત્યારે રાજ્યમાં કરવા ધારેલા મોટા મોટા સુધારા સંબંધી વાતો કરી રાણીનું ધ્યાન તેના ઉપર એવી રીતે લગાડી દેતો કે બીલમાં લખેલી રકમો કેટલે દરજ્જે વાજબી છે તે બાબત મુકાબલે નજીવી હોવાથી સહીમાં કદી વાંધો આવતો નહિ એટલુંજ નહિ પણ કોઇ રકમ બાબત પ્રશ્ન પૂછવાનો વખત આવતો નહિ.

૨. ઘણા દહાડા અમુક તુમાર રાખી મૂકી જે દહાડે તેનો અવશ્યે નિકાલ લાવવોજ જોઇએ અને અમલદારનો ઓફિસમાંથી ઉઠવાનો વખત થયો હોય ત્યારે તે રજુ કરે છે. સાહેબ કહેશે કે આ તો વિચાર કરવા જેવું છે. " સાહેબ, આવતી કાલે મ્યુનિસિપાલ મીટિંગ છે માટે આજની ટપાલમાં ન જાય તો ઠપકો આવે, તેથી ખાલી જગ્યા કોને આપવી ને શા કારણથી તે બધું મેં લખી તૈયાર રાખ્યું છે. એમાં આપને બહુ તસ્દી પડે તેમ નથી. કંઇ ફેર-ફાર કરવાનો હશે તો હું ફરીથી લખી નાખીશ પરંતુ આજની ટપાલમાં તો એ કાગળ જવોજ જોઇએ. અમલદાર સમજે કે બીચારાએ મહેનત કરી કામ નક્કી કરી રાખ્યું છે ને બરાબર વખતસર યાદ આપે છે. વળી એણે જણાવેલાં

કારણો પણ ઠીક જણાય છે. આવું એક અગત્યનું કામ સપાટામાં થઇ જાય છે એમ સમજી સહી કરી આપે છે.

૩. મુસાફરી કરવાની હોય છે ત્યારે માણસનું મન અનેક રીતે રોકાએલું હોય છે તેથી આ પ્રસંગનો લાભ લેવા કારકુનોને ઠીક તક મળે છે. વળી તેમને એમ કહેવાનું થાય છે કે હમણાં એના ઉપર સહી નહિ થશે તો આવો તાકીદનો તુમાર રખડશે.

૪. મદારી જેમ એક ખેલમાં લૂગડું ઢાંકી વચ્ચે બીજા ખેલ કરી લાંબી પહોળી વાતો ચલાવી લોકોનું ધ્યાન ચૂકાવી, પ્રથમનો ખેલ કરી બતાવવામાં ફત્તેહમંદ થાય છે તેવીજ રીતે કેટલાક સિરસ્તેદારો કે કારકુનો તુમારના સંબંધમાં કરે છે.

૫. કોઇ તાબાના માણસે ગુન્હો કર્યો હોય એવી ફરિયાદ આવી હોય અને ઉપરીએ તપાસ ચલાવી ગુન્હો શોધી કહાડયો હોય પણ સિરસ્તેદાર જો તેનો બચાવ કરવા માગતો હોય તો તે કેસ ઉપર ઉપરથી મજબૂત ને અંદરખાનેથી નબળો ઘડી કાઢી એવા રૂપમાં મૂકે કે ઉપરી તેના ઉપર ધ્યાન નહિ આપે તો તે ઉપરી ઓફિસમાં મોકલતાં જરૂર નિષ્ફળ જાય. બહુવાર એમ બને છે કે પોતે વહેમતદારના તરફેણમાં હોય તે વાત અમલદારથી સંતાડવા એટલુંજ નહિ પણ પોતે વિરૂદ્ધ છે એવું દેખાડવા તેની જુબાની રૂબરૂ તેને પ્રથમ કહી રાખેલા સંકેત પ્રમાણે ધમકાવે છે.

૬. ધમકી વડે એકીમાંથી બેકી કરવી. વહેમતદાર કે શાહેદીની જબાની લેવાની લઢણ ઉપર પરિણામનો ઘણોક આધાર રહેછે. ધમકીથી વહેમંતદાર ગભરાય છે, અને તેથી પરસ્પર વિરૂદ્ધ જબાની આપે છે અને અંતે ફસી પડે છે. જબાની દરમ્યાન ત્રાહિત શાહેદી જુએ કે અમુક પક્ષકારના લાભમાં બોલવાથી સિરસ્તેદાર નારાજ થાય છે તેથી જો તે સત્યતાની દરકાર રાખે તેવો ન હોય તો મનમાં નક્કી કરે છે કે એ પક્ષકારની લાભની વાત આપણે શું કામ કહેવી જોઇએ તેથી જ્યારે તેને એવી વાત પૂછવામાં આવે છે ત્યારે કાને હાથ દે છે. આ સંબંધે એક ખરો બનેલો દાખલો નીચે આપું છું.

એક મારામારીનો કેસ માજીસ્ટ્રેટ આગળ તપાસ માટે આવ્યો. વાદી પ્રતિવાદી બન્ને તાજા હતા. પ્રથમ તો ખાનગી રીતે વાદી સિરસ્તેદારને જઇ મળ્યો અને કેસની હકીકત ખરેખરી કહી. સિરસ્તેદારને જણાયું કે એમાં તેનો કંઇ પણ દોષ નથી છતાં સ્વાર્થ માટે તેને કાયદાની અમુક કલમ અપૂર્ણ રીતે બતાવી જુવાબ આપ્યો કે "આ મામલો તમારા હકમાં જોખમભરેલો છે માટે સંભાળ રાખજો." આથી વાદીના મનમાં ફાળ પડી. ઉપલા શબ્દોની અસર

સંગીન થઇ. અડધા કલાકમાં તે પાછો આવ્યો. ચાળીસ રૂપીઆની પાઘડી લાવી પગ આગળ મૂકી અને હાથ જોડીને કહ્યું કે આ તો માત્ર ફુલની પાંખડી છે. આપની મહેરબાનીથી એ કામ સિદ્ધ થયે હું યથાશક્તિ સેવા કરીશ. પેલા લુચ્ચા સિરસ્તેદારે પાઘડી રાખી અને વાદીને કહ્યું કે તારે કશી ચિંતા રાખવી નહિ. માજીસ્ટ્રેટ આગળ કેસ ચાલ્યો ત્યારે પ્રતિવાદી ચેતી ગયો કે સિરસ્તેદાર ચોકખી રીતે વાદીના લાભમાં ઉતરે છે. સમજ્યો કે કંઇ ઉપાય નહીં કરીશ તો મારી કમબખ્તી છે. વધારે સાક્ષીઓ રજુ કરવાના છે એવું કારણ બતાવી, તેણે સાહેબ પાસેથી મુદત માગી; અને તે પ્રમાણે તેને તે મળી. બીજેજ દહાડે આઠ શેર દુધ આપે એવી મોટી મજબૂત ભેંસ લેઇ પેલાને ઘેર ગયો. સાઠ રૂપીઆ પહોંચ્યા બદલની પહોંચ બે સાક્ષીઓની સહી સાથે સ્ટેંપના કાગળ ઉપર ભેંસની જોડે રજુ કરી. સિરસ્તેદાર ભાવાર્થ સમજી ગયો. ભેંસ ઠેકાણે બંધાવી. થોડા દહાડા પછી પેલું કામ નિકળ્યું. વાદી મનમાં સમજે કે મેં પાઘડી આપી છે અને તે હાલ એના માથા ઉપરજ છે તેથી મને કંઇ વિસરનાર નથી. પ્રતિવાદીના મનમાં એમ કે પાઘડી આપ્યા પછી ભેંસ આપી છે અને તે વધારે કીમતની છે તેથી મારા લાભમાં ઉતર્યા વિના રહેનાર નથી. મુકરદમો ચાલતાં વાદીએ જોયું કે બાજી પટલાઇ ગઇ છે તેથી ધીમેથી કહ્યું "સાહેબ જરા પાઘડી ઉપર નજર રાખશો" આ કથન પ્રતિવાદીને કાને પડતાં તેણે પોતાની પાસે બેઠેલા માણસને વાદી તેમજ સિરસ્તેદાર સાંભળે તેમ કહ્યું કે "પાઘડી તો ભેંસના શીંગડામાં ભરાઇ રહી" વાદી બાપડો બહુ ઝાંખો પડી ગયો. સિરસ્તેદારે જબાનીઓ લેતાં વાદીના સાક્ષીઓને એવો ધમકો અને સખ્તાઇના પ્રશ્નો પુછ્યા કે જે બાબત તેમણે નજરે જોએલી તે સંબંધી પણ અમે કશું જાણતા નથી, એવો નન્નો ભણ્યો. આવી રીતે ખરેખરો કેસ સિરસ્તેદારની ધમકીથી ખોટો ઠર્યો.

૭. પોતાનો વિચાર લોકો ઉપર ઢાળી પાડવો એટલે કે ઉપરી આગળ એમ જાહેર કરવું કે આપને માટે લોકો આવી રીતે બોલે છે, કે હું ફલાણે ઠેકાણે બેઠો હતો ત્યારે લોકો આવી રીતે બોલતા હતા. લોકમતને બહાને પોતાનો મત અમલદારના મન ઉપર ઠસાવવો એ એક સહેલાઇથી ફતેહ પામે એવી યુક્તિ છે. વળી તેને પુષ્ટિ આપવા એકાદ બે પોતાના લાગતા વળગતાઓને મોકલીને અસર મજબૂત કરે છે. ઉપરી બીકણ હોય તો પોતે બહુ સહેલાઇથી ફતેહ પામે છે.

૮. અમુક તાબાનો માણસ અમુક અરજ કરવાનો છે એવું જાણી તે અરજ નાકબુલ થાય એવી પોતાની ઇચ્છા હોવાથી, પ્રથમથી ઉપરી આગળ

જાહેર કરવું કે ફલાણો માણસ આપની આગળ ફલાણી અરજ કરવા આવનાર છે પણ એની વિરૂદ્ધ આટલી આટલી બાબતો છે પછી આપની મરજી. વાતોમાં ને જતોમાં તેને શી રીતનો પ્રતિકૂળ ઉત્તર આપવો તે પણ સુચવી દેવો ને તે પણ એવી સફાઇથી કે સિરસ્તેદારનો અભિપ્રાય અમલદાર પોતાનો સમજી લે એ બાબત પોતે જાણે નિસ્પૃહી હોય તેવી રીતનો દેખાવ આપે છે. તેના તરફેણની અને વિરૂદ્ધની બાબતો એવી સફાઇથી કરી બતાવે છે કે જેને લાભ આપવાનું તેણે ધાર્યું હોય તેનો હક્ક આગળ પડતો જણાઈ ખરા હક્કદારને નિષ્ફળ કરી દે છે.

૯. કોઇને લાભ આપવો હોય ત્યારે તેના તરફેણની બાબતો ગોઠવીને સારી રીતે રજુ કરવી અને વિરૂદ્ધની બાબતો તદન છુપી રાખવી અથવા તે બહુ નજીવી છે એવા રૂપમાં આગળ કરવી, સિરસ્તેદારો આ કળા બહુ સાધારણ રીતે વાપરે છે, અને કોઇ વાર તેમાં ફતેહ પામે છે. પણ અમલદાર જો સાવધાન રહે તો એ યુક્તિ સહેલાઇથી પકડી શકે છે. જે બાબતમાં અરજદારને અન્યાય થશે એવી જરા પણ શંકા રહેતી હોય તે બાબતમાં દફતરી દાખલા બધા જાતે તપાસવા જોઇએ અને મુદ્દાઓનું ટાંચણ કરી વધારે હક્કદાર કોણ છે તેનો નિશ્ચય કરવો જોઇએ.

૧૦. ચડતી જગ્યા અથવા પગારનો વધારો બે બાબત ઉપર આધાર રાખે છે. સારૂં કામ અને નોકરીની મુદત. "જુઓ આ માણસ, લગભગ પેનશનના વખત ઉપર આવે છે, આવા જુના જુના માણસોને કંઇક લાભ આપ્યો હોય તો તેમને પેનશનમાં ફાયદો થાય" આવી રીતે બોલી એકાદ બીના પગારમાં વધારો કરાવ્યા પછી પોતાના સગા કે ઓળખીતાનું નામ રજુ કરી તેજ ધોરણે તેને પણ લાભ અપાવે છે. જો પોતાના સગાની નોકરીની મુદત પુરતી ન હોય અને કામ સારૂં હોય તો તે મુદ્દા ઉપર ઉતરી પડે છે.

૧૧. ઉપરી આગળ જાહેર કરવું કે ફલાણો માણસ ઓફીસમાં આવ્યો હતો ને મારી પાસે ફલાણી જગ્યા માટે અરજ કરી પણ મેં તેને કહ્યું કે તમે સાહેબ પાસે જઇ અરજ કરો. હું એમાં કંઈ સમજતું નહિ, પણ તમારી અરજમાં આટલા આટલા વાંધા છે. એ જગ્યા ઉપર આપ જાણો છો કે ફલાણાનો હક ચઢીઆતો છે માટે જેવી મરજી, એમ કહી જેને તે જગ્યા અપાવવાની હોય તેની તરફેણની બાબતો આગળ લાવવી. જેને લાભ આપવાનો નહિ હોય તેને માટે વાંધાઓ પ્રથમથીજ કહી બતાવી પાણી પહેલાં પાળ બાંધે છે. અરજદાર અમલદાર આગળ જઇ તેજ અરજ રજુ

કરે તો ઘણું કરી સિરસ્તેદારે જે વાંધા બતાવ્યા હોય તેજ વાંધા અમલદારના મુખવચનથી પણ તે સાંભળે છે.

આ ઉપરાંત નજીવી યુકિતઓ અનેક છે સ્વાર્થી અથવા લાંચીઆ સિરસ્તેદારો એટલી હદ સુધી જાય છે કે પોતાની સૂચના કે અભિપ્રાય અમલદાર માન્ય નહિ કરે તો તાબાના માણસોને ઉશ્કેરી તેની વિરૂદ્ધ અરજીઓ કરાવે છે અથવા પોતે જાતે નનામી અરજી અમલદારના ઉપરી તરફ મોકલે છે.

બેવકુફ સિરસ્તેદારો કલમ ચલાવતાં તેઓ "know thyself" (તું પોતાને ઓળખ) ભૂલી જાય છે અને પોતાને અમલદાર સમજી લે છે. કેટલાક અનાડી કારકુનો ઉપરીની જોડે તકરારમાં ઉતરે છે. "આમ થવાથી તો અન્યાય થાય છે, ને આમ થવું જોઇએ," એમ કહેવાની પણ હિમ્મત કરે છે. પોતાનું કર્તવ્ય શું છે તે વિસરી જાય છે.

કર્તવ્ય. સિરસ્તેદાર પગાર ખાય છે તે એટલાજ માટે કે ઉપરીના હુકમને અનુસરીને ઓફિસનું કામ કરવું.-લખી આપેલા કાગળની નકલ કરવી કે ફરમાવ્યા પ્રમાણે હકીકત રજુ કરવી. કલમ ચલાવવી એજ એનું ખાસ કર્તવ્ય છે, મગજ ચલાવવા માટે તો પગાર અમલદાર ખાય છે. એટલું ખરૂં છે કે હુશીઆર અને અનુભવી સિરસ્તેદાર કોઇ કોઇ બાબતમાં સારી સલાહ આપી શકે છે.

બડાઇ—ઉપરીનો તમારા ઉપર ગમે તેટલો વિશ્વાસ હોય અને કેટલીક બાબતોમાં તમારી સૂચના પ્રમાણેજ કરવામાં આવ્યું હોય તોપણ "આ કામ મેં કરી આપ્યું છે એમ બડાઇ કરવી નહિ." એમ કર્યાથી ઉપરીની અપ્રીતિ ખેંચી લેશો એટલુંજ નહિ પણ બીજાં ઘણાં કામમાં લોકો તમારે શિર જોખમદારી નાખશે.

સિરસ્તેદારના સદ્ગુણ. ૧ પ્રમાણિકપણું, ૨ વફાદારી, ૩ લક્ષ અને ૪ પરિશ્રમ.

પ્રમાણિકપણું—લાંચ ન લેવી એ પ્રમાણિકપણાનું મુખ્ય અંગ છે; પણ તેની જોડે ઉપરીની સાથે કોઇપણ પ્રકારની દગાઇ ન કરવી તેનો પણ આમાં સમાસ થાય છે. રોકડ નાણું ન લેવું એટલુંજ નહિ પણ અયોગ્ય રીતે આવેલી ભેટ પણ સ્વીકારવી નહિ જોઇએ કેમકે એ પણ લાંચનો પ્રકાર છે. છાની રીતે અપ્રમાણિક સિરસ્તેદારો લાંચ લે એ સાધારણ વાત છે. પણ ઉપરી અમલદારની આંખોમાં ધૂળ છાંટી લાંચ લેવામાં આવે એ લુચ્ચાઇની પરિસિમા કહેવાય. દ્રષ્ટાંત નીચે આપું છું.

સાહેબની સમક્ષ લાંચ ! ! ! એક માજિસ્ટ્રેટની કોર્ટમાં બાર હજારના દાગીનાનો કેસ હતો અને તે ફરિયાદીને મળવાના હતા. પણ તેને એ બાબત ખાતરી નહોતી તેથી ચોવીસ તોલાનો એક સોનાનો કકડો એ દાગીનાઓ જોડે હતો તે સિરસ્તેદારને આપવાનો કર્યો. બીજે દહાડે બધા દાગીના સિરસ્તેદારે સાહેબની ટેબલ ઉપર મૂક્યાં. પેલો ફરિયાદી આવ્યો અને સાહેબની રૂબરૂ શિરસ્તેદારે દાગીના ગણી આપ્યા અને પેલો સોનાનો કકડો પોતાના ગજવામાં મૂક્યો. સાહેબે પૂછ્યું કે કકડો ખીસામાં કેમ મૂકો છો? તેણે કહ્યું એ પણ હું હમણાં આપી દઉં તો એ માણસને પછી બિલકુલ ગરજ રહે નહિ અને ચાલ્યો જાય તેથી બધી જોખમદારી આપણા ઉપર રહે. હજુ રીતસર ટીકીટ લગાડી એની પહોંચ લેવાની છે અને તે પછી આપની સમક્ષ એ બધા દાગીના મળ્યાનું જાહેર કરશે. સાહેબને આ કારણ વાજબી જણાયું. સિરેસ્તદારે પહોંચ લેઈ સાહેબને બતાવી અને ફરીઆદીએ બધા દાગીના પહોંચ્યાનું રૂબરૂ આવી જાહેર કર્યું. લગભગ છસો રૂપિઆનો માલ વચ્ચેથી પેલો લુચ્ચો ચટ કરી ગયો. નજરબંધીથી લાંચ લેવી તે એનું નામ.

તાબેદારી—વગર તકરારે હુકમ પાળવો જોઈએ. ઉપરીની પ્રસન્નતા સંપાદન કરવાનો આ એક મુખ્ય ગુણ છે. પ્રથમ તો મનમાં નક્કી ધારી લેવું જોઈએ કે ઉપરી અયોગ્ય હુકમ કરે નહિ. તાબેદારી કરવામાં ખુશામદનો ઉપયોગ કરવો નહિ અને અયોગ્ય કામમાં માથું મારવું નહિ. દાખલા તરીકે ઉપરીનાં બચ્ચાં છોકરાંઓને કેડે લઈ ફેરવવાં અથવા રમાડવાં એ સિરેસ્તદારનું કામ ન હોય. કદાચ કોઈ અમલદાર તેવા ઊંચા કામથી થોડો વખત રાજી રહેશે તોપણ એક દરે આવી રીતે વર્તનારને માટે ખોટો વિચાર બંધાયા વિના નહિ રહે. સોંપેલું કામ ઉમંગથી કરવું આપેલો હુકમ ત્વરાથી અમલમાં આણવો, અને ઉપરીની નજરમાં લાવ્યા વિના કોઈ કામ કરવું નહિ એજ ખરી તાબેદારી છે કોઈ કામમાં ઉપરી ભૂલ કરે છે એવું માલૂમ પડે તો એકવાર નમ્ર પણે ઉપરીનું તે તરફ ધ્યાન ખેંચવું. પણ જો તે એમ ફરમાવે કે એ બરાબર છે ભૂલ નથી તો પછી તકરાર કરવી નહિ

એ ચાર ગુણોમાં પ્રમાણિકપણું પહેલી પદવી ધરાવે છે. તેનાથી કંઈક ઉતરતો સદ્‌ગુણ તાબેદારીમાં છે. એ ચારે ગુણ હોય એવા સિરે-

સ્તેદારો તો સેંકડે એકપણ જડવા મુસ્કેલ. ચારમાંથી કોઈપણ ત્રણ ગુણ હોય ત્યાંસુધી નભી શકે છે. પણ મૂળ પાયો પ્રમાણિકપણા ઊપર છે તેથી તેની જોડે બાકીના ત્રણમાંથી બે ગુણ જોઇએ; લક્ષનો જે ગુણ ઊપર કહેલો છે તે પોતે જે કામ કર્યું તે લક્ષ રાખીને કરવું એટલુંજ નહિ પણ ઓફીસમાંથી જે જે લખાણ થયાં હોય અને ઊપરી ઓફીસ તરફથી જે જે લખાણ આવ્યાં હોય અને તાબેના માણસોએ કેવી રીતનાં લખાણ કરેલાં છે તે બધું સિરસ્તેદારને લક્ષમાં રાખવાનું છે. મુદ્દાની બાબત એજ છે અને એ શબ્દની વ્યુત્પત્તિ પણ તેમજ સૂચવે છે કે પ્રથમ ચાલેલો વહીવટ ધ્યાનમાં રાખવો. સિરસ્તો=રિવાજ. દાર=ચલાવનાર, જાણનાર. પરિશ્રમ એટલે પોતાના કામમાં ખુબ મચ્યા રહેવું. અમલદાર જ્યારે પોતાના કારકુનોને ઓફીસમાં પરિશ્રમ કરતાં દેખે છે ત્યારે સ્વભાવિક રીતે તે સંતોષ પામે છે. કારકુન હુશીઆરીથી કે ખબરદારીથી કામ નહિ બજાવતો હોય પણ જો ખુબ મહેનત લઇ કામ કરતો હોય તો તે જોઇ અમલદારના મનમાં દયાભાવ ઉત્પન્ન થાય છે

ઉપરના ચાર સાધારણ સદ્દગુણો છે. પણ એક અસાધારણ સદ્દગુણ છે તે આ સ્થળે વિસરવો ન જોઇએ. એ શ્રેષ્ઠ સદ્દગુણ પોતાના ઉપરી પ્રતિ માનની વૃત્તિ રાખવી એ છે. એ ચાર સદ્દગુણોને હેમના આભૂષણની ઉપમા આપીએ તો આ પાંચમા સદ્દગુણને રત્નજડીત દાગીનો કહેવો જોઇએ.

સદ્દભાગ્યે પ્રમાણિક અને તેની સાથે હુશિયાર સિરસ્તેદાર સંપાદિત થયો તો સોનું અને સુગંધ સંયુક્ત થયા કહેવાય. ઉપરીના મનને કેવી નિરાંત રહે છે, ચિન્તા કેટલે દરજ્જે ઓછી થાય છે, કામનો બોજો કેવો હલકો ફુલ સમાન જણાય છે, ઉમંગ કેટલે અંશે વધે અને જીવ ખુશીમાં રહે તે તો જે અનુભવે તેજ જાણે.

* ચાકર.

૧ "માગન કહ્યુ આલસ કરે, તસ્કર જાય ન જાય;
ચાકર બિચારો કયા કરે, લુન પરાયા ખાય;"

૨ "તજવા લાયક તરત છે, ચાકર જગમાં ચાર;
તસ્કર રોગી આળસુ, પ્રતિઉત્તર પઢનાર:"

મથાળે આપેલો શબ્દ ફારસી છે અને તેનો અર્થ હુકમમાં રહી કામ કરનાર થાય છે. ચાકરોમાં સૌથી મહત્વવાળો ગુણ પ્રમાણિકપણાનો છે. બીજે નંબરે વફાદારી અને તાબેદારી આવે છે. ચાલાકી ઓછી હોય તો પરવડે, પણ પ્રમાણિકપણા વિના ચાકર નકામો છે.

દોષયુક્ત ચાકરોના ત્રણ વર્ગ પાડી શકાય.

(૧) પીર. (૨) મીર. (૩) તીર. પહેલા વર્ગવાળાને કંઇ કામ બતાવ્યું હોય, કે ફલાણા માણસને જઇને તેડી આવ, તો તે ઝટ જવાબ દેશે, કે આ વખતે તો તે મળી શકશે નહિ, મતલબ કે તે વર્ગવાળા સુસ્તીને લીધે બહાનું બતાવી કામથી છટકવા માગે છે. બીજા વર્ગવાળાને કામ બતાવ્યું હોય, તો તે પોતાને સોંપાયલું કામ બીજા કોઇ ચાકરને કરવા કહેશે. આળસ અને અભિમ ન એ બે અપલક્ષણ તેમનામાં હોય છે. ત્રીજા વર્ગવાળા કામ બરાબર સમજ્યા વિના તીરની પેઠે એકદમ હુકમ બજાવવા દોડી જશે. પણ બે ત્રણ વાર પાછો આવી શું કામ સોંપવામાં આવ્યું હતું તે બાબત પ્રશ્ન પૂછશે. એમનામાં તાબેદારીના પૂરેપૂરો ગુણ છે પણ સમજની ખામી હોય છે.

કેટલાક ચાકર હુકમ કર્યા પછી થોડી વાર વાદ કરી પછી જ્યારે જૂએ કે છૂટકો નથી ત્યારેજ તે બતાવેલું કામ નિશ્વાસ નાખી બજાવે; એવાઓને પણ ઘેર બેસાડયા ભલા.

"વાદ કરી માને હુકમ, કરે ઉદાસી કામ;
એથી સારો કૂતરો, બેશી સાચવે ધામ,"

કેટલાક આળસુ નોકરો અવકાશ મળે દહાડે સૂઇ રહે છે. અને એટલો વખત જાણે નોકરીમાંથી પોતે જીત્યા એમ સમજે છે, ને તેમાં સુખ માને છે. જે વખત તેમણે ખરેખર ખોયો, તેને પોતાની મૂર્ખાઇવડે જીત્યો સમજે છે.

---

* સિપાઇ, પટાવાળો, રસોઇઓ ઇત્યાદી એજ વર્ગમાં ગણાય.

ખરેખરી વિશ્રાંતી દહાડે સૂઈ રહેવાથી મળતી નથી, પણ એક જાતના ઉદ્યોગથી પરવારી બીજા ઉદ્યોગમાં મચ્યા રહેવામાં સમાયલી છે.

કેટલાક આજ્ઞા ઉલ્લંઘન કરવાના કંઇપણ ઉદ્દેશ વિના જે વખતે એક કામ કરતા હોય તે વખતે માલિક તરફથી બીજું કામ બતાવવામાં આવે, તો તે તરત નહિ બજાવતાં તેજ કામ ચાલુ રાખી ક્રોધ ઉપજાવી કંટાળો આપે છે; બતાવેલું કામ વધારે અગત્યનું કે તાકીદનું છે તે વાત તેમના જડભરત મગજમાં તરત પ્રવેશ કરી શકતી નથી.

દુષ્ટ ચાકરો પોતાના સ્વામીએ કરેલા સઘળા ઉપકારો ભૂલી જઇ શત્રુની સાથે મળી પોતાનું ધારેલું નિશાન પહોંચાડે છે.

નોકર રાખતાં પહેલાં પ્રથમ તે ક્યાં હતો, કેવી ચાલ ચલાવી, શા માટે રજા મળી, ઇત્યાદિ તપાસ કરવાની બહુ જરૂર છે. રાખ્યા પછી શું શું કામ કરવાનું છે, તે પ્રથમથીજ ચોકખું કહી દેવું.

કેટલાંક માણસો વર્ષમાં જેમ ચાર પાંચ વખત બૂટ બદલે છે, તેમ ચાકરોને પણ બદલે છે. આ રીત બહુ ખોટી છે. વફાદાર ચાકરો જેમ જેમ જૂના થાય, તેમ તેમ તેમના દિલમાં પોતાના શેઠ પ્રતિ પ્રેમ જામે છે, ને ધીમે ધીમે તેમની વચ્ચે પિતાપુત્રનો નાતો બંધાય છે, અને તેનાથી મીઠું ફળ એવું થાય છે કે પોતાના શેઠને કંઇ પણ નુકશાન થાય તો પોતાને નુકશાન થયું સમજે છે; અર્થાત્ કોઇ પણ પ્રકારે પોતાના ધણીને બગાડ ન થાય તે માટે બહુ કાળજી રાખે છે, અને પ્રયત્ન કરે છે.

ચાકર બહુ અચ્છી સેવા કરે પણ તેની જોડે દાસત્વને બદલે ભાઇચારો દર્શાવવા જાય ત્યારે અપ્રિય થઇ પડે છે. ઘણુંકરી ચાકર બહુ જૂનો થાય છે ત્યારે તેનામાં ઉદ્ધતપણું આવે છે અને જૂનાપણાના પ્રમાણમાં તેમાં વધારો થતો જાય છે. બેઅદબી અપ્રિય તો લાગે પણ તેની લાંબી ચાકરી ધ્યાનમાં રાખી કંઇક શેઠે સહનશીળતા રાખવી જોઇએ.

નિમકહલાલ ચાકરો પોતાના શેઠના રક્ષણ અર્થે પોતાનો જીવ અર્પણ કરે એવા પણ દુનિયામાં અસ્તિત્વ ધરાવે છે.

ઓસ્ટ્રીઆનો વજીર કોડોસ્કી ઇ. સ. ૧૭૭૬માં પોતાના કુટુંબ સહિત ગાડીમાં બેસી પરગામ જતો હતો. રસ્તામાં તેને વરૂઓએ ઘેરી લીધો.

પોતાની પાસે ખાવાનું જે કંઇ હતું તે બધું તેમના તરફ નાખી દીધું. પણ ક્ષણવારમાં તે ખાઇ લેઇ ફરી ગાડીની પુંઠે લાગ્યાં અને ઉપર ચઢવા પ્રયત્ન કરવા લાગ્યાં. આ સમયે ગાડીમાં બેઠેલાઓના જીવ જોખમમાં હતા. તેમની જોડે એક નોકર પણ હતો અને તે બહુ નિમકહલાલ હતો. તેણે કહ્યું કે મારાં બચ્ચાં છોકરાંઓની તમે સંભાળ રાખજો, હું કુદીને એમના ઉપર પડું છું મને ભક્ષ કરશે તેટલામાં તમે પાસેના ગામમાં પહોંચી જશો. એમ કહી ગાડી ઉપરથી કૂદકો માર્યો. વરૂઓએ તેને ફાડી ખાધો, તેટલામાં રેંકે ગાડી જોરથી ચલાવી સહી સલામત પાસે જે ગામ હતું ત્યાં બાકીનાં પહોંચી ગયાં. આવી રીતે ચાકરે પોતા જીવનો ભોગ આપી વફાદારી બતાવી.

આરબ લોકો વફાદારી માટે બહુ નામાંકિત છે. એજ કારણથી ઘણું કરીને દરેક રજવાડામાં થોડા ઘણા આરબ અવશ્ય દીઠામાં આવે છે. વળાવા તરીકે તેમનો બહુ ઉપયોગ કરવામાં આવે છે. રસ્તામાં લૂંટારા મળે તો તેમની જોડે લડીને પોતાના જીવ આપે, પણ કદી નાસી જશે નહિ.

નિમકહલાલીનો વખાણવા યોગ્ય દાખલો કચ્છના ઇતિહાસમાંથી મળી આવે છે. જામ રાવળે હમીરજીની સાથે દગો રમી તેને મારી નાખ્યો એટલુંજ નહિ પણ તેના બે કુંવરોને મારી નાખવા પ્રયત્ન કર્યો. એકનું નામ ખેંગારજી, અને બીજાનું સાહેબજી. જામ રાવળ જ્યારે વિંઝાણ આવ્યો ત્યારે બીકના માર્યા તેઓ રાપર ગયા ત્યાં એક ભીંયા નામના મીઆણાએ તેમને ઘાસની ગંજીમાં સંતાડ્યા. રાવળે ભીંયાની ઝુંપડી આગળ પૂછ્યું કે કુંવરો ક્યાં ગયા? ભીંયો કહે મને ખબર નથી. રાવળે તપાસ કરાવી તો માલૂમ પડ્યું કે તેમનાં પગલાં આગળ વધ્યાં નથી, તેથી એણેજ તેમને છૂપાવી રાખ્યા છે એમ તેને જણાયું તેથી ધમકી આપી, પણ મીઆણાએ માન્યું નહિ. આ ઉપરથી તેના સાત દીકરાઓમાંથી એકને પકડી તેની તથા તેની સ્ત્રીને સમક્ષ મારી નાખ્યો, તોપણ પેલા બે રાજકુંવરોને તેણે સોંપ્યા નહિ. તે પછી બીજાને, ત્રીજાને એવી રીતે સાતે દીકરાને ઠાર કર્યા તોપણ ભીંયો પોતાના વિચારથી ડગ્યો નહિ. આથી જામ રાવળના મનમાં એમ આવ્યું કે કુંવરો અહીં નથી, અને એમ સમજી તે ચાલ્યો ગયો.

એજ બે કુંવરોની જોડે એક છછરબૂટો નામનો ખવાસ હતો, તેણે પણ નિમકહલાલી બતાવવામાં કસર રાખી નહિ. જ્યારે પૈસા ખૂટ્યા, ત્યારે પોતે દાસ થઇને વેચાયો અને ઉપજેલાં નાણાં કુમાર ખેંગારને આપ્યાં. શેઠે જ્યારે બધી હકીકત જાણી ત્યારે તેણે ખુશીથી છછરબુટાને છૂટો કર્યો. ફરી

બીજીવાર જ્યારે ખેંગારજી અને સાહેબજીને ખાવાના સાંસા પડયા ત્યાં
પોતે ગુલામ બન્યો. બીજી વેળાએ પણ એવી રીતે ગુલામગીરીમાંથી મુક્ત
થયો, અને એ બે કુંવરોની સેવામાં હાજર થયો.

કૃતઘ્નતા—જે ચાકર ઉપકાર કિંવા બતાવેલી માયાની કીમત જાણતે
નથી તે પોતાના મનમાં વિચાર કરે છે કે ઉપરીએ મારૂં ભલું કર્યું ખરૂ
પણ બહુ મોડું કર્યું. એ ફાયદો બીજો કોઇ એ ઠેકાણે હોત તો તે પ
મને આપત. વળી ફાયદા તરફ જોઊં છું તો તે બહુ નથી. એ લાભ મ
નહિ મળ્યો હોત તો પણ ચલાવી લેત. આ કરતાં પણ વધારે લાભ
ધારત તો મને આપી શકત. જ્યુલીઅસસીઝરે બ્રુટસને મોટા મોટા લાભ
આપ્યા; પણ અંતે સીઝરના ઉપર હુમલો કરી તેને મારી નાંખવામાં અગ્રે
સર તેજ થયો હતો. પોતાના ધરાય નહિ એવા લોભી તાબેદારોની નિરાશ
થકીજ સીઝરનું મોત નીપજ્યું હતું. લાલચુ માણસો સ્વભાવેજ નિમકહરા
હોય છે; એક ઉપકાર કર્યો તો બીજો ઉપકાર કેમ ન કર્યો, અને બીજ
કર્યો તો ત્રીજો કેમ ન કર્યો એવી રીતના વિચાર પોતાના મનમાં તે લા
છે. થયલા ઉપકાર બદલ ગુણ ન માનતાં અશક્ય નહિ થયલા ઉપકાર
લીધે પોતાનો હક્ક ડુબ્યો સમજે છે. ઉપકારનો બદલો નહિ વાળવો
માણસાઇથી દૂર છે. પણ સામો અપકાર કરવો એ તો ખરેજ દૈત્યનું કા
છે. નિમકહરામી માણસ પોતાના ઉપર થયલો ઉપકાર કબૂલ કરતાં પ
શરમાય છે. ભરતખંડના ઇતિહાસમાં નિમકહરામીનું જાણીતું દ્રષ્ટાંત મલે
કાફુરનું છે. અલ્લાઉદ્દીન ખીલજીએ તેને ગુલામની પાયરી ઉપરથી ચઢાવત
ચઢાવતાં મોટો સરદાર બનાવ્યો અને બીજા બધા સરદારો કરતાં તેન
ઉપર વધારે વિશ્વાસ રાખ્યો. બધા ઉપકારો ભૂલી જઇ તેણે બેગમને તથ
બે કુંવરોને બંદીખાને નખાવ્યાં; અને અંતે મોટા બે શાહઝાદાની આંખે
ફોડી, અને ઝેર આપી બાદશાહનો જીવ લીધો. આ સ્થળે આપણે ભૂલી જવુ
ન જોઇએ કે બાદશાહ પોતે પણ કૃતઘ્ન હતો. પોતાના મુરબ્બી અ
સગા કાકાને તેણે મારી નંખાવ્યો હતો. એનો કાકો જલાલુદ્દીન ખીલજી
એની ફત્તેહ માટે વહાલથી શાબાશી આપવા ભેટવા જતો હતો તે વખતેજ
પ્રથમથી શીખવી તૈયાર રાખેલા મારાઓએ તેને ખૂન કર્યો. બીજુ
જાણવા લાયક ઉદાહરણ—કાલિલઉલ્લાખાનનું છે. જે વખતે દારા ઔરંગ
ઝેબ વચ્ચે મહા ભારત યુદ્ધ થયું હતું; તે વખતે લસ્કરના એક ભાગને
એ સેનાધિપતિ હતો અને તેણે જો પોતાના લસ્કરનો ઉપયોગ કર્યો હોત
તો ઔરંગઝેબના લસ્કરનો ખચિત પરાજય થાત. એ વિશ્વાસઘાતી સરદાર એ

વું ડોળ ઘાલતો હતો કે મારી ટુકડી તો અનામત લશ્કરનો એક ભાગ છે એમ બતાવી તે લડાઈમાં ભાગ લેતો નહોતો, છતાં જ્યારે તેણે જોયું કે દારા તો ફત્તેહમંદ થશે, ત્યારે તે એક મુગલાઈ પેચ રમ્યો. જ્યાં દારા હાથી ઉપર સ્વાર થઈ દુશ્મનોની જોડે લડતો હતો, ત્યાં થોડા માણસો લેઈને બાદશાહ તરફ પૂર્ણ પ્રીતિ રાખતો હોય, એવું ડોળ ઘાલી તેણે કહ્યું–હઝરત સલામત જહાંપનાહ, આપ હજી હાથી પર બેશી રહ્યા છો ? અરે ખુદા ! આ શું કહેવાય ! આપની અંબાડીનો આગલો ભાગ ગોળીઓ અને તીરોથી કાણો થઈ ગયો છે. આવા સખ્ત મારામાં અને આવા ઊંચા આસન ઊપર એકાદ તીર આપને વાગશે તો અમારી શી દશા થશે ? આપ ખુદાને ખાતર હાથી ઉપરથી ઊતરી ઘોડા ઉપર સ્વાર થાઓ. શાહઝાદો ભોળવાઈ ગયો, તે હાથી ઉપરથી ઉતર્યો ને હાર્યો; કેમકે જરા છેટેના પોતાના લશ્કરના માણસો જેમણે એમને ઘોડા ઊપર સ્વાર થતો દીઠો નહતો તેમણે જ્યારે અંબાડી ખાલી દીઠી, ત્યારે એમજ સમજ્યા કે દારા પડ્યો. આથી લશ્કરમાં નાસ ભાગ થઈ, ને ઓરંગજેબ જીત્યો. આવી રીતે ભોળપણાથી હિંદુસ્તાનની બાદશાહી તેણે ખોઈ. ઓરંગજેબને દારા બાદશાહ થાત તો ઇતિહાસનો રંગ બદલી જાત કેમકે ઓરંગજેબના જેવો ઝુલમી તે નહોતો.

ગુજરાતના ઇતિહાસમાં મૂળરાજે પોતાના મમતાળુ મામા સામતસિંહને મારી નાખ્યો એ ઉદાહરણ પ્રસિદ્ધ છે. મામો ચંચળ મનનો હતો. તેણે તેને ગાદીએ એક વાર બેસાડ્યો અને નિશો ઉતર્યા પછી તેની પાસેથી ગાદી છીનવી લીધી એ તેણે નિંદાયુક્ત કામ કર્યું છતાં પોતાના મામાને તે માટે મારી નાખ્યો. એ મૂળરાજે બહુ ઘાતકી કામ કર્યું અને તે માટે છેવટે તેને પસ્તાવો બહુ થયો. કોઈ સરદાર કે રાજા પોતાના જુલમ કે અત્યંત ગેરવર્તણુકથી પોતાના તાબેદારને વેર લેવાની સ્થિતિમાં મૂકે તો તેવું તાબેદારનું કૃત્ય કૃતઘ્નતામાં ગણવું ન જોઇએ. ભરતખંડના ઇતિહાસમાં એવા ઉદાહરણ અનેક મળી આવે છે. જૂનાગઢના રાજા ખેંગારને દેશળજીએ મહાકષ્ટ વેઠી રાણકદેવી મેળવી આપી. જ્યારે સિદ્ધરાજ જૂનાગઢ ઉપર ચઢી આવ્યો અને અગીઆર વર્ષ સુધી તે લેવાને મથ્યો, પણ ફાવ્યો નહિ, અને લગભગ ફાવવાની આશા તેણે મૂકી દીધી, ત્યારે ખેંગારે પોતાની મૂર્ખાઇથી સિદ્ધરાજને માટે જય મેળવવાનો માર્ગ ખુલ્લો કરી દીધો. તે એવી રીતે કે એક સમયે પોતે અત્યંત દારૂ પીધો અને પોતાના ભાણેજ દેશળજીને પાયો. દેશળજી જ્યારે કેફથી ચકચૂર થયો અને લથડતો ડોલતો ચાલવા લાગ્યો, ત્યારે તેવીજ સ્થિતિમાં રાખેંગારે તેને દારૂનો સીસો આપી રાણકદેવીને તે પાવા મોકલ્યો. દેશળજીએ બહુએ સમજાવ્યો કે મારી સ્થિતિ

આપ જુઓછો તેવી છે તો હું એ સીસો કેમ લઇ શકીશ ? પણ ખેંગારે વાત માની નહિ. અંતે લાચાર થઇ તે ત્યાં ગયો અને પરિણામ એ આવ્યું કે રાણકદેવીને સારી પેઠે દારૂ પાતાં નીસો જીરવી ન શકયાથી તે ધબ લઇને પલંગપર પડી અને નીસાની બેભાન અવસ્થામાં નિદ્રાને વશ થઇ, એવામાં નીસામાં ચકચૂર થએલો દેશળજી ઊઠી જવાનું કરતાં લથડીને અને તેજ ખાટ ઉપર પડયો; આવી રીતનો બનાવ બન્યો તેમાં દેશળજીનો કંઇ વાંક નહોતો, છતાં પોતાના ભાણેજ અને રાણકદેવીને આવી સ્થિતિમાં જોઇને તે ખોટો વહેમ લાવ્યો અને તિરસ્કારથી પોતાના ભાણેજને કા[ઢી] મૂકયો. દેશળજીના કાલાવાલા તથા તેના વાજબી ખુલાસાનો તેણે અના[દર] કર્યો. આવી રીતનો અન્યાય પોતાના ઉપર ગુજર્યાથી તે સિદ્ધરાજને જ[ઈ] મળ્યો; અને તેને ગઢમાં દાખલ થવાનો છૂપો રસ્તો બતાવ્યો. અંતે તે સિદ્ધરાજની * ફતેહ થઇ. આવી રીતનું બીજું ઉદાહરણ કરણઘેલાના અન[્યાય]નું છે. તેના પ્રધાન માધવ ઉપર ગંભીર પ્રકારનો અન્યાય ગુજર્યા[થી] તેણે ગુજરાત ઉપર ચઢાઇ કરવા ખિલજી વંશના અલ્લાઉદ્દીનને ઉશ્કે[ર્યો] અંતે રાજા ઉપર પોતાનું વેર લીધું પરંતુ વેર લેવામાં સ્વદેશ ઉપર સં[કટ] આણી મૂકયું એ કલંક એને શિર ચોંટે છે.

યુનાન દેશના ઇતિહાસમાંથી એજ બાબતનું એક જાણવા લા[યક] દ્રષ્ટાંત મળી આવ્યું છે. સાઇરેકયુસનો રાજા ડાયોનિસિયસ બીજો બહુ જ [...] મગાર હતો ડાયન નામનો તેનો પ્રધાન બહુ ડાહ્યો હતો. તેણે બાદશાહને [...] જાવી અફલાતુન (પ્લેટો) નામના નામાંકત મહા પંડિતને દરબા[રમાં] બોલાવ્યો. બાદશાહ તેને બહુ માન આપવા લાગ્યો ને તેની પાસેથી ભ[...] તિની વિદ્યા શીખવાનો આરંભ કર્યો. થોડા દહાડામાં તો બાદશાહના ધ[...] નકામા ખર્ચો ઓછા થઇ ગયા, પણ આ વાત દરબારીઓને રૂચી નહિ. તે[મણે] રાજાના કાન ભંભેરી એવું સમજાવ્યું કે આ તો રાજ્ય ઊંધું વાળવા[નું] કાવતરૂં રચ્યું છે. બાદશાહ ભોળવાઇ ગયો અને તેણે પ્લેટોને રજા [...] અને ડાયનને દેશપાર કર્યો. આટલેથી નહિ ધરાતા તેણે ડાયનની એ[...] બીજાની જોડે પરણાવી દીધી અને તેના પુત્ર ઉપર ઘાતકી પણું વ[...] આથી ડાયનને વાજબી રીતે અત્યંત ગુસ્સો લાગ્યો આથેન્સ અને સ્પ[ાર્ટાના] લોકો તેને માટે બહુ ઊંચુ મત ધરાવતા હતા તેથી તેમણે તેને પૂરતી [મદદ] આપી. બે વર્ષમાં તેણે જબરૂં લશ્કર એકઠું કરી સાઇરેક્યુસ ઉપર [ચઢાઇ] કરી. ડાયોનિસિયસને કાઢી મૂકી પોતે રાજા થયો. આ કૃતઘ્નતા [...] શકાય નહિ.

---

* આ લડાઈમાં રાખેંગાર માર્યો ગયો અને રાણકદેવી પાછળથી સતી

અરસ્તાતૂન સોક્રેટીસને ચેલો હતો અને તે ઇ. સ. પૂ. ચોથા સૈકામાં થઇ ગયો. સોક્રેટીસનો ગુરૂ અરસ્તુ હતો. ત્રણે મહાન ફિલસુફ ગણાય છે.

વફાદારીની સવાઈ. સાચો સેવક વેર વાળે નહિ એટલુંજ નહિ પણ સામો ગુણ કરે તેનો જાણવા લાયક દાખલો ગુજરાત તથા માળવાના ઇતિહાસ ઉપરથી મળી આવે છે.

એક વેળા ભોજ રાજાએ અગાશી ઉપર બેશીને ચોતરફ નજર પહોંચાડી અને ગુજરાત ભણી તેની દૃષ્ટિ ગઇ, એટલે પ્રથમ એક વાર ભીમે તેને હાર ખવરાવી હતી તે વાત યાદ આવી અને તેનીજ સાથે ભ્રકુટી ઉંચી ચઢી અને રૂવાં ઊભાં થયાં તેથી એ દેશ ભણી તિરસ્કારથી પગની ઠેસ મારીને મૂંછે તાલ દીધો. આ પ્રસંગે ગુજરાતનો એક ચતુર વાણીઓ તારાચંદ હાજર હતો તેણે તે તમાશો જોયો. અને ભોજના મનનો વિચાર સમજી ગયો. અર્થાત થોડા દિવસમાં તે ગુજરાત ઉપર ચઢાઈ કરશે. આમ સમજીને તેણે પોતાના બાપ ઉપર એક કાગળ લખ્યો. તેમાં એક લીટી એવી લખી કે અહીંનો શેઠ તહીંના શેઠ ઉપર હવે થોડા દિવસમાં ગમોતરૂં કરશે, તે તમારે ધ્યાનમાં રાખવું. એ પત્ર પાટણ પહોંચ્યો ત્યારે તેનો બાપ લખવાનો ભેદ સમજી ગયો, અને પોતાના મિત્રોને એ વાત કહી ત્યાંથી તે વાત નગરમાં ફેલાઇ. હવે લોકો ગભરાવા લાગ્યા. રાજાને કાને પણ એ વાત ગઇ, તેથી તેણે ધારા નગરીની ચર્ચા જોવાને એક દૂત મોકલ્યો. એ દૂત ધારાનગરી ગયો, ને ત્યાં યુદ્ધની સામગ્રી તેણે જોઇ; ઢાલો, તરવારો વગેરે શસ્ત્ર ઘડાતાં હતાં તે તેણે જોયાં, તેથી તેને ખાત્રી થઇ કે ભોજરાજા નક્કી ચઢાઇ કરશે. તે સઘું જોઇ તથા બીજી કેટલીક હકીકત મેળવી તે પાછો પાટણ આવ્યો અને તેણે પોતે જે કાંઇ દીઠું હતું તે વૃતાંત કહી સંભળાવ્યું. શત્રુના લશ્કરનું કેવું બળ છે, તે જાણીને તે ભયભીત થયો. એના મનમાં વિચાર આવ્યો, કે એક વાર તો મેં ભોજને જીતીને જશ મેળવ્યો. પણ હવે તેને જીતવો કઠણ છે, તેથી સર્વે મંત્રીઓની સભા ભરીને તે બોલ્યો, કે આપણે એ શત્રુનું સૈન્ય લઢીને હટાવવા સમર્થ નથી, માટે બુદ્ધિબળથી તેને હટાવવો જોઇએ. માટે તમે બધા વિચાર કરીને મને કહો કે આપણે શી રીતની યુક્તિ કરી હાવી શકીએ. મંત્રીઓમાંથી કોઇની બુદ્ધિ પહોંચી નહિ. તે વારે ડામર નામે એક મહા બુદ્ધિવાન સેવક હતો. તેણે કહ્યું કે હે રાજન ! તમે મને આજ્ઞા કરો તો હું એકલોજ બુદ્ધિ બળથી ભોજને પાછો હટાવું.

આ સાંભળી રાજા બહુ રાજી થયો. અને તેને હુકમ આપ્યો કે આવતી કાલે સવારે તારે સજ થવું. બીજે દિવસે સવારે મોટી સભા ભરીને તે મધ્યે ડામરને તેડાવીને ચોસટ પાનનું બીડું ને ઉંચાં વસ્ત્ર આપીને રાજા બોલ્યો, કે એકવાર ભોજે અમારૂં પરાક્રમ દીઠું છે, તેથી ફરીને અહીં આવવાનો વિચાર તે ભાગ્યેજ કરે, તોપણ બનતા સુધી તેની સાથે સંધિ થાય, તો સારૂં. પછી કેટલાંક ડગલાં ડામર ચાલ્યો એટલે ભીમે તેને કાંઈ છાનું કહેવાને તેને પાછો બોલાવ્યો. ફરીને ચાલ્યો ત્યારે બીજીવાર પણ તેને પાછો બોલાવ્યો. એમ ચાર પાંચ વાર કર્યું, તેથી ડામર ખીજવાયો, અને તે વિચારવા લાગ્યો, કે આમ પોપટની પેઠે શીખવેલા વાક્યથી કાંઇ કાર્યસિદ્ધિ થતી નથી. મારે તો ત્યાં અવસર પ્રમાણે બોલવાનું થશે. રાજાએ જે પાઠ ભણાવ્યો છે તે કાંઇ કામ આવવાનો નથી. આવો વિચાર કરે છે એટલામાં ફરીથી રાજાએ તેને પાછો બોલાવ્યો, તેથી તે વધારે ખીજવાયો, અને બોલ્યો કે હવે તો રાજા, મારી પુઠને કહ્યા કરજે. એમ કહીને તે ઉતાવળથી તેજ ઘોડા ઉપર સવાર થઈ પંથે પડયો. ડામરે આવી રીતે અપમાન કર્યું તેથી ભીમ કોપાયમાન થયો. પછી તેણે ભોજ ઉપર એક પત્ર લખ્યો તેમાં એમ લખ્યું કે ડામર તમારી પાસે આવે એટલે તરતજ તેને મારી નાંખવો. એ પત્ર એક પવન વેગી ઉંટડી હતી તેના સારવાનને સોંપ્યો. અને તેને હુકમ કર્યો કે આડ માર્ગે જઇને ડામરના પહોંચ્યા પહેલાં ભોજને તારે આપવો. બીજે દિવસે તેણે તે ભોજને આપ્યો. ભોજે તે વાંચીને વિચાર્યું કે ભીમડો મહા ચતુર છે, અને તે મારો શત્રુ છે, તેથી એના કહ્યા પ્રમાણે મારે વર્તવું ના જોઇએ માટે મારે તો ડામરને હણાવવો નહિ. આમ વિચારી પેલા ઉંટડીવાળાને પાછો વિદાય કર્યો. બે દિવસ રહી ભોજ રાજાએ ડામરને તેડાવ્યો, અને તેને કુશળતા પૂછીને કહ્યું કે તારો ભીમડો નાઇ શું કરે છે? ડામરે ઉત્તર આપ્યો, કે ઘણાનાં માથાં તેણે મૂડી નાખ્યાં છે, ને હવે જેમનાં માથાં ભીંજાયલાં છે તેમને તે મુડવા તૈયાર છે. આવી રીતે વાતચીતમાં ડામરે ભીમનાં ઘણાં વખાણ કર્યાં, તે સાંભળી ભોજ બોલ્યો કે તારે ભીમ સાથે મેળ છે કે નહિ? ડામરે જવાબ દીધો કે મારા ઉપર તો ભીમદેવ સદાય પ્રસન્ન રહે છે. ભોજે કહ્યું, તારા ઉપર જો ભીમ પ્રિતિ રાખતો હોય, તો તને મારી નાખવાનું શાસન શા માટે લખી મોકલે ડામર વિચાર કરવા લાગ્યો કે આ તે શું કહેવાય. પછી તેને યાદ આવ્યું કે નીકળતી વેળાએ મેં ભીમને ટુંકારો કર્યો હતો. તેથી ક્રોધે ભરાઇ અને મારી નંખાવવા તેણે ભોજને લખ્યું હશે; પણ મારી ખુબી ક્યારે કહેવાય

કે એક તરફ મારો પોતાનો બચાવ કરવો, ને બીજી તરફ ભીમનું કામ સુધરે તેમ કરવું. આમ વિચારીને તે બોલ્યો, હે રાજન ! અમુક કારણથી મને મારી નંખાવવા ભીમ કહે છે. ભોજ બોલ્યો કે એ કારણ તું મને કહે. તે ઉપરથી ડામરે નીચે પ્રમાણે શ્લોક કહયો.

स्वकीयं दारमाहारं सुकृतं द्रविणं गुणम्

दु:कर्म मर्म मंत्रं च परेषां न प्रकाशयेत् ॥१॥

ભોજે કહ્યું, મર્મ ઉઘાડો ન પાડવો એ ખરી વાત છે, પણ કોની આગળ તેમ ના કરવું એ તારે વિચારવાનું છે. મારી આગળ તારો ભેદ ખુલ્લો કરશે, તો તેથી તને ગેરફાયદો નહિ, પણ ફાયદો થશે. વળી એ બાબત એક અક્ષર પણ બીજા કોઇ પાસે જશે એવો—કિંચિત માત્ર તારે ભય રાખવો નહિ. આ હું વચન આપું છું. આ સાંભળી ડામરે કહ્યું,

उत्तमं प्रणिपातेन शूरभेदेन योजयेत्

नीचमल्पं प्रदानेन समतुल्यं पराक्रमे ।

પોતાથી જે ચઢીઆતો હોય તેને (રાજાઓ) નમીને વશ કરે; શૂરો હોય તેને તેના કોઇ માણસને ફોડીને વશ કરે, પોતાથી જે નીચો હોય તેને કંઇક આપીને વશ કરે અને બરોબરીઓ હોય તેને પરાક્રમથી વશ કરે; પરંતુ ભીમદેવે તો એ ચાર ઉપાયથી આગળ ડગલું ભરી નવીન યુક્તિ રચી છે. હવે આ બાબતમાં ભેદ એવો છે કે મારા જન્મ સમયે મારા બાપે જન્માક્ષર કર્યા તેમાં એક એવો દુર્યોગ આવી પડેલો હતો, તેનું ફળ એવું બતાવ્યું કે ડામરનું જ્યાં લોહી પડે ત્યાં બાર વર્ષ પર્યંત દુકાળ પડે. મારો પિતા નામાંકિત જોશી હતો અને તેનું ભાખેલું ભવિષ્ય સદા ખરૂં પડતું, એવો રાજાનો અનુભવ હોવાથી તેમણે આ ઉપાય રચ્યો. હું તો મારા સ્વામીના હિત અર્થે મારૂં શિર આપવા તૈયાર છું. મને ભીમ હણાવે છે તેથી તેને કંઈ પણ હાનિ થનાર નથી. મારા જેવા તો એના હજારો દૂત છે. કાનખજુરાનો એક પગ ભાગ્યો તો શું અને ન ભાગ્યો તો શું ? ભોજ આ વાત સાંભળી દિગમૂઢ બની ગયો. તેણે ધાર્યું કે ભીમ મહાચતુર છે. તેથી ખરે એણે આ મહાબારત પ્રપંચ રચ્યો છે. શત્રુના કહ્યા પ્રમાણે હું શું કરવા વર્તું ? સારૂં થયું જે મેં એને કારણ પૂછ્યું. એમને એમ જો હું એને મારી નાખત તો મોટો અનર્થ થાત. પછી ડામરે ભોજને કહ્યું, મને મારવામાં આપ અપકારી નહિ, કેમકે પોતાના સ્વામીના ભલા માટે પ્રાણ અર્પણ કરવાનો પ્રસંગ કાંઇ ઘડીએ ઘડીએ આવતો નથી. ભોજે કહ્યું એવું હું કદી કરનાર

નથી. ડામર હવે તું ઉતારે જા. તારે નિર્ભય થઇને સદા મારી પાસે રહેવું. પછી ડામર ઉતારે ગયો.

એ ત્રણ દિવસે ભોજરાજાએ ગુજરાત જીતવા તૈયારી કરી. ભોજરાજા ભભકાદાર હાથી ઉપર બિરાજી રહ્યો છે. માથા ઉપર સફેદ છત્ર ધરેલું છે. વિવિધ પ્રકારનાં વાજાં વાગી રહ્યાં છે, પ્રધાનો અને તાબા તળેના રાજાઓ પાછળ ચાલ્યા જાય છે. એવા ઠાઠથી જાણે માળવાથી ગુજરાત ભણી નર્મદાનું પૂર ચાલે એમ ભોજની ફોજ ધસારાબંધ ચાલી જાય છે, ધારાનગરીથી ચાર યોજન (સોળ ગાઉ) દૂર જઇને લશ્કરે વિશ્રામ કર્યો. પચરંગી તંબુઓ ઠેકાણે ઠેકાણે તાણવામાં આવ્યા, કેટલાક પ્રવાસીઓ આ લશ્કર જોઇને પાટણમાં સમાચાર લાવ્યા. તેથી ગુર્જર દેશમાં બહુ ગભરાટ ફેલાયો. પાછળથી બીજું કેટલુંક લશ્કર આવવાનું હતું તેથી રાજાએ બે દિવસનો મુકામ કરાવ્યો. ડામરે મનમાં વિચાર્યું કે મને કાંઈ તક મળે તો રાજાનો વિચાર ફેરવું અને બીજી દિશાએ એમને દોરી જાઉં. રાજા મારી બુદ્ધિ માટે સારો મત ધરાવે છે, પણ પ્રસંગ વિનાનું બોલવું વઝન વિનાનું થઇ પડશે. સંજોગ એવો બન્યો કે એને ઉમદા પ્રસંગ હાથ આવ્યો. ભોગ જોગે એ સમયે ગૌડ દેશના નાટક કરનારાઓ આવી ચઢ્યા. અને તેમણે પોતાનો ખેલ જોવા રાજાને વિનંતિ કરી. અને તેણે તે સ્વીકારી. પહેલો વેશ તૈલપદેવ (કર્ણાટકનો રાજા) નો કાઢ્યો અને તેની જોડે રાજાના કાકા મુંજનો વેશ કાઢ્યો. આ તમાશો જોઈ તૈલપદેવે મુંજના કેવા બુરા હાલ કરી મારી નાખ્યો હતો, અને તેના શબને કેવું અપમાન આપ્યું હતું, તે સાંભરી આવ્યું. ડામર ચેત્યો કે આ તક સોના જેવી છે; તેણે રાજાનો ક્રોધ વધે તેવું ભાષણ કર્યું, અને બીજા સભાજનોએ તેને ટેકો આપ્યો. મુંજને તૈલપદેવે કાઠના પાંજરામાં ઘાલ્યો. તેને ખાવા અનાજ સુદ્ધાં આપ્યું નહિ. ભીખ મંગાવી અને છેવટ માથું કાપીને થાંભલે ચોડ્યું. એ બધું વર્ણન એક સભાસદે કર્યું, તેથી રાજાના ક્રોધમાં અતિશય વૃદ્ધિ થઇ. વળી કોઇએ કહ્યું કે હજુ દરરોજ એ મસ્તક ઉપર દહિનો લેપ થાય છે ત્યારે તો કોપની જ્વાળા શિખર સુધી પહોંચી. તાબડતોબ હુકમ આપ્યો કે ગુજરાતને બદલે કર્ણાટક ઉપર હલ્લો લેઇ જવો. આવી રીતે ભોજની સેના કર્ણાટક દેશ ભણી ચાલી—તૈલપદેવને ખબર મળી કે ભોજ લડવા આવે છે તેથી તે પણ પોતાનું તમામ લશ્કર લેઇ ભોજ સામો યુદ્ધ કરવા આવ્યો. બન્ને લશ્કર ભેગાં થયાં. લડાઇ ખૂબ ચાલી તેમાં અંતે તૈલપ હાર્યો. અને

પોતાની રાજનગરીમાં જઇ ભરાઇ બેઠો. ભોજે તે શહેર ઉપર ઘેરો ઘાલ્યો. આ સમયે ડામરે કલાઇવના જેવું પણ કંઇક ઓછું નિંદ્યયુક્ત કાવતરું રચ્યું. તેણે એક કૃત્રિમ કાગળ લખી કાઢયો. તેમાં જાણે ભીમે ડામર ઉપર લખ્યું હોય કે અમે ધારાનગરી ઉપર ચઢાઈ કરવાના છીએ માટે તમારે એકદમ અહીં આવી અમને મળવું એવી મતલબ દાખલ કરી. આ પત્ર લેઇને ભોજરાજા દેખે તેવી રીતે એક બાજુએ જઇ બહુ ધ્યાનથી તે કાગળ મનમાં વાચવા લાગ્યો. આવી રીતે તેને કાગળમાં તલ્લીન થઇ ગયલો જોઇ પુછયું કે ડામર એ ક્યારનો શું લઇ બેઠો છે? તેણે જવાબ દીધો કે ભીમે મોકલેલો કાગળ છે. આમાં ચિંતાજનક સમાચાર છે. હું ક્યારનો એ સંબંધી વિચાર કરું છું. આપ વાંચી જુઓ તો બધું સમજાશે. ભોજે જ્યારે એ પત્ર વાંચ્યો ત્યારે એને મનમાં ભય ઉપજ્યો કે, મારું રાજ્યનગર બચાવ વિનાનું છે. કેમકે લગભગ તમામ સૈન્ય હું અહીં લાવ્યો છું. ભીમ ચઢાઇ કરશે તો સહેલાઇથી જીતી શકશે. આતો "બકરું કાઢતાં ઊંટ પેસે" તેવું છે. આપણે પોતાનો મુલક ખોઈ બેસીશું. થોડો વખત વિચાર કરી ડામરને કહ્યું કે મારો વિચાર તો એમ થાય છે કે તૈલપદેવને જીતવો તેના કરતાં માળવો રાખવો એ મુનાસબ છે. તું તિવ્ર બુદ્ધિવાળો છે માટે ખચિત કંઇક માર્ગ બતાવી શકશે. ડામરને તો ભાવતું હતું અને વૈદે બતાવ્યું તેમ થયું. તેણે કહ્યું કે નગરને ઘેરો ઘાલ્યા પછી હવે આપ પાછા ફરો તો સૌ કહેશે કે ભય પામી ભોજ નાઠો, આથી આપણી બહુ અપ-કીર્તિ થશે. આપ જાણો છો કે પેલી ઉજળી પીળી વસ્તુમાં ચમત્કારિક ગુણ છે. માટે દામ ઉપાયથી ભીમદેવ સંતોષ પામશે. રાજાએ કહ્યું, જો ધન આપવાથી કાર્ય સિદ્ધ થશે, એમ તમારી ખાતરી થતી હોય તો ટાઢે પાણીએ ખસ જવા સરખું થશે. ધન આપતાં લાજ રહેતી હોય તો પછી જોઇએ શું? લે તને ત્રણ લાખ ટંકા ને બસેં ઘોડા આપું છું. યુકિતથી ભીમનું મન મનાવશે તો મારા ઉપર ઉપકાર થશે. ડામરે કહ્યું આપ નિશ્ચિંત રહેશો. મને એ કળા બરાબર આવડે છે. પાટણ થોડે છેટે રહ્યું ત્યારે તેણે ભીમને કહેવ-રાવ્યું કે ભોજને ગુજરાત બહારથી પાછો વાળી, તેની પાસેથી દંડ લેઇને આવ્યો છું. ભીમ તો આ સંદેશો સાંભળી આનંદાશ્ચર્ય પામ્યો; અને આવા બે મહાભારત કામ શી રીતે ડામર બજાવી શકયો તે સમજવું તેને મુશ્કેલ થઇ પડયું. તેણે વાજતે ગાજતે ડામરને નગરમાં પ્રવેશ કરાવ્યો. તેણે ત્રણ લાખ ટંકા તથા બસેં ઘોડા ભીમને અર્પણ કરી ભીમને પ્રણામ કર્યા, અને કહ્યું કે આ લ્યો, ભોજે આપને દંડ મોકલ્યો છે. ભીમે કહ્યું તેં શી કળા વાપરી, ભોજને બીજી ગમ દોરી ગયો. અને વળી દંડ કેમ કરી

લાવ્યો તે કહે. પછી ડામરે બધી વાત માંડીને કહી. પ્રથમ જે ડામરે ટુંકારો કર્યો હતો તથા ભીમે મારી નંખાવવા તજવીજ કરી હતી તે સંબંધી પરસ્પર ખુલાસા થયા. છેવટે ભીમે કહ્યું તેં બહે મને ટુંકારો કર્યો. "દુધાળી ગાયકી દો લાતેં ભી ભલી" આ તેં દેશની સેવા બજાવી અને મારા ઉપર મર્ણ પર્યંત નહિ ભુલાય તેવો આભાર કર્યો છે. ધન્ય છે તારી બુદ્ધિને એમ કહી એક લાખ ટંકા તેને દક્ષિણા આપી.

આ વાત ઉપરથી રાજ્ય પ્રકરણની ઘણીક બાબતો જાણી શકાય છે. ડામરની ચતુરાઇ ઘણી વખાણવા યોગ્ય છે, પણ તેણે બનાવટી કાગળ તૈયાર કરી પોતાના સ્વામીને તે માંથી લાભ પહોંચાડવા અર્થે ભોજને બતાવ્યો. એ કાર્ય ઘટિત નહિ કહેવાય. અપમાનની અસરથી રાજાઓ કેવું સહસા કામ કરી દે છે તે ભીમે લખેલા કાગળ ઉપરથી સ્પષ્ટ માલુમ પડે છે. પોતાના જીવનો બચાવ કરવા ડામરે અસત્ય બોલી યુકિત કરી તેમાં તો એનો દોષ કાઢવા જેવો નથી.

યોગ્ય કામ—ચાકરને યોગ્ય કામ સોંપવું જોઇએ એટલે કે જેને ચોકી કરવા કે ગાડી હાંકવા રાખ્યો હોય, તેને ઝાડુ કહાડવાનું કે નાના બચ્ચાંઓને સાચવવાનું ઇત્યાદિ સોંપવું નહિ. કેટલાક શેઠો હલકા પગારના ચાકરને દરેક બાબતમાં પોતાનો સલાહકાર બનાવે છે. આમ થવાથી ચાકર છકી જાય છે અને અણઘટતી છુટ લે છે એથી ઉલટી રીતે કેટલાક શેઠો પોતાના ચાકરની જોડે હુકમ સિવાય કંઇપણ વાતચિત કરતા નથી. ફલાણી ચીજ લેઇ આવ અથવા માણસને બોલાવી લાવ, એવી આજ્ઞા કર્યા ઉપરાંત કાંઇપણ તેની જોડે બોલવું પોતાના દરજાથી ઉતરતું સમજે છે. આ પણ એક ભૂલ છે. મિસ્તર બેનર્સન નામનો એક અંગ્રેજ મુસાફર એક ચાકરને જોડે લઈ પુર્વ તરફ લાંબી મુસાફરીએ ગયો ત્યાંથી જે દહાડે પાછો સ્વદેશ આવ્યો, તેજ દહાડે પેલા ચાકરે કહ્યું કે હવે હું નોકરીમાંથી રજા માગું છું. મી. બેનસને કહ્યું તું પોતાનું કામ બહુ સારી રીતે બજાવે છે, અને કામ કરવાને શકિતવાન છે તો પછી નોકરી છોડી દેવાની ઇચ્છા રાખે છે તેનું કારણ શું ? ચાકરે જવાબ દીધો કે હું આટલા આટલા મહિના સુધી પ્રવાસમાં આપની જોડે રહ્યો પણ એકે વખત હુકમ કરવા સિવાય કોઇપણ જાતની વાતચિત મારી જોડે આપે કરી નથી. મને કોઇપણ રીતનું દુઃખ આપે આપ્યું નથી, તેમ કોઇવાર ધમકાવ્યો

નથી, પરંતુ બિલકુલ મારી જોડે વાતચિત ન કરો એ હું સહન કરી શકતો નથી તેથી આ નોકરી છોડી દેઉં છું.

આ પ્રમાણિક ચાકરો અનેક રીતે પૈસા ખાઇ જાય છે. બરાબર તપાસ ન રાખી હોય તો બજારમાંથી સોદો લેવા જાય તેમાંથી પૈસા ઉડાવી લે છે; અથવા અનાજ કે એવી કોઇ ખાવાની ચીજ હોય તો તેનો કેટલોક ભાગ પોતાને ઘેર પહોંચાડી બાકીનો લઇ આવે છે. જેઓ સારા દરજ્જાના અમલદારને ત્યાં નોકરીમાં હોય છે તેમને પોતાનું ઘર ભરવા અધિક રસ્તા ખૂલ્લા હોય છે. અરજદારોની અરજને ટેકો આપવો, મુલાકાત કરાવી આપવી, ઇત્યાદિ.

નોકરીમાં રાખતી વેળા પ્રમાણિકપણાની પરિક્ષા તરીકે ચાકરની નજર પડે તેવે ઠેકાણે પાવલી કે અડધો રાખી તે ગુપચૂપ લઇ લે છે કે નહિ તે જોવાની રીત સારી છે પરંતુ એકજવારની પરીક્ષા બસ નથી. બે ત્રણવાર એમ કરવું જોઇએ, કેમકે પાકો ચોર હોય તે પ્રમાણિકપણામાં ખપવા પહેલી-વારનો સિક્કો આપી દેશે.

એક અમલદારને ત્યાં એક માણસ રસોઈઆની જગાએ નોકરીમાં રહ્યો. તે વખતે તેણે એવું જાહેર કર્યું કે હું દૂધ મુદ્દલ ખાતો નથી. બે ત્રણ મહિના કેડે હમેશના કરતાં બાણામાં દૂધ ઓછું આવવા માંડ્યું. બે ત્રણ મહિનાના અનુભવ ઉપરથી અમલદારને તો ખાતરી થઇ હતી કે એ રસોઇઓ દૂધ ખાતો નથી તેથી ધાર્યું કે ઉનું કરતાં દૂધ ઢોળાયું હશે અથવા તો વેચનાર ઓછું આપ્યું હશે પણ રસોઇઆ ઉપર બીલકુલ શક આવ્યો નહિ. પાંચ છ માસ વીત્યા પછી એક દહાડો સવારના પહોરમાં અકસ્માત તે રસોડા પાસેથી જતાં છુપી રીતે દુધ પીતો રસોઇયાને દીઠો ત્યારેજ તેણે જાણ્યું કે પ્રથમથી રસોઇયાએ કહ્યું હતું તે પાકી ડગાઇ હતી, અર્થાત તેણે પાણી પહેલાં પાળ બાંધી લીધી હતી.

જે ચાકર શેઠના અવગુણ શેઠાણી આગળ કહે અને શેઠાણીના શેઠ આગળ કહે તેને ત્યાંથી શ્રીફળ આપવું જોઇએ.

ચાકરોની સુસ્તી, ભુલ તથા અજ્ઞાનના ઉદાહરણ.

આરંભમાં જે ત્રણ પ્રકારના ચાકરો કહેલા છે તેમાંથી પીરવર્ગનું ઉદાહરણ.

એક શેઠે ચાકરને કહ્યું, કે જા આપણા હકીમને તેડી લાવ. ચાકરે કહ્યું આ વખતે તે ઘરમાં ક્યાંથી હોય ? શેઠે કહ્યું હું સારી રીતે જાણું છું. એનો ઘરમાં રહેવાનો ખરો વખત એજ છે " પણ શેઠ તે ખરૂં હોય તો પણ આવા તડકામાં આવે કે ન આવે, " " નહીં કેમ આવે તું બહાના મુકી દે, જલદી જા " " કદી આવે તો પણ ફાયદો થાય કે ન થાય " " એ તારે જવાબ આપવાનો નથી, બડો સુરત દેખાય છે, તને કહ્યું તે પ્રમાણે જલદી જા. " આમ કહ્યાં છતાં ચાકરના ઉઠયાના ચિન્હ જણાયાં નહિ તેથી શેઠે કહ્યું " લે ત્યારે લેતો જા " એમ કહી કકડતી એક લપડાક ચોડી ત્યારેજ ઉઠયો અને એ ચૌદમા રતનની અસર એવી થઇ કે શેઠે ધાર્યું હતું તે કરતાં પણ બહુ વહેલો હકીમને તેડી લાવ્યો.

૨. એક અમલદારને માંદગી વખતે અન્ન પાચન થઇ શકતું નહોતું, કાંજી પણ તે જીરવી શકતો નહોતો. ડાકટરે સલાહ આપી કે કાંજીની અંદર બરફ નાંખી પીવાથી તે જઠરમાં રહી શકશે. બરફ ત્યાં મળી શકતો નહીં તેથી છેટે શહેરમાંથી છ રતલ મંગાવ્યો અને તેમાંથી પીગળી જતાં બાકી માત્ર બે રતલનો કકડો રહ્યો હતો. શેઠે ડાકટરની જોડે વાત કરી હતી તે બબરચીએ બધી સાંભળી લીધી. વખત ઉપર કાંજી હાજર કરી, શેઠે કહ્યું " બરફ સાફ કરી પા રતલનો કકડો લેઇ આવ " " સાહેબ મેં કાચું કામ રાખ્યું નથી. મેં તો પ્રથમથી બરફને ખુબ સાફ કરી કાંજીમાં નાંખી, સારી પેઠે ઉકાળ્યો છે અને તેમ કર્યા પછીજ આપની પાસે લાવ્યો છું. મોટો ગાંગડો હતો તે આખો માંહે નાંખ્યો છે તેથી કાંજી આપને જલદી પચી જશે. અમલદાર શાંત સ્વભાવનો હતો તેથી તેણે માત્ર એટલુંજ કહ્યું કે "ધન્ય છે તારી બુદ્ધિને, મને ફરી તું આજનો દહાડો પણ ભૂખ્યો રાખીશ."

તીરવર્ગનું ઉદાહરણ.

૩. શેઠે ચાકરને કહ્યું કે જા હજામને તેડી લાવ. ચાકર તેજ વખતે દોડતો ગયો. પણ પા કલાક પછી પાછો આવ્યો અને પૂછયું કે પેટી પણ સાથે

જોઇએ કે એમને એમ તેડી લાવું. શેઠે કહ્યું આજે હજામનો વારો છે તે તને ખબર નથી? એ બાબત કદાપી તારા ધ્યાનમાં ન રહી તો પણ તે થેલી સાથે આવત, અને થેલીની જરૂર ન હોત તો તે બાજુએ મૂકત તેમાં પૂછવાનું શું હતું? "હા, હા, હું ભૂલ્યો" એમ કહી ફરી દોડતો ગયો. પા કલાક પછી પાછું કંઇ યાદ આવ્યાથી હાંફતો હાંફતો આવીને પૂછવા લાગ્યો કે મુસલમાન હજામને લાવું કે હિંદુને? શેઠને બહું ચીડ ચઢી અને કહ્યું કે જલદી મળી શકે તેને તેડી લાવ પણ ફરી કંઇ પૂછવા આવ્યો તો વગર અસ્ત્રે તારૂં માથું લાલ રંગાશે ત્યારે તારો છૂટકારો થશે. હજુ પણ સંભારી જો કંઇ પૂછવાનું હોય તો હમણાજ પૂછ. આ સાંભળીને તે ડરતો ડરતો ગયો. પણ રસ્તામાં એને વિચાર થયો કે વાળંદ જવાન તેડી જાઉં કે બુઢો એ પ્રશ્ન તો મેં પૂછ્યો નહિ તેથી પૂછી આવું. થોડુંકજ ચાલ્યા પછી તેને યાદ આવ્યું કે જઇશ તો માથું રંગાશે, માટે પેલો હજામ જાય છે તેનેજ તેડી જાઉં, સીત્તેર વર્ષનો છે તેથી સારી રીતે ઘડાયલો છે માટે એ ઠીક પડશે. શેઠે ઠપકો દીધો કે આ બુઢો બબ્બ કેમ બરાબર હજામત કરી શકશે? "શેઠ, મને તો એ શંકા રસ્તામાં થઇ હતી પણ ફરી પૂછવા આવવા તમે ના પાડી હતી અને માથું રંગાઇ જાય તો બચડી ઘરમાં પેસવા ન દે, તેથીજ ફરી પુછવા આવ્યો નહીં."

હીરને ટક્કર મારનાર. એક વેપારીને ત્યાં હીરો કરીને ચાકર હતો. અક્કલનો ઓથમીર મંગાવ્યાં મરચાં ને લાવ્યો કોથમીર' એ કહેવતને અનુસરી તે પોતાનું કામ બજાવતો હતો. એવો જડભરત હતો કે દહાડામાં દોઢસો ભૂલો કરતો, પરંતુ શિખામણ યાદ રાખવામાં તે ખબરદાર હતો. નોકરી રહ્યો તે વેળા એના બાપે કહ્યું હતું કે જો બેટા, ડાહ્યો થઇ બરાબર કામ કરજે. વળી કહ્યું કામ તો કૂતરું પણ કરે. પણ કહ્યા વિના પોતાની સમજણથી કરીએ તેજ સાચી સેવા કહેવાય. શેઠ બહુ દયાળુ હોવાથી તેને નિભાવવા ખાતર બહુ સહેલું કામ અને જેમાં ભૂલ પડવાનો સંભવ બહુ ઓછો રહે તેવાંજ કામો તેને બતાવતો. જેમકે ફલાણાને કાગળ આપી આવ, ફલાણાને ત્યાં ઉઘરાણીના પૈસા છે તે લેઈ આવ. જેની પાસેથી પૈસા લાવવાના હોય તેનું નામ કદાચ તે ભૂલી જાય માટે નામ ઠામ રકમ તેને કાગળમાં લખી આપતો. એક કરતાં વધારે ઉઘરાણી હોય ત્યારે જુદી જુદી થેલીઓ, નામની ચીઠી સહિત. આપતો. શેઠ ભાવનગરમાં રહેતો હતો અને ઘોઘાની જોડે લેવડદેવડ બહુ હતું. એક વેળા રાતે શેઠે પોતાના ગુમાસ્તાને કહ્યું કે આવતી કાલે હીરાને ઘોઘે મોકલવો છે માટે

તું કાલે સવારમાં મને યાદ આપજે. ગુમાસ્તાએ કહ્યું "ઠીક." હવે આ વાત મેડા ઉપર થઇ તે હીરાએ સાંભળી લીધી કેમકે કાન તો સાબુત હતા; પણ માત્ર એનું ઉપરનું કાતરિયું મોભ વિનાનું હતું, વધારે વાંધો નહોતો. પોતાના શેઠનાં વચન સાંભળી બાપની આપેલી શિખામણ તેને સાંભળી બાપની આપેલી શિખામણ તેને સાંભરી તેથી મનમાં બોલ્યો કે હું તો ખરો કે શેઠના કહ્યા પ્રહેલાં ઘોઘે જઇ આવું. મળસકે ઉઠી ઘોઘાને સ્પર્શ કરી આવ્યો અને સવારના આઠ વાગતાં પાછો આવ્યો. રાજી થતો થતો જશ લેવા ઉતાવળે જઇ શેઠને કહ્યું કે હું તો ઘોઘે જઇ આવ્યો. શેઠે પુછ્યું "શા માટે તું ગયો અને ત્યાં જઇ શું કરી આવ્યો?" હીરાએ કહ્યું "તમે ગુમાસ્તાને નોહોતું કહ્યું કે હીરાને ઘોઘે મોકલવો છે? તમો કહો પછી જાઉં તેમાં કંઇ હુશિયારી ગણાય?" અરે મૂર્ખ, તને જે કામે મોકલવો હતો તે તું પુછ્યા વિના ગયો એ શા ખપનું? એટલો તને વિચાર નહિ આવ્યો? તે દહાડાથી નકામો ફેરો ખાનારને હીરાની ઉપમા અપાતી ચાલી "હીરો ઘોઘે જઈ આવ્યો."

૪ મેં એક વખત મારા મુસલમાન પટ્ટાવાળાને કહ્યું કે "ઓફીસ-મેં સે દવાત લાઓ" તે જઇને પેનસિલ લેઇ આવ્યો, મેં કહ્યું "તેરેકો દવાત લાનેકા કહા ઔર યહ તું કયા લાયા"? "સાબ મેં ભૂલ ગયા, અભી લાતા હું" બીજીવાર જઇને હોલ્ડર લેઇ આવ્યો, મેં એને કહ્યું કે દવાત શબ્દ તું સમજતો નથી ત્યારે પૂછ । કેમ નથી? જ્યારે તેને કહેવામાં આવ્યું કે જે ચીજને ગુજરાતીમાં ખડીઓ કહે છે તે લેઇ આવ ત્યારેજ ખરી વસ્તુ લવ્યો. આ ઉદાહરણ અજ્ઞાનતાનું તેમજ તે સંતાડવા સંબંધી છે.

ગુજરાતના થોડાજ ચાકરો શુદ્ધ ઉર્દુ સમજી શકે છે. ઘણા ખરા ઉર્દુ બોલવામાં ગુજરાતી શબ્દોજ વાપરે છે ફકત નામનો ખોટો ઉપયોગ કરે છે એટલુંજ નહીં પણ સર્વનામને પણ ખોટી રીતે વાપરે છે "હું કયા જાનું!" અર્થાત મૈંને બદલે ગુજરાતી હું વાપરે છે જ્યાં મયને જોઇએ ત્યાં મેં બોલે છે 'લીધી હતી' તેને મરડીમચડીને 'લીતી થી,' "ફૂટા હુઆ" તેને બદલે ફટેલા, ગુજરાતી કાદવું તે ઉપરથી, "ખાના કાઢો, કપડા ફાટ ગયા, ભૂખ લાગી હય" એવી રીતની ગંદી **હીંદી** બોલે છે.

ચોથા ચોપડીમાં સાહેબનો ચાકર **ગીતાને** બદલે ઘેટું લઇ આવ્યો તેમાં એનો બહુ દોષ જણાતો નથી કેમકે બહુધા યુરોપીઅનો 'ત'નો ઉચ્ચાર કરી

શકતા નથી. ત ને બદલે ટ બોલે છે તેથી એ 'ધેટા સમજ્યો' હોય તેમાં એની કસૂર સ્વાભાવિક રીતે થઇ જાય તેવી છે. પણ બ્રમનકે વહાંસે કહ્યું તેથી તેણે ખુલાસો પૂછ્યો હતો, વળી સાહેબે પણ વધારે સ્પષ્ટીકરણ કરવું જોઇતું હતું, કારણ કે ગીતા શબ્દ એવો સાધારણ નથી કે દરેક ચાકર તે જાણતો હશે એમ ધારી શકાય.

ભયંકર ભૂલ:—એક વેપારી મનમાં ફાંકો રાખતો હતો, કે ગમે તેવો અનાડી ચાકર હોય, તેને હું સુધારી શકું. કેટલાકોને તેણે સુધાર્યા પણ ખરા. એક જણ તેના માથાનો મળ્યો અને તેણે તેનો ગર્વ ઉતાર્યો. આ બનાવ નીચે પ્રમાણે બન્યોઃ—

પેલા વેપારીને એક ધોબીએ આવી કહ્યું કે અમારો દીકરો સોળ વરસનો થયો. પણ સોળે સાન કહેવાય છે તેમાંથી લેશ બાર—અણુ માત્ર તેનામાં જોવામાં આવતી નથી. તમે ઘણાને હુંશિયાર કર્યા છે માટે એને પણ ચાકરીમાં રાખો. અમને કંઈ પગાર જોઇતો નથી, ફક્ત પેટ બદલે રાખશો તો પાડ માનીશું. આવી નમ્ર વાણી સાંભળી શેઠે તેને રાખ્યો. બહુ મહેનતનું અને હલકી જાતનું કામ તેને સોંપવામાં આવતું, દળવાનું, ખાંડવાનું, ખાળ ધોવાનું ઇત્યાદિ. ખાંડવામાં જ્યારે બહુ મહેનત પડતી ત્યારે તે બાપડો માંહે થોડું પાણી નાંખી દેતો. પણ મહેનત સહેલી કર્યા બદલ તેના બરડા ઉપર ખાંડવાનું કામ ચાલતું. દળવામાં કોઇવાર થાકી જતો ત્યારે બાકીના દાણા જીમ વડે ભીજવી ચાવી પોતાનું વેતરું ઓછું કરતો અને જ્યારે તે વાત જાણવામાં આવતી ત્યારે તેને સોટી વડે સમજાવવામાં આવતો. કેટલીક લુચ્ચાઇ, નફટપણું, અને હઠ તેનામાં હતાં, પણ એકંદરે અક્કલની જોડે હાડવેર હતું. કોઇવાર પોતાની મહેનત ઓછી કરવાને બદલે વધારતો પણ ખરો. ખાળ ધોવામાં કોઇવાર આખું ઘર પણ ધોઇ નાંખતો. આ ધોબીપુત્ર આપણે જેને ધોબો કહીએ છીએ, તેનો એક નમુનો હતો. એક વખતે શેઠ શેઠાણીનો લાડકવાયો કીકો મળભર્યો થયો ત્યારે શેઠાણીએ પેલા અડબોથને કહ્યું કે એને ધોઇ નાંખ. ચાકરને પોતાનો નાનપણનો ધંધો યાદ આવી ગયો. તેણે વિચાર્યું કે આવું આવું કામ સોંપશે તો મારો અસલ ધંધો હું ભૂલી જઇશ નહિ. આ મૂર્ખે અધમ કામ કર્યું. પેલા કુમળા બાળકને કુવા ઉપર લઇ જઇ એક મોટા પથ્થર ઉપર સારી પેઠે ઝિંક્યો. ભયંકર પરિણામ નિપજ્યું. ધક્કા મારી શેઠે તેને કાઢી મુક્યો અને તે દહાડાથી અનઘડ ચાકરોને ઘડવાનો ધંધો તજી દીધો.

ચલ જાઉં યા ટપ જાઉં—કાઠિયાવાડ એજન્સીના એક થાણામાં જમાલભાઇ કરીને એક સિપાઇ હતો. તે વેવલો અને ભૂલકણો હતો તેથી થાણદાર તથા કારકુનોને હાસ્યરસનો અનુભવ ઠીક થતો. થાણદારે તેને એકવાર કહ્યું કે અણીયાળી ગામે જઇ ત્યાંના મુખીને તેડી લાવ. આપણો જમાલ તો ગામનું નામ સાંભળી ગભરાવા લાગ્યો. નાયકને કહ્યું કે એ નામ બહુ અવરૂં છે તેથી જરા શરતમાં રાખજે. મને તો એ યાદ રહેતું નથી, " ગામકા નામ કયા ! અનવાલીયા ! " " નહિં મિયાં એનું નામ તો અણીઆલી. " નાયક જ્યારે તેને એકાંતમાં મળ્યો ત્યારે તેની આગળ તે રડયો. અને કહયું કે એ નામ હું કેવી રીતે યાદ રાખીશ. નાયકને દયા આવી તેથી તેને એક લાકડી અણીવાળી કરી આપી અને કહયું કે રસ્તામાં તું અણીઆલી યાદ કરતો જજે. આ સોટી સામી નજર પણ રાખજે તેથી તું ભૂલીશ નહિ. "અબ મુજકે બરાબર યાદ રહેગા" એમ કહી રાજી થઇ, પેલા નામનો પાઠ કરતો ચાલ્યો. રસ્તે એક કાદવવાળો ખાડો આવ્યો ત્યારે તે સ્વગત બોલ્યો " ચલ જાઉં યા ટપ જાઉં " એણે વિચાર કર્યો કે હું ચાલીને જઇશ તો લૂગડાં બગડશે અને લાકડીનો ટેકો લઇ કૂદીશ તો લાકડી પાતળી છે તથી ભાગી જશે અને કદાચ ખાડામાં હું પણ પડીશ. ચોમેર નઝર ફેરવી, પણ સલાહ પૂછવા કોઈ માણસ નજરે આવ્યું નહિ. ઘડી ઘડી બોલતો જાય " ચલ જાઉં યા ટપ જાઉં " એમ મનન કરતાં છેવટ તેને હિમ્મત આવી. તેણે ધાર્યું કે હું સિપાઇ બચ્ચો થઇ આટલું કૂદી નહિ શકીશ ? એમાં ડર શું કામ મારે રાખવો જોઇએ ? એમ મનમાં જ્યારે દઢ નિશ્ચય થયો ત્યારે તે લાકડી ખાબોચિયા વચ્ચે ધરી કૂદયો. આ પરાક્રમમાં તે ફત્તેહમંદ થયો પણ પેલી લાકડીના કકડા થઇ ગયા. કાંઇક છાંટા ઉડયા, પણ તેથી તે ફત્તેહ નહિં પામ્યો એમ આપણે તેને અન્યાય આપીશું નહિં પરંતુ આ ખાડાએ બીજી રીતે નખોદ વાળ્યું કારણકે વચ્ચે ખાડો આવ્યો તે કારણે તેને જે સાહસ કરવાની ફરજ પડી તેથી જે લાકડી ઉપર તેણે પોતાની યાદદાશ્તનો આધાર બાંધ્યો હતો તેનો નાશ થઇ ગયો. હવે તો પ્રથમના પાઠને બદલે " ચલ જાઉં યા ટપ જાઉં " એ વાકય મોઢે ચઢયું. ભોળા સિપાઇએ એમજ ધારી લીધું કે એજ ગામનું નામ છે તેથી "ચલ જાઉં યા ટપ જાઉં " ઉચ્ચારતો ઉચ્ચારતો આગળ ચાલ્યો. વચ્ચેથી યા ઉડી ગયો અને રસ્તામાં જે માણસ તેને સામો મળે તેને પૂછતો જાય કે ચલ-જાઉં ટપ જાઉં ગામ કેટલે છેટે છે ? લોકો અચરજ પામી કહેતા કે એવું કોઈ ગામ છેજ નહિ. પાંચ છ જણે એમ કહ્યું તેથી બબડયો કે મેં તો જાનતા

હી થા અયસા અટપટા ગામ તો ઝિંદગી ભર મૈંને સુના નહિ હય. થાણુદારને મુજહે ધોકા દીઆ. આમ સમજી તે પાછો વળ્યો અને થાણુદાર પાસે ગયો. તેણે પૂછ્યું કે જે ગામ તમને જવા કહ્યું હતું ત્યાં તમે જઇ આવ્યા ? અરે તુમને તો નાહક મુજહે ચલજાઉં ટપજાઉં ગામ ભેજા. અયસા ગામ તો દુનિયાભરમેં નહિ હય. થાણુદારે કહ્યું તને તો મેં અણીઆલી ગામે મોકલ્યો હતો અને આ તું શું બકે છે ? બોલાવો નાયકને. નાયકે આવીને સિપાઇને કહ્યું " જમાલભાઇ તમે કેમ ભૂલી જાઓ છો ? તમને અણીઆલી જવા કહ્યું હતું. વળી તમને યાદ રહે તેટલા માટે સોટીની અણી કાઢી આપી હતી તે સોટી કયાં ગઇ ? "

જમાલભાઇ બોલ્યા—" હાં, હાં, અબ યાદ આયા. રસ્તેમેં ખડ્ડા આયા, મેંને બિચાર કીયા ચલ જાઉં યા ટપ જાઉં ' ફિર મેં કૂદા, લકડી ટૂટ ગઇ ઔર ' ચલજાઉં યા ટપજાઉં ' યાદ રહ ગયા "

આ સાંભળી હસાહસ થઇ રહી.

રામાએ રંગ રાખ્યો— એક ગામડાના મુસલમાન મુખી ધનવંત હતો, તેને ત્યાં એકાદ ડઝન ઢોર તથા બે ત્રણ ચાકરો પણ હતા. તેને એક દીકરી સિવાય બીજું કંઇ સંતાન નહોતું તેથી તે બહુ લાડકી હતી, તેની વય આઠ નવ વરસની હતી. શબે બરાતને દહાડે તે પગે મેંદી ચોપડી બેઠી હતી. એક તરફ આ નજરકેદથી તે કાયર થઈ ગઈ હતી પણ બીજી તરફથી પોતાના પગ લાલચોળ જોવા બહુ ઉત્સુક હતી. તેવામાં પાસે આવેલી નદીને કાંઠે ઢમ ઢમ અવાજ થયો. નદીની પેલી ગમ આવેલા ગામમાં નટ લોકો ખેલ કરવા આવ્યા હતા. આ સાંભળી તે હાથ પગ ઉછાળવા લાગી અને ત્યાં જવા તલપાપડ થઇ રહી. તેના બાપે કહ્યું કે તારે જવું હોય તો મેંદી ઉતારી જા. પરંતુ એણે તો હઠ લીધી કે હું મેંદી નહિ ઉતારૂં અને જોવા પણ જાઉં; પ્રિય પુત્રીનું મન રાજી રાખવા મુખીએ પોતાના એક ચાકરને આજ્ઞા આપી કે એને તેડી જા પણ રંગ દીકરીનો ન જાય તેની સંભાળ રાખજે. જોજે એના પગ પાણીથી ધોવાય નહિ. રામાએ કહ્યું કે હું કયાં એવો કાચો છું કે પાણી અડવા દેઉં. અધર લઇ લઇશ એમ કહી રામો તેને ઉંચકીને ચાલ્યો. નદી ઓળંગતા પ્રથમ તો થોડું પાણી હતું તેથી તેને ખભે બેસાડી રાખી. તેના પગ પેટ સુધી પહોંચતાં પણ પાણી જાનું સુધી આવ્યું ત્યાં લગણુ હરકત આવી નહિ પણ ધીમે ધીમે વધતાં લગભગ પેટ સુધી આવ્યું ત્યારે રામો વીમાસવા લાગ્યો કે

હવે કરવું કેમ ? રંગ તો રાખવો જોઇએ. આ અકકલના બારદાનને બીજું કંઈ સુઝયું નહિ તેથી પેલી બાળકીને કેડ આગળથી પકડી પગ ઉંચા કર્યા ને માથું નીચું ધર્યું. જ્યારે વાળ ને પાણીની વચ્ચે મૈત્રી થઈ ત્યારે તે મનમાં કહેવા લાગ્યો કે કંઇ હરકત નહિ. વાળ સાફ થઇ જશે. પછી તો પાણી મોં સુધી આવી લાગ્યું. તેણે ધાર્યું કે એમાં અડચણ નથી. તરસ હશે તો પાણી પીશે, નહિ કાં મ્હોં બંધ રાખશે. પાણી મોંમાં આવ્યાથી અને મસ્તક ઉંધું ધરેલું હોવાથી તે બહુ અકળાવા લાગી. અને અંતે ડચકાં ભરવા લાગી. ચોકખા દિલનો રામો સમજ્યો કે એને બહુ તરસ લાગી છે તેથી પાણી પીતી હશે; પેલી ગમ મુખીએ રજા તો આપી પણ તેના મનમાં પાછળથી અંદેશો થયો કે નદીમાં પાણી કદાપી વધારે હશે તો હરકત આવશે. આ વિચારથી તે નદી તરફ ટગર ટગર જોવા લાગ્યો. જ્યારે તેણે આકાશ તરફ પોતાની પુત્રીના પગ જોયા ત્યારે તેને પેટમાં ફાળ પડી અને બેબાકળો થઇ નદી તરફ દોડયો પણ તે પહેંચે તે પહેલાં તો તે બેભાન થઈ ગઇ હતી, અને તેની એવી સ્થિતિ થઇ ગઇ હતી કે બચવાની આશા બહુ અલ્પ રહી હતી. ચાંપતા ઉપાયો તાકીદે લેવાયાથી તે શુદ્ધિમાં આવી અને એક અઠવાડીઆ સુધી ખાટલો સેવ્યા પછી સાજી થઇ. મુખીની ધમકી અને ધક્કામુક્કીના જવાબમાં રામાએ પોતાનો બચાવ કર્યો કે મેં તો આપના કહ્યા મુજબ રંગ રાખ્યો છે. કહેવાની જરૂર નથી કે તેજ દહાડે તેને પાણીચું મળ્યું.

હઠીલા ચાકરો:—કેટલાક બુદ્ધિહિન ચાકરો તેમને કંઇ કામ કરવા કહ્યું હોય તે રીતે ન કરતાં દોઢ ડાહ્યા થઇ પોતાની મરજી પ્રમાણે કામ કરવા મંડી પડે છે. તેને પગાર શા વાસ્તે આપવામાં આવે છે તે મુદ્દાની વાત તેઓ વીસરી જાય છે. આવા સેવકો અપ્રિય લાગે છે. કહયું કામ ન કરે તે એકડા વિનાની શૂન્ય જેવો છે.

શ્લોક.

स्वाम्युक्तं यो न यतते स भृत्यो भृत्यवशकः ।
तज्जीवनमपि व्यर्थं अजागलकुचाविव ॥

ભાવાર્થ—જે ચાકર પોતાના ધણીનું કહ્યું માનવામાં કાળજી ન રાખે તેને અધમ ચાકર કહેવો અને બકરીના ગળાના આંચળની પેઠે તે નોકરનું જીવવું પણ વ્યર્થ છે.

માળાની મેર.

અમલ ચલાવવામાં યાદ રાખવા યોગ્ય વચનો.

श्लोक.

१ असंविभागी दुष्टात्मा कृतघ्नो निरपत्रपः ।
तादृग् नराधिपो लोके वर्जनीयो नराधिप ॥

ભાવાર્થ—જે રાજા પોતાને પાળવા યોગ્યને આપ્યા વિના પોતેજ ખાય છે, વળી જે નઠારા મનનો છે, અને જે કરેલા ઉપકાર જાણતો નથી, તેમ લાજ વગરનો છે તેવો રાજા લોકમાં ત્યાગ કરવાને યોગ્ય છે.

श्लोक.

२ प्रसादो निष्फलो यस्य क्रोधश्चापि निरर्थकः ।
न तं भर्तारमिच्छन्ति षण्ढपतिमिव स्त्रियः ॥

ભાવાર્થ—જે રાજાની મહેરબાનીનું કાંઇ ફળ મળતું નથી અને જેનો ક્રોધ પણ કાંઇ ફળ આપતો નથી, તેવા રાજાને (અશક્ત પતિને જેમ સ્ત્રીઓ ઇચ્છે નહીં તેમ) પ્રજા ઇચ્છતી નથી.

દોહરો.

" કયસો રાજ ચલાવનો, મેઘ શીખ સુજાત.
લે સો લગે ન લોગકો, દેસો સુખ સાક્ષાત. "

મેઘ પોતાનો સઘળો ખજાનો પૃથ્વી ઉપરથી બાષ્પ ભવન વડે લે છે. તે એવી રીતે કે કોઇને ખબર ન પડે પણ ખજાનો આપે છે ત્યારે પ્રત્યક્ષ દેખાય એવી રીતે તેમ કરે છે.

श्लोक.

३ अपण्डितो वापि सुहृत् पण्डितो वाप्यनात्मवान् ।
नापरीक्ष्य महीपाल कुर्यात् सचिवमात्मनः ॥
अमात्ये ह्यर्थलिप्सा च मन्त्ररक्षणमेव च ॥

ભાવાર્થ—ભલે પોતાનો સગો હોય તોપણ તે પંડિત છે કે વિદ્વત્તા વિનાનો છે; કેવી ચાલ છે, એ પરીક્ષા કર્યા વિના તેને રાજાએ પોતાનો પ્રધાન કરવો નહિ. કેમકે દ્રવ્યની ઇચ્છા અને વિચારતું લક્ષણ એ પ્રધાનમાંજ (રહેલું) છે. અર્થાત્ પ્રધાન સારો હોય તોજ દ્રવ્યનું ઉપાર્જન થાય અને રાજ્યના વિચાર છાના રાખી શકાય

निन्दन्तु नीतिनिपुणा यदि वा स्तुवन्तु
लक्ष्मीः समाविशतु गच्छतु वा यथेष्टम् ।
अद्यैव वा मरणमस्तु युगान्तरे वा
न्यायात्पथः प्रविचलन्ति पदं न धीराः ॥

ભાવાર્થ—નીતિમાં નિપુણ એવા પુરૂષો, સ્તુતિ કરો કિંવા નિંદા કરો, લક્ષ્મી ગમે તો પ્રાપ્ત થાઓ કિંવા (હોય તે પણ) જાઓ, (તેમજ) આજ મૃત્યુ થાઓ યાતો કાળાંતરે થાઓ, પરંતુ ધીર પુરૂષો ન્યાયના માર્ગથી એક પણ ડગલું ચળતા નથી.

કવિત.

" કેતેદેશ, કેતેગામ કેતેકામ લોકકેને
વામેંફિર, કેતેદૂર, કિતને હજુરહે.
કેતો મેરી આમદકો અંદાઝ ખરચ કેતો
રોજ ઊઠ ઇતનો બિચાર એ જરૂરહે."

" સંપ હશે તો સાંમા થશે " આ એક ટૂંકી બુદ્ધિની કાર્ય પદ્ધતિ છે. પ્રજા કિંવા તાબે તળેના માણસોને લડાવી મારવાં એમ સમજીને કે તેઓ સામા ન થાય એ સ્થૂલ દ્રષ્ટિવાળા અમલદારનું કામ છે. અંગ્રેજીમાં એને Divide & rule પોલીસી કહે છે.—

સર્વ અધિકાર સ્વહસ્ત. *Centralization.*

આ પણ એક ટૂંકી નઝરની કારભાર પદ્ધતિ છે. હાથ નીચેના અમલદારોને બોજાની જોડે કંઇક અધિકાર અપાયો હોય તો તેઓ ઉમંગથી કામ કરે છે. ભારે જોખમદારી અને સત્તા કોડીભાર પણ નહિ, એ વસમી લાગે છે.

श्लोक.

१ धार्मिकं पालनपरं, सम्यक् परपुरंजयं ।
राजानमभिमन्यन्ते प्रजापतिमिव प्रजाः ॥

ભાવાર્થ—જે ધાર્મિક અને પ્રજા પાલન કરવામાં તત્પર તથા સારી રીતે શત્રુના સૈન્યને જીતનાર એવા રાજાનેજ પ્રજાપતિની પેઠે માને છે.

श्लोक.

पर्जन्य इव भूतानामाधारः पृथिवीपतिः ।
विकलेऽपि हि पर्जन्ये जीव्यते न तु भूपतौ ॥

ભાવાર્થ—રાજા મેઘની પેઠે પ્રાણી માત્રનો આધાર છે, કદી મેઘ વિકળ હોય તો જીવાય છે, પરંતુ રાજા વિકળ (કોપાયમાન) થયો તો જીવાતું નથી.

" In a private station a life of ease & obscurity is no reproach; but a king cannot prefer ease & leisure to the painful labours of Government. He must live not for himself, but for those he governs. It is not enough to abstain from doing evil; he must exert himself to the uttermost in doing good. "

સાધારણ મનુષ્ય પોતાની ઝિંદગી પ્રખ્યાતી વિના આરામથી ગુઝારે તો તે ઠપકાને પાત્ર નહિ ગણાય, પણ રાજ્યકર્તા અમલ ચલાવવાનું વિકટ મહેનતનું કામ કોરાણે મૂકી ચેનચમનમાં દિવસ નિર્ગમન કરે તે અઘટિત કહેવાય. તેણે પોતાને માટે નહિ પણ જેમના ઉપર હકુમત ચલાવવાની છે તેમને માટે જીવતર સફળ કરવાનું છે. ભુંડું કરવાથી દૂર રહેવું એટલુંજ તેને માટે પૂરતું નથી પણ ભલું કરવામાં જેટલો બની શકે તેટલો પ્રયાસ તેણે કરવો જોઇએ.

અનુક્રમણિકા.

ત્રણે સમુદાયોમાં આવેલા વિષયો તથા . પેટા વિષયો.

કાવ્ય ભાગ સંગ્રહ.

મરા યાર બાયદ, દર અયામે ગમ;
બશાદી નયાયદ, મરાયાર કમ.

આવ હય આદર હય, હય નેનોમે નેહ;
તુલસી વા ઘર જાઇએ, જો પથ્થર બરસત મેહ.

કિયા સૈર સબ હમને, ગુલ ઝારે દુનિયા;
ગુલે દોસ્તી મેં, અજબ રંગો બુહય.

ઘાવ મટે તલવારનો, ખંજરનો પણ તેમ;
કદી ન રૂઝે કથનનો, જીવ કપાય જેમ.

યારી બદસ્ત યાર કે, બસ બીકસ અસ્ત;
હર કે મર ઉરા બજહાં યાર નીસ્ત.

ઝીન હમે નઅમત કે, દરીન આલમ અસ્ત;
હીચ એહ અઝ યારે, વફાદાર નીસ્ત.

અપની પહોંચ બિચાર કર, જબ તક કીજે દોડ;
ઇતના પાંઉ ફેલાઇએ, જીતની લંબી સોડ.

પ્રાણ ધન પ્યારાં અતી, ભલે અશ્વ ઘરબાર;
પણ હોય કદી ન પુત્ર તો, સુનો સૌ સંસાર.
કાળજાથી કડવો કપૂત, તનથી વહાલી લાજ;
દયા દાનથી ઉજળી; કુળ અજવાળાં કાજ.
બડે બડેકું દુઃખ હય, છોટેસે દુઃખ દુર;
તારે સબ ન્યારે રહે, ગ્રહે ચંદ્ર ઓર સુર.
ખુરદન બરાયે ઝીસ્તન, અસ્તો ઇબાદત;
તોમોઅતકદ ઇકે, ઝીસ્તન બરાયે ખુરદન.
અજબ જેવું, અજબ જેવું, તને લોકો બહુ ઝંખે;
મરણ દ્વારે તુ લાવે છે, છતાં લોકો તને ચાહે.
ખલક કહે આરામ ખુરસી, ક્યાં એમાં આરામ;
નથી આરામ એ ચીજમાં, નહીં છાજે એ નામ.
બાળ નામ ખુરસી તણું, કોયે મળે કરાર;
એમાં પણ દેખું દગો, કરાર નહીં આ વાર.
લાંબો થઇ પોઢું પલંગ, સુખ એમાં નિરધાર,
ન થયું સુખ પીડા અતિ, ધિક મારો અવતાર.
અમલ કેફનું નામ છે, ઉતરવો મુશ્કલ;
સુણ ખરો શરો મરદ, તેને તે છે ખેલ.
મુલ્કો મકાં ખઝાના લશ્કર હુવા તો ફિર ક્યા;
કિતને દિનો યે ગુલ થા નવાબ હય યે ખાં હૈય.
યેહ પંજહઝારીયે આલી ખાનદાન હય;
દેખાતો એક ઘડી મેં નહિ નામ ના નિશાન હય.
રૈયત રાજી રહે, રહે રાજી વળી રાજા;
ઘટે ન દેશ ગરાસ, મહિપતી રાખે માજા.
વીખ સરીખાં વચન, જીભથી કદી ન જલ્પે;
રાજા સાથે રંચ, કપટ મનમાં નવ કલ્પે.
એ ખટ ગુણ્યુ પલ પ્રધાન તો, ખોળતાં જવલ્લા જડે;
પછી કલર કાન ધરનાર તો, અનાડી લાખો આથડે.
રાજ શત્રુ સંગાથ, રાગ એક રંચ ન રાખે;
ચાડી કરમ નહિ ચિત્ત, નહિ મુખે નિંદા દાખે.
અંતરનો અભિલાખ, જગતમાં કોઇ ન જાણે;
ભૂપતી આગલ ભેદ, ઉચ્ચરતાં જરા ન આણે.

કદી કારણ વિણ રાણી કને, ક્યારે ન જાઇ અવાજને,
તે પ્રધાન નિશ્ચે તારશે, રૈયત સુદ્ધાં રાજને.
બડા બડાઇ ના કરે, બડા ન બોલે બોલ;
હીરા મુખસે ક્યું કહે, લાખ હમેરા મોલ.
માગન કંસુ આળસ કરે, તસ્કર જાય ન જાય;
ચાકર બિચારા ક્યા કરે, લુન પરાયા ખાય.
તજવા લાયક તરત છે, ચાકર જગમાં ચાર;
રોગી ચોર ને આળસુ, પ્રતિઉત્તર પઢનાર.

વિદ્વાનોએ વખાણેલાં પુસ્તકો.

નિબંધકરમાળા ભા. ૧–૩ (વિદ્યા ફુલવાડી)	કી. રૂ.	૦-૧૨-૦
ચાર ભાષાની કહેવતો.	,, ,,	૦-૧૦-૦
ત્રણ ભાષાનો ભોમિયો. (શોભિતું પૂઠું)	,, ,,	૧–૨–૦
ઇતિહાસની વાર્તાઓ	,, ,,	૦–૭–૦
કરમ કાવ્ય. (શોભિતું પૂઠું)	,, ,,	૧–૮–૦
,, સાદું પૂઠું)	,, ,,	૦-૧૪-૦

ઉપરનાં પુસ્તકો જાણીતા બુકસેલરો તેમજ કર્તા તરફથી મળશે.

કર્તાઃ—

કરમઅલી રહીમ નાનજીઆણી બી. એ.

જલુ બંગલો, કચ્છ—કેરા.